## શ્રી લઘુ જૈન

# પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ

છપાવી પ્રસિદ્ધ કરનાર:

શ્રાવિકા ચંચળબાઈ, ધ્રાંગધ્રાવાળા દફતરી **ખીમચંદભાઈ**
હીમચંદભાઈની દીકરી તરફથી—

**વકીલ હીંમતલાલ લલ્લુભાઈ શાહ.**

ઠે. ૨૬૧૦, દેવસાનો પાડો સ્વામીનારાયણના
મંદીર પાસે-**અમદાવાદ.**

વીર સંવત ૨૪૬૦ સંવત ૧૯૯૦ સને ૧૯૩૪

**મૂલ્ય : પઠન-પાઠન**

શ્રી લઘુ જૈન

# પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ

છપાવી પ્રસિદ્ધ કરનાર:
શ્રાવિકા ચંચળબાઈ, ધ્રાંગધ્રાવાળા દફતરી ખીમચંદભાઈ
હીમચંદભાઈની દીકરી તરફથી—
**વકીલ હીંમતલાલ લલ્લુભાઈ શાહ.**
ઠે. ૨૬૧૦, દેવસાનો પાડો સ્વામીનારાયણના
મંદીર પાસે-**અમદાવાદ.**

શ્રી વિરવિજય પ્રીન્ટિંગ પ્રેસમાં શાહ મણીલાલ છગનલાલે
છાપી કાળુપુર, ટંકશાળ—**અમદાવાદ.**

વીર સંવત ૨૪૬૦ સંવત ૧૯૯૦ સને ૧૯૩૪

મુલ્ય: પઠન--પાઠન

ॐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી નમઃ

# આમુખ.

શાંતમૂર્તિ બાલબ્રહ્મચારી આચાર્ય મહારાજ સાહેબજી શ્રીમાન
કમલસૂરીશ્વરેભ્યો નમઃ—

અત્યંત ઉપકારી વૃદ્ધ દીક્ષીત પ્રાતઃ સ્મરણીય શ્રીમાન્ ગુરૂણીજી મહારાજ સાહેબજી શ્રી ગુણશ્રીજી મહારાજના મુખ્ય શીષ્યા દેવશ્રીજી તથા માણેકશ્રીજી તથા નીધાનશ્રીજી તથા જામનગરવાળા હેતશ્રીજીના સદુપદેશથી આ સંગ્રહ પઠન-પાઠન અને વાંચન માટે ધ્રાંગધ્રાવાળા દફ્તરી ખીમચંદભાઈ હીમચંદભાઈના દીકરી શ્રાવિકા ચંચળબાઇએ તેમના સ્મર્ણાર્થે છપાવી પ્રસિદ્ધ કર્યો છે તો તેનો સર્વે જણ લાભ લેશે આ સંગ્રહમાં શુદ્ધિ માટે સારો પ્રયાસ કર્યા છતાં, દૃષ્ટિ દોષથી અગર યંત્રદોષથી જે કાંઈ અશુદ્ધિ રહી હોય અગર કાંઇ ભુલ થઇ ગઈ હોય તેની ક્ષમાયાચી અત્રે વિરમું છું.

| | |
|---|---|
| ૨૬૧૦, દેવસાનો પાડો | નમ્રસેવક |
| **અમદાવાદ.** | **હીંમતલાલ લલ્લુભાઈ શાહ.** |

# અનુક્રમણીકા.

## ચૈત્ય વંદનો


| અનુક્રમ. | નામ. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧. | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ચૈત્ય વંદન ... ... | ૧. |
| ૨. | શ્રી શાંતીનાથજીનું ચૈત્ય વંદન ... ... ... | ૨. |
| ૩. | શ્રી પરમેષ્ટિનું ચૈત્ય વંદન ... ... ... | ૩. |
| ૪. | શ્રી ચંદ્ર પ્રભુજીનું ચૈત્ય વંદન ... ... ... | ૩. |
| ૫. | શ્રી પાર્શ્વનાથજીનો સ્તોત્ર. ... ... ... | ૪. |
| ૬. | શ્રી નવપદ સ્વાધ્યાય ... ... ... ... | ૪. |


## સ્તવનો


| | | |
|---|---|---|
| ૭. | શ્રી પાંચ કારણનું સ્તવન. ઢાળો ૬ ... | ૫ થી ૧૨ |
| ૮. | શ્રી સમકિતનું સ્તવન ઢાળો ૭ ... ... | ૧૨ થી ૧૯ |
| ૯. | શ્રી ઋષભદેવજીનું સ્તવન ઢાળો ૬... ... | ૧૯ થી ૨૬ |
| ૧૦. | શ્રી મલ્લીનાથ જિન સ્તવન ઢાળો ૫ ... | ૨૬ થી ૩૧ |
| ૧૧. | શ્રી મહાવીર સ્વામીનું પંચ કલ્યાણકનું ત્રણ ઢાળનું સ્તવન. ... ... ... | ૩૧ થી ૩૭ |
| ૧૨. | અઠ્ઠાઈનું સ્તવન ઢાળો ૯ ... ... | ૩૭ થી ૪૫ |
| ૧૩. | શ્રી ગોડીજી પાર્શ્વનાથનું સ્તવન અર્થાત મેઘાશાના ઢાળીયા. ઢાળો. ૧૫ ... ... ... | ૪૫ થી ૬૦ |
| ૧૪. | શ્રી મહાવીર સ્વામીના સત્તાવીસ ભવનું સ્તવન ઢાળો. ૬ .. ... ... | ૬૧ થી ૬૯ |

૧૫. શ્રી મહાવીર સ્વામીના પાંચ કલ્યાણકનું બાર
ઢાળનું સ્તવન ... ... ... ૭૦ થી ૭૯
૧૬. અગીઆરસનું સ્તવન ઢાળો ૫ ... ... ૮૦ થી ૮૫
૧૭. ચોવીસ દંડકનું સ્તવન ઢાળો ૪ ... ૮૬ થી ૯૦
૧૮. શ્રી મહાવીર સ્વામીનું હાલરડું ... ... ૯૦ થી ૯૩
૧૯. શ્રી જંબુ સ્વામીના ઢાળીયા ઢાળો. ૭ ... ૯૩ થી ૯૮
૨૦. પાંચમનું સ્તવન ઢાળો ૬ ... ... ૯૮ થી ૧૦૩
૨૧. શ્રી દીવાળીનું સ્તવન ઢાળો ૧૧ ... ...૧૦૪ થી ૧૧૮


## સજઝાયો

૨૨. શ્રી કૃષ્ણ મહારાજની સજઝાય ... ... ૧૧૮ થી ૧૧૯
૨૩. શ્રી ધન્નાજીની સજઝાય... ... ... ૧૨૦ થી ૧૨૧
૨૪. સમકિતના સડસઠ બોલની સજઝાય ... ૧૨૨ થી ૧૩૨
૨૫. શ્રી વિજયશેઠ ને વિજયારાણીની સજઝાય
ઢાળો ૪ ... ... ... ... ૧૩૨ થી ૧૩૫
૨૬. શ્રી સોળ સુપનાની સજઝાય ... ... ૧૩૫ થી ૧૩૭
૨૭. શ્રી શાણા નરની સજઝાય ... ... ૧૩૭ થી ૧૩૮
૨૮. શ્રી મારગવહે ઉતાવળો એ સજઝાય ... ૧૩૮ થી ૧૩૯
૨૯. શ્રી સંસાર સ્વરૂપની સજઝાય ... ... ૧૩૯ થી ૧૪૦
૩૦. શ્રી આઠ દૃષ્ટિની સજઝાય ઢાળો ... ... ૧૪૧ થી ૧૪૮
૩૧. ધનાશાની સજઝાય ... ... ...
૩૨. કૃષ્ણ મહારાજની સજઝાય ... ...
૩૩. ગૌતમ સ્વામીનો રાસ. ... ... ... ૧૪૯ થી ૧૫૭
૩૪ શ્રી શાંતીનાથ સ્વામીનો છંદ ... ...૧૫૮ થી ૧૫૯
૩૫. શુદ્ધિ પત્રક ... ... ... ... ...૧૬૦



વૃદ્ધ દીક્ષીત

શ્રીગુણશ્રીજી મહારાજ



શ્રાવિકા ચંચળબાઈ, ખીમચંદ હેમચંદ દફતરી,
ધ્રાંગધ્રાવાળાનાં દીકરી, જેમણે શ્રી ગુણશ્રીજી
મહારાજના શિષ્યા સાધ્વી શ્રી હેતશ્રીજી
મહારાજના સદુપદેશથી આ લઘુ
સ્તવનાદી સંગ્રહ છપાવ્યો છે.

## શ્રી લઘુ જૈન

# પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ.

### શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ચૈત્યવંદન

સેવો પાસ શંખેશ્વરો! મન શુદ્ધે, નમો નાથ નિશ્ચે કરી એક બુદ્ધે; દેવી દેવલાં અન્યને શું નમો છો? અહો ભવ્ય લોકો ભુલાં કાં ભમો છો? ॥૧॥ ત્રિલોકના નાથને શું તજો છો?, પડયા પાશમાં ભૂતને કાં ભજો છો?; [૧]સુરધેનુ છંડી [૨]અજા શું અજો છો?, મહાપંથ: મુકી કુપંથે [૩]વ્રજો છો. ॥૨॥ તજે કોણ ચિંતામણિ કાચ માટે?, ગ્રહે કોણ [૪]રાસભને હસ્તિ સાટે?; સુરદ્રુમ ઉપાડી કોણ આક [૫]વાવે?, મહામૂઢ તે આકુલા અંત પાવે ॥૩॥ કીહાં કાંકરો ને કીહાં મેરૂશૃંગં, કીહાં કેસરા ને કીહાં તે કુરંગં?; કીહાં વિશ્વનાથં કીહાં અન્ય દેવા?, કરો એક ચિત્તે પ્રભુ પાસ સેવા ॥૪॥ પૂજો દેવી પ્રભાવતી પ્રાણનાથ, સહુ જીવને જે કરે છે સનાથ; મહા તત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે, તેનાં દુ:ખ દારિદ્ર દૂરે પલાવે. ॥૫॥ પામી માનુષત્વ વૃથા

---

૧ કામધેનુ. ૨ બકરી. ૩ ચાલો છો. ૪. ગધેડાને. ૫ કલ્પવૃક્ષ ઉખેડી આંકડો કોણ વાવે?

કાં ગમો છો ?, કુશીલે કરી દેહને કાં દમો છો ?; નહીં મુકિતવાસ વિના વીતરાગં, ભજો ભગવંત તજો દ્રષ્ટિ રાગં ॥૬॥ ઉદયરત્ન ભાખે સદા હેત આણી, દયાભાવ કીજે પ્રભુ દાસ જાણી; આજ માહરે મોતીડે મેહ વુઠયા, પ્રભુ પાસ શંખેશ્વરા આપ તુઠયા ॥૭॥

## ॥ શ્રી શાંતિનાથ ચૈત્યવંદન ॥

નાના વિચિત્રં ભવ દુઃખરાસી ॥ નાના પ્રકારં મોહાંધ્ર પાસિ ॥ પાપાણિ દોષાણિ હરંતિ દેવા ॥ જે જન્મ સરણું તવ શાંતિનાથ ॥ ૧ ॥ સંસાર મધ્યે મિથ્યાત્વ ચિંતા ॥ મિથ્યાત્વમધ્યેકર્માનિબંધે । તેબંધછિદંતિ દેવાધિ દેવા ॥ જે૦ ॥ ૨ ॥ કામસક્રોધમાયાવિલોભં । ચતૂઃ કષાયંઇહ જીવબંધૂ ॥ તેબંધ છિદંતિ દેવાધિ દેવા ॥ જે૦ ॥ ૩ ॥ જાતસ્ય મરણું ભુતસ્ય વચનં । વૈ જન્મ શાંતિ બહુજીવ દુઃખં । તે દુઃખ છિદંતિ દેવાધિદેવા ॥ જે૦ ॥ ૪ ॥ ચારિત્રહિનો નર જન્મ મધ્યે । સમ્યકત્વ રત્ન પ્રતિપાલયાંતિ ॥ તે જીવ સિજ્યંતિ દેવાધિદેવા ॥ જે૦ ॥ ૫ ॥ મૃદુવાકય હિને કઠિનસ્ય ચિત્તે । પરજીવનંદે મનસાચબંધે ॥ તે બંધછિદંતિ દેવાધિદેવા ॥ જે૦ ॥૬॥ પરદ્રવ્ય ચોરીપરદાર સેવા । હિંસાનિ કાંક્ષાનિ અનિવૃત્ત બંધ । તે બંધછિદંતિદેવાધિદેવા ॥ જે૦ ॥૭॥ પુત્રાણિ મિત્ર કલત્રાણિ બંધા ॥ બહુબંધ મધ્યે ઈહજીવ બંધં ॥ તેબંધ-

છિદંતિદેવાધિદેવા ॥ જે૦ ॥૮॥ જપતિ પઠતિ નિત્યં । શાંતિ-
નાથાદિશ્રુદ્ધં ॥ સ્તવન મધુર રાચા પાપતાપાપહારં ॥ શિવ
સુખ નિધિપોતઃ ॥ સર્વ સત્વાનુ કંપં ॥ કૃત મુનિ ગુણ
ભદ્રં । ભદ્રકાર્યેંસુનિત્યં ॥ ૯ ॥ ઇતિ શાંતિ સ્તવ.

॥ ૐ પરમેષ્ટિ નમસ્કારં । સારં નવપદાત્મકં । આત્મ
રક્ષા કરંવજ્ર । પંજરાભ્ય સ્મરામ્યહં । ૧ । ૐ નમો
અરિહંતાણં ॥ શિરસ્કં શિરસ્થિતં । ૐ નમો સિદ્ધાણં ।
મુખે મુખ પટંવરં । ૨ । ૐ નમો આયરિયાણં । અંગ
રક્ષાતિ શાપિનિ । ૐ નમો ઉવઝાયાણં । આયુધંહસ્તયો
ર્દૃઢં । ૩ । ૐ નમો લોએસવ્વ સાહૂણં । મોચકેપાદયોઃ
શ્રભે । એસોપંચનમુક્કારો । શિલાવજ્ર મયંતલે । ૪ ।
સવ્વ પાવપણાસણો । વપ્રોવજ્ર મયોવહિઃ । મંગલાણંચ
સવ્વેસિં । ખાદિ રાંગાર ખાતિકા । ૫ । સ્વાહા તંચપદં
જ્ઞેયં । પઢમંહવઇ મંગલં । વપ્રો પરિવજ્રમયં। પ્રધાનદેહ
રક્ષણે । ૬ । મહા પ્રભાવા રક્ષેયં । ક્ષુદ્રોપદ્રવનાશિનિ ।
પરમેષ્ટી પદોદ્ભૂતા । કથિતા પૂર્વસૂરિભિઃ ॥ ૭ ॥ યશ્ચૈવં
કુરૂતે રક્ષાં । પરમેષ્ટિ પદૈઃ સદા । તસ્યનસ્યાદ્ભયં વ્યાધિ ।
રાધિશ્ચાપિ કદાચનઃ ॥ ૮ ॥ ઈતિશ્રી પંચપરમેષ્ટિ પદૈઃ
રક્ષા સ્તોત્રં સંપૂર્ણ ॥

ૐ ચંદ્ર પ્રભપ્રભાધિશ । ચંદ્ર સેખર ચંદ્ર પ્રભુઃ ।
ચંદ્ર લક્ષ્માંક ચંદ્રાંક । ચંદ્ર વિજઃ નમો સ્તુતે । ૧ । ૐ

હ્રૂઁ શ્રાઁ હ્રૂઁ ચંદ્ર પ્રભઃ । હ્રૂઁ શ્રાઁ કુરુ સ્વાહા પ્રભો । ઈષ્ટ સિદ્ધી મહાસિદ્ધી । તુષ્ટી પુષ્ટી કરોભવ । ૨ । દ્વાદશ સહસ્ત્ર જપ્તો । વાંછિતાર્થ ફલપ્રદો । મહિતસ્ત્રિ સંધ્યજપ્તઃ । સર્વાધિ વ્યાધિ નાશકઃ । ૩ । સુરાસુરેંદ્ર મહિત શ્રી પાંડવ નૃપસ્તુત । શ્રી ચંદ્ર પ્રભતીર્થેશઃ । શ્રીયાંચંદ્રો ફલાંકુરુ । ૪ । શ્રી ચંદ્ર પ્રભવિદ્યેયં । સ્મૃતા સદ્યઃ ફલામૃતાઃ । ભવાધિ વ્યાધિ વિધ્વંસ । દાયિનિમેવરપ્રદા ॥ ૫ ॥ ઈતિ શ્રીચંદ્ર પ્રભ સ્વામિ સ્તવઃ ॥

ૐ નમઃ પાર્શ્વનાથાયઃ । વિશ્વ ચિંતામણિયતે । ૐ ધરણેંદ્ર વૈરોટયા । પદ્માદેવિયુતાયતે । ૧ । શાંતિ તુષ્ટી મહા-પુષ્ટી । ધૃતિ કીર્તિ વિધાયિને । ૐ હ્રૂઁ ધિટ વ્યાલ વૈતાલ । સર્વાધિ વ્યાધિ નાશિને । ૨ । જયા જિતાખ્યવિજયા । અપરાજિતયાન્વિતઃ । દિશાંપાલ ગૃહૈર્યક્ષૈ । વિંધાદેવિભિરન્વિતઃ । ૩ । ૐ અસિઆઉસાયનમઃ । તત્ર ત્રૈલોક્યનાથતાચતુઃ ષષ્ટિ સુરેંદ્રાસ્તે । ભાષંતે છત્રચામરૈ । ૪ । શ્રી શંખેશ્વર પુરમંડન પાર્શ્વજીન । પ્રણુત કલ્પતરુ કલ્પ ॥ ચૂરય દુષ્ટ વ્રાંતં પૂરયમે વાંછિતંનાથઃ ॥ ૫ ॥ ઈતિ શ્રી શંખેસ્વર મંડન શ્રી પાર્શ્વનાથ સ્તોત્રં ॥

અથ નવ સ્વાધ્યાય લિખ્યતે । આછેલાલાન દેશી । નવપદ મહિમા સાર ॥ સાંભલજયો નરનાર । આછેલાલ । હેજધરિ આરાધિયેજી । તો પામો ભવપાર । પુત્ર કલત્ર

પરિવાર । આછેલાલ । નવદિન મંત્ર આરાધિએજી ॥ ૧ ॥ આસો માસ વિચાર । નવ આંબિલ નિરધાર । આછેલાલ । વિધિસું જિનવર પૂજીએજી ॥ અરિહંત સિદ્ધપદ સાર । ગુરણા અઢાર હજાર । આછેલાલ । નવપદ મહિમા કીજી-એજી ॥ ૨ ॥ મયણા સુંદરી શ્રીપાલ । આરાધ્યો તતકાલ । આછેલાલ । ફલદાયક તેહને થયોજી । કંચન વરણિકાય । દેહ તેહની થાય । આછેલાલ । શ્રી સિદ્ધચક્ર મહિમા કહ્યોજી ॥ ૩ ॥ સાંભલજ્યો નરનાર । આરાધ્યો નવકાર । આછેલાલ । હેજધરિ હિયડે ઘણુંજી । ચૈતર માસ વલિએહ । નવપદ સુંધરો નેહ ॥ આછેલાલ । પૂજ્યોદ્યે શિવસુખ તણુંજી ॥ ૪ ॥ ઇણિ પરે ગૌતમ સ્વામી । નવનિધ જેહને નામ । આછેલાલ । નવપદ મહિમા વખાણિયોજી । ઉત્તમ સાગર શિષ્ય ॥ પ્રણમેતે નિશદિસ ॥ આછેલાલ । નવપદ મહિમા જાણતોજી ॥ ૫ ॥ ઈતિ નવપદ સ્વાંધ્યાય સંપૂર્ણ ॥ પઠનાર્થ દેવકુરબાઈ ॥

## ॥ અથ શ્રી પાંચકારણનું સ્તવન ॥

॥ દોહા ॥ સિદ્ધારથ સુત વંદીયે, જગદીપક જિનરાય ॥ વસ્તુ તત્ત્વ સવિ જાણીયે, જસ આગમથી આજ ॥ ૧ ॥ સ્યાદ્વાદથી સંપજે, સકલ વસ્તુ વિખ્યાત ॥ સપ્તભંગી રચના વિના, બંધ ન બેસે વાત ॥ ૨ ॥ વાદ વદે નય જૂજુઆ, આપ આપણે ઠાણ ॥ પૂરણ વસ્તુ વિચારતા, કોઈ

ન આવે કામ ॥ ૩ ॥ અંધ પુરૂષ એક ગજ ગ્રહિ, અવયવ એકેક ॥ દૃષ્ટિવંત લહે પૂર્ણ ગજ, અવયવ મલી અનેક ॥ ૪ ॥ સંગતિ સકલ નયે કરી, જુગતિ યોગ શુદ્ધબોધ ॥ ધન્ય જિનશાસન જગ જયો, જિહાં નહિ કિસ્યો વિરોધ ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ રાગ આશાવરી ॥

॥ શ્રી જિનશાસન જગ જયકારી, સ્વાદ્વાદ શુદ્ધરૂપ રે ॥ નય એકાંત મિથ્યાત નિવારણ, અકલ અભંગ અનૂપરે ॥ શ્રી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કોઈ કહે એક કાલતણે વશ, સકલ જગત ગતિ હોય રે ॥ કાલે ઉપજે કાલે વિણસે, અવર નકારણ કોયરે ॥ શ્રી૦ ॥ ૨ ॥ કાલે ગર્ભ ધરે જગ વનિતા, કાલે જન્મે પુતરે ॥ કાલે બોલે કાલે ચાલે, કાલે ઝાલે ઘરસુતરે ॥ શ્રી૦ ॥ ૩ ॥ કાલે દુધથકી દહીં થાયે, કાલે ફલ પરિપાકરે ॥ વિવિધ પદારથ કાલ ઉપાયે, કાલે સહું થાય ખાખરે ॥ શ્રી૦ ॥ ૪ ॥ જિનચોવીશ બાર ચક્રવર્તિ, વાસુદેવ બલદેવરે ॥ કાલે કવલિત કોઇ ન દીસે, જસુ કરતા સુર સેવરે ॥ શ્રી૦ ॥ ૫ ॥ ઉત્સર્પિણી અવસર્પિણી આરા, છએ જુઈ જુઈ ભાતરે ॥ ષટ ઋતુકાલ વિશેષ વિચારો, ભિન્ન ભિન્ન દિન રાતરે ॥ શ્રી૦ ॥ ૬ ॥ કાલે બાલ વિલાસ મનોહર, યૌવને કાલા કેશ રે ॥ વૃદ્ધ પણુ વલીપલી વપુ અતિ દુર્બલ, શક્તિ નહિ લવ લેશરે ॥ ॥ શ્રી૦ ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ ગિરૂઆ ગુણ વીરજી ॥ એ દેશી ॥

॥ તવ સ્વભાવવાદી વદેજી, કાલ કિસ્યું કરે રંક ॥ વસ્તુ સ્વભાવે નીપજે જી, વિણસે તિમજ નિઃશંક ॥ સુવિવેક વિચારી, જુઓ જુઓ, વસ્તુ સ્વભાવ ॥ ૧ ॥ એ આંકણી ॥ છતે યોગ જોબનવતી જી, વાંઝણી ન જણે બાલ ॥ મુછ નહિં મહિલા મુખે જી, કર તલ ઉગે ન વાલ ॥ સુ૦ ॥ ૨ ॥ વિણુ સ્વભાવ નવિ નિપજે જી, કેમ પદારથ કોઈ ॥ આંબ ન લાગે લીંબડે જી, બાગ વસંતે જોય ॥ સુ૦ ॥ ૩ ॥ મોર પિચ્છ કુણ ચીતરેજી, કોણ કરે સંધ્યા રંગ ॥ અંગ વિવિધ સવિ જીવનાં જી, સુંદર નયના કુરંગ ॥ સુ૦ ॥ ૪ ॥ કાંટા બોર બહુલનાજી, કોણે અણીયાલા કીધ ॥ રૂપ રંગ ગુણ જુજુઆજી, તરૂ ફલ ફુલ પ્રસિદ્ધ ॥ સુ૦ ॥ ૫ ॥ વિષધર મસ્તક નિત્ય વસેજી, મણિ હરે વિષ તતકાલ ॥ પર્વત સ્થિર ચલ વાયરોજી, ઉર્ધ્વ અગ્નિની જ્વાલ ॥ સુ૦ ॥ ૬ ॥ મત્સય તુંબ જલમાં તરે જી, બુડે કાગ પહાંણ ॥ પંખી જાત ગયણે ફિરેજી, ઇણી પરે સચલ વિનાણ ॥ સુ૦ ॥ ૭ ॥ વાયુ સુંઠથી ઉપશમેજી, હરડે કરે વિરેચ ॥ સીજે નહિં કણ કાંગડું જી, શકિત સ્વભાવ અનેક ॥ સુ૦ ॥ ૮ ॥ દેશ વિશેષે કાષ્ઠના જી, ભૂમિમાં થાય પહાણ ॥ શંખ આસ્તિનો નીપજે જી, ક્ષેત્ર સ્વભાવ પ્રમાણ ॥ સુ૦ ॥ ૯ ॥ રવિ તાતો શસી શીતલોજી,

ભવ્યાદિક બહુ ભાવ ॥ છએ દ્રવ્ય આપ આપણાંજી, ન તજે કોઈ સ્વભાવ ॥ સુ૦ ॥ ૧૦ ॥ ઈતિ સ્વભાવવાદ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ કપુર હોય અતિ ઉજલોરે ॥ એ દેશી ॥

કાલ કિસ્યું કરે બાપડો જી, વસ્તુ સ્વભાવ અકજ્જ ॥ જો નવિ હોય ભવિતવ્યતાજી, તો કિમ સીઝે કજ્જરે ॥ પ્રાણી મકરો મન જંજાલ, ભાવીભાવનિહાલ રે ॥ પ્રા૦ ॥ ॥ મ ॥ ૧ ॥ એ આંકણી ॥ જલ નિધિ તરે જંગલ ફરેજી, કોડ જતન કરે કોય ॥ અણ ભાવી હોવે નહીં જી, ભાવી હોય તે હોયરે ॥ પ્રા૦ ॥ ૨ ॥ આંબે મોર વસંતમાંજી, ડાલે ડાલે કેઈ લાખ ॥ કેઈખર્યાં કેઇ ખાખટા જી, કેઇ આંબા કેઈ સાખરે, ॥ પ્રા૦ ॥ ૩ ॥ બાઉલ જેમ ભવિતવ્ય તાજી, જિણ જિણ દિશી ઉજાય ॥ પરવશ મન માણુસ તણુંજી, તૃણ જેમ પુંઠે ધાયરે ॥ પ્રા૦ ॥ ૪ ॥ નિયતિ વશે વિણ ચિંતવ્યુંજી, આવિ મલે તતકાલ ॥ વરસા સોનું ચિંતવ્યુંજી, નિયતિ કરે વિસરાલરે ॥ પ્રા૦ ॥ ૫ ॥ બ્રહ્મદત્ત ચક્રી તણાંજી, નયણ હણે ગોવાલ ॥ દોય સહસ્સ જસ દેવતાજી, તેહતણા રખવાલરે ॥ પ્રા૦ ॥ ૬ ॥ કોકુહો કોયલ કરેજી, કેમ રાખી શકે પ્રાણ ॥ આહેડી શર તાકીયોજી, ઉપર ભમે સીંચાણુરે પ્રા૦ ॥ ૭ ॥ આહેડી નાગે ડરયોજી, બાણ લાગ્યો સિંચાણ ॥ કોકુહો ઉડી ગયોજી, જુઓ જુઓ નિયતિ પ્રમાણરે ॥ પ્રા૦ ॥ ૮ ॥ શસ્ત્રહણ્યાં સંગ્રામમાંજી,

રાને પડયા જીવંત ॥ મંદિરમાંથી માનવીજી, રાખ્યાહી ન રહંતરે ॥ પ્રા૦ ॥ ૯ ॥ ઈતિ ભવિતવ્યતા વાદ ॥

॥ ઢાલ ॥ ૪ ॥ રાગ મારૂણી મનોહર હીરજીરે ॥ એ દેશી ॥

॥ કાલ સ્વભાવ નિયત મતિ કુડી, કર્મ કરે તે થાય ॥ કર્મ નિરય તિયર નર સુરગતિજી, જીવ ભવાંતરે જાય ॥ ચેતન ચેતીયેરે કર્મ સમો નહીં કોય ॥ ચેતન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કર્મે રામ વસ્યા વનવાસે, સીતા પામે આલ, કર્મે લંકા પતિ રાવણનું, રાજ થયું વિસરાલ ॥ ચે૦ ॥ ॥ ૨ ॥ કર્મે કીડી કર્મે કુંજર, કર્મેનર ગુણવંત ॥ કર્મે રોગ સોગ દુઃખ પીડિત, જનમ જાય વિલપંત ॥ ચે૦ ॥ ॥ ૩ ॥ કર્મે વરસ લગેં રિસહેસર, ઉદક ન પામે અન્ન, કર્મે વારને જાઓ યોગમાંરે ॥ ખીલા રોપ્યા કન્ન ॥ ચે૦ ॥ ॥ ૪ ॥ કર્મે એક સુખપાલે બેસે સેવક સેવે પાય ॥ એક હય ગય રથ ચઢયા ચતુરનર, એક આગળ ઉજાય ॥ ચે૦ ॥ ॥ ૫ ॥ ઉદ્યમ માની અંધતણી પરે, જગ હીંડે હા હું તો ॥ કર્મ બાલી તે લહે સકલફલ, સુખભર સેજે સુતોરે ॥ ચે૦ ॥ ૬ ॥ ઉંદર એકે કીધો ઉદ્યમ, કરંડીયો કર કોલે ॥ માંહે ઘણા દિવસનો ભૂખ્યો, નાગ રહ્યો દુઃખ ડોલેરે ॥ ચે૦ ॥ ૭ ॥ વિવર કરી મૂષક તસ મુખમાં, દીયે આપણો દેહ ॥ માર્ગ લઈ વન નાગ પધાર્યો, કર્મ મર્મ જુઓ એહ ॥ ચે૦ ॥ ૮ ॥ ઈતિ કર્મ વિવાદ ॥

॥ ઢાલ ॥ ૫ ॥

॥ હવે ઉદ્યમ વાદી ભણેએ, એ ચારે અસમર્થ તો ॥ સકલ પદાર્થ સાધવાએ, એક ઉદ્યમ સમર્થ તો ॥ ૧ ॥ ઉદ્યમ કરતાં માનવીરે, શું નવિ સીઝે કાજ તો ॥ રામે રયણાયર તરીએ, લીધું લંકા રાજ્ય તો ॥ ૨ ॥ કર્મ નિયતતે અનુસરે એ, જેહમાં શકિત ન હોય તો ॥ દેઉલ વાઘ મુખે પંખાયાંએ, પાચું પેસંતા જોય તો ॥ ૩ ॥ વિણુ ઉદ્યમ કેમ નીકલે એ, તીલ માંહેથી તેલ તો ॥ ઉદ્યમથી ઉંચી ચઢે એ, જુઓ એકેંદ્રિય વેલ તો ॥ ૪ ॥ ઉદ્યમ કરતાં એક સમે એ, જે નવિ સીઝે કાજ તો ॥ તેહ ફરી ઉદ્યમથી હુવેએ, જો નવિ આવે વાજતો ॥ ૫ ॥ ઉદ્યમ કરી ઓયાં વિના એ, નવી રંધાયે અન્ન તો ॥ આવા ન પડે કોલીયોએ, મુખમાં પખે જતન્ન તો ॥ ૬ ॥ કર્મ પુત્ત ઉદ્યમ પિતાએ, ઉદ્યમે કીધાં કર્મ તો ॥ ઉદ્યમથી દુરે ટલે એ, જુઓ કર્મનો મર્મ તો ॥ ૭ ॥ દ્રઢપ્રહારી હત્યા કરીએ, કીધાં પાપ અનંત તો ॥ ઉદ્યમથી ખટ માંસમાં એ, આપ થયો અરિહંત તો ॥ ૮ ॥ ટીંપે ટીંપે સર ભરે એ, કાંકરે કાંકરે પાલ તો ॥ ગિરિ જેવા ગઢ નીપજે એ, ઉદ્યમ શકિત નિહાળ તો ॥ ૯ ॥ ઉદ્યમથી જળ બિંદુઓ એ, કરે પાષાણમાં ઠામ તો ॥ ઉદ્યમથી વિદ્યા ભણે એ, ઉદ્યમ જોડે દામ તો ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૬ ॥ એ છંડી કીહાં રાખી ॥ એ દેશી ॥

॥ એ પાંચે નય વાદ કરંતા, શ્રી જિન ચરણે આવે ॥ અમિય સરસ જિન વાણી સુણીને, આનંદ અંગ ન માવેરે ॥ પ્રાણી સમકિત મતિ મન આણો. નય એકાંત મ તાણોરે ॥ પ્રા૦॥ તે મિથ્યામતિ **જાણો**રે ॥ પ્રાણી સમકિત મતિ મન આણો ॥ ૧ ॥ એ આંકણી ॥ એ પાંચે સમુદાય મિલ્યા વિણુ, કોઇ કાજ ન સીઝે ॥ અંગુલીયોગે કર તણી પરે, જે બુઝે તે રીઝેરે ॥ પ્રાણી ॥ સ૦ ॥ ૨ ॥ આગ્રહ આણી કોઈ એકને, એહમાં દીજે વડાઈ ॥ પણુ સેના મિલિ સકલ રણાંગણુ, જીત સુભટ લડાઈ ॥ પ્રાણી૦ ॥સ૦॥ ॥ ૩ ॥ તંતુ સ્વભાવે પટ ઉપજાવે, કાલ ક્રમે રે વણાયે ॥ ભવિતવ્યતા હોયે તો નીપજે, નહીં તો વિઘ્ન ઘણાંયરે ॥ પ્રાણી ॥ સ૦ ॥ ૪ ॥ તંતુ વાય ઉદ્યમ ભોકતાદિક, ભાગ્ય સકલ સહકારી ॥ એમ પાંચે મલી સકલ પદારથ, ઉત્પત્તિ જુઓ વિચારીરે ॥ પ્રાણી ॥ સ૦ ॥ ૫ ॥ નિયતિ વશે હલુ કરમો થઇને, નિગોદ થકી નીકલીયો ॥ પુણ્યે મનુજ ભવાદિક પામી, સદગુરૂને જઇ મલીયોરે ॥ પ્રાણી ॥સ૦॥ ॥૬॥ ભવસ્થિતિનો પરિપાક થયોતવ, પંડિત વીર્ય ઉલ્લસીયો; ભવ્ય સ્વભાવે શિવગતિ પામી, શિવપુર જઈને વસીયો રે ॥ પ્રાણી ॥ સ૦ ॥ ૭ ॥ વર્દ્ધમાન જિન એણી પરે વિનયે, શાસન નાયક ગાયો ॥ સંઘ સકલ સુખ હોયે જેહથી, સ્યાદ્વાદ રસ પાયોરે ॥ પ્રાણી ॥ સ૦ ॥ ૮ ॥

॥ કલસ ॥ ઈમ ધર્મ નાયક, મુકિતદાયક, વીર જિન-વર સંથુણ્યો ॥ સય સત્તર સંવતવન્હિ લોચન, વર્ષ હર્ષ ધરી ઘણો ॥ શ્રી વિજયદેવ સુરિંદ પટધર, શ્રી વિજય પ્રભ મુણિંદ એ ॥ શ્રી કિર્ત્તિવિજય વાચક શિષ્ય ઈણિપરે, વિનય કહે આણંદ એ ॥ ૧ ॥

---

## ॥ અથ શ્રીસમકિતનું સ્તવન ॥

॥ ઢાલ ॥ ૧ ॥ તે મુજ મિચ્છામિદુક્કડં ॥ એ દેશી ॥

સાંભલરે તું પ્રાણીયા, સદગુરૂ ઉપદેશો ॥ માનવ ભવ દોહીલો લહ્યો, ઉત્તમ કુલ એસો ॥ સા૦ ॥ ૧ ॥ દેવ તત્વ નવી ઓલખ્યો, ગુરૂતત્વ ન જાણ્યો ॥ ધર્મ તત્વ નવિ સદહ્યો, હિયડે જ્ઞાન ન આણ્યો ॥ સા૦ ॥ ૨ ॥ મીથ્યાત્વી સુર જિન પ્રત્યે, સરખા કરી જાણ્યા ॥ ગુણ અવગુણ નવિ ઓલખ્યો, વયણે વખાણ્યા ॥ સા૦ ॥ ૩ ॥ દેવ થયા મોહે ગ્રહ્યા, પાસે રહેનારી ॥ કામ તણે વશ જે પડયા, અવગુણ અધિકારી ॥ સા૦ ॥ ૪ ॥ કોઇ ક્રોધી દેવતા, વલી ક્રોધના વાહ્યા ॥ કે કોઈથી બીહતા, હથી-યાર સવાહ્યા ॥ સા૦: ૫ ॥ ક્રૂર નજર જેહની ઘણી, દેખંતા ડરીયે ॥ મુદ્રા જેહની એહવી, તેહથી શું તરીયે ॥ સા૦ ॥ ૬ ॥ આઠ કરમ સાંકલ જડયાં, ભમે ભવહી મોજારો ॥ જન્મ મરણ ભવ દેખીયે, પામ્યા નહીં પારો

॥ સા૦ ॥ ૭ ॥ દેવથઈ નાટક કરે, નાચે જણ જણ આગે ॥ વેષ કરી રાધા કૃષ્ણનો, વલી ભીક્ષા માગે ॥ સા૦ ॥૮॥ મુખે કરી વાચે વાંસલી, પહેરે તન વાધા ॥ ભાવંતા ભોજન કરે, એહવા ભ્રમ લાગા ॥ સા૦ ॥ ૯ ॥ દેખો દૈત્ય સંહારવા, થયો ઉદ્યમવંતો ॥ હરિ હીરણાંકુશ મારીયો, નરસિંહ બલવંતો ॥ સા૦ ॥ ૧૦ ॥ મત્સ્ય કચ્છ અવ-તાર લઈ, સહું અસુર વિદાર્યા ॥ દશ અવતારે જુજુઆ, દશ દૈત્ય સંહાર્યા ॥ સા૦ ॥ ૧૧ ॥ માને મૂઢ મિથ્યા મતિ, એહવા પણ દેવો ॥ ફરી ફરી અવતાર લે, દેખો કર્મની ટેવો ॥ સા૦ ૧૨ ॥ સ્વામી સોહે જેહવો, તેહવો પરિવારો ॥ ઈમ જાણીને પરિહરો, જિન હર્ષ વિચારો ॥ સા૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ ઓધવ માધવને કહેજો ॥ એ દેશી ॥

॥ જગનાયક જિનરાજને, દાખવિયે સહી દેવ ॥ મૂકાણા જે કમથી, સારે સુરપતિ સેવ ॥ જ૦ ॥ ૧ ॥ ક્રોધ માન માયા નહીં, નહીં લોભ અજ્ઞાન ॥ રતિ અરતિ વેદે નહીં, છાંડયાં મદ સ્થાન ॥ જ૦ ॥ ૨ ॥ નિદ્રા શોક ચોરી નહી. નહી વયણ અલિક ॥ મત્સર ભય વધ પ્રાણીનો, ન કરે તહકીક ॥ જ૦ ॥ ૩ ॥ પ્રેમ ક્રીડા ન કરે કદી, નહીં નારી પ્રસંગ ॥ હાસ્યાદિક અઢાર એ, નહીં જેહને અંગ ॥ જ૦ ॥ ૪ ॥ પદમાસન પુરી કરી, બેઠા શ્રી

અરિહંત ॥ નિશ્ચલ લોયણ તેહના, નાસાગ્રેજ રહંત ॥જ૦॥ ૫ ॥ જિનમુદ્રા જિનરાજની, દીઠાં પરમ ઉલ્લાસ ॥ સમક્તિ થાયે નિર્મલું, તપે જ્ઞાન ઉજાસ ॥ જ૦ ॥ ૬ ॥ ગતિ આગતિ સહુ જીવની, દેખે લોકાલોક ॥ મનઃ પર્યાય સવિ તણા, કેવલજ્ઞાન આલોક ॥ જ૦ ॥ ૭ ॥ મૂર્ત્તિશ્રી જિનરાજની, સમતાનો ભંડાર ॥ શીતલ નયન સુહામણો, નહીં વાંક લગાર ॥ જ૦ ॥ ૮ ॥ હસત વદન હરખે હૈયું, દેખી શ્રી જિનરાય ॥ સુંદર છબી પ્રભુ દેહની, શોભા વરણવી ન જાય ॥ જ૦ ॥ ૯ ॥ અવર તણી એહવી છબી, કિહાં એમ ન દીસંત ॥ દેવ તત્ત્વ એ જાણીયે, જિનહર્ષ કહંત ॥ જ૦ ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ જત્તણીની ॥ એ દેશી ॥

॥ શ્રી જિનવર પ્રવચન ભાખ્યા, જે કુગુરૂ તણા ગુણ દાખ્યા ॥ પાસથ્થાદિક પાંચેઈ, પાપ શ્રમણ કહ્યા સાચેઈ ॥ ૧ ॥ ગૃહીના મંદિરથી આણી ॥ આહાર કરે ભાત પાણી ॥ સુવે ઉંઘે નીશદિશ, પ્રમાદી વિસવાવીસ ॥ ૨ ॥ કિરિયા ન કરે કિણીવાર, પડિક્કમણું સાંજ સવાર ॥ ન કરે પચ્ચખાણ સજઝાય, વિકથા કરતાં દિન જાય ॥ ૩ ॥ ઘૃત દુધ દહીં અપ્રમાણ, ખાય ન કરે પચ્ચખાણ ॥ જ્ઞાન દર્શન ને ચારિત્ર. મૂકી દીધાં સુપવિત્ર ॥ ૪ ॥ સુવિહિત મુનિ સમાચારી, પાલે નહી તે અણગારી ॥

અહારના દોષ બયાલ, ટાલે નહીં કીણુહિ કાલ ॥ ૫ ॥
ધબ ધબ ધસમસતો ચાલે, કાચે જલે દેહ પખાલે ॥
અર્ચા રચના વંદાવે, વસ્ત્રાદિક શોભા બનાવે ॥ ૬ ॥
પરિગ્રહ વલી ઝાઝા રાખે, વલી વલી અધિકાને ધાખે ॥
માઠી કરણી જે કહીયે, તે સઘલી જિણમેં લહીયે ॥ ૭ ॥
એહવા જે કુગુરૂ આરંભી, મુનિ સાધુ કહેવાયે દંભી ॥
કીઇ કમ્મ પ્રશંસા કરીયે, ભવ ભવ ગહમાં અવતરીયે
॥ ૮ ॥ લોહાની નાવા તોલે, ભવસાયરમાં જે બોળે ॥
જિનહર્ષ ભલો અહિ કાલો, પણ કુગુરૂની સંગત ટાલો ॥૯॥

॥ ઢાલ ॥ ૪ ॥ કરજોડી આગલ રહી ॥ એ દેશી ॥

॥ ગુણ ગીરૂઆ ગુરૂ ઓલખો, હીયડે સુમતિ વિચારીરે ॥ ગુરૂ સુપરિક્ષા દોહિલી, ભુલ પડે નરનારીરે ॥ ગુ૦ ॥ ૧ ॥ પાંચ ઇંદ્રિય જે વશ કરે, પાચ મહાવ્રત પાલેરે ॥ ચાર કષાય તજી જેણે, પાંચે કિરિયા ટાલેરે ॥ ગુ૦ ॥૨॥ પાંચ સમિતી સમિતા રહે, તીન ગુપ્તિ જે ધારેરે ॥ દોષ બેતાલીસ ટાલીને, પાણીં ભાત આહારેરે ॥ ગુ૦ ॥ ૩ ॥ મમતા છાંડી દેહની, નિલોભી નિર્માયીરે ॥ નવવિધ પરિગ્રહ પરિહરે, ચિત્તમેં ચિંતે ન કાંઈરે ॥ ગુ૦ ॥ ૪ ॥ ધર્મતણાં ઉપકરણ ધરે, સંયમ પાલવા કાજેરે ॥ ભૂમિ જોઈ પગલા ભરે, લોક વિરોધથી લાજેરે ॥ ગુ૦ ॥ ૫ ॥ પડિલેહણ નિત્ય ત્રિવિધે, કરે પ્રમાદ નિવારીરે ॥ કાલે શુદ્ધ

ક્રિયા કરે, ઇચ્છા જોગ નિવારીરે ॥ ગુ૦ ॥ ૬ ॥ વસ્ત્રાદિક શુદ્ધ એષણી, લે દેખી સુવિશેષેરે ॥ કાલ પ્રમાણે ખપકરે, દૂષણ ટલતાં દેખેરે ॥ ગુ૦ ॥ ૭ ॥ કુરૂખી સંબલ જે કહ્યાં, સાનિધ્ય કિમહીં ન રાખેરે ॥ દે ઉપદેશ યથાસ્થિતે, સત્ય વચન મુખ ભાખેરે ॥ ગુ૦ ॥ ૮ ॥ તન મેલાં મન ઉજળાં, તપ કરી ખીણી દેહીરે ॥ બંધન બે છેદી કરી, વિચરે જન નિઃસ્નેહીરે ॥ ગુ૦ ॥ ૯ ॥ એહવા ગુરૂ જોઈ કરી, આદરીયે શુભ ભાવે રે ॥ બીજું તત્વ સુગુરૂ તણું, એ જિનહર્ષ કહાવેરે ॥ ગુ૦ ॥૧૦॥

॥ ઢાલ ॥ ૫ ॥ કર્મ ન છુટે રે પ્રાણીયા ॥ એ દેશી ॥

॥ ભવસાયર તરવા ભણી. ધર્મ કરે હો સારંભ ॥ પથ્થર નાવે રે બેસીને, તરવો સમુદ્ર દુરલંભ ॥ ભ૦ ॥ ૧ ॥ આપે ગોકુલ ગાયનાં, આપે કન્યા રે દાન ॥ આપે ક્ષેત્ર પુણ્યાર્થે, બ્રાહ્મણને દેઈ માન ॥ ભ૦ ॥૨॥ લૂંટાવે ધાણી વલી, પૃથ્વીદાન સુપ્રેમ, ગોલા કલશા રે મોરયા, આપે હલ તિલ હેમ ॥ ભ૦ ॥ ૩ ॥ વલી ખણાવેરે ખંતશું, કુઆસુંદર વાવ ॥ પુષ્કરિણી કરણી ભલી, સરોવર સખર તલાવ ॥ ભ૦ ॥ ૪ ॥ કંદ મૂલ મૂકે નહીં, અગીઆરસને હો દીન ॥ આરંભ તે દિન અતિ ઘણો, ધર્મ કીહાં જગદીશ ॥ ભ૦ ॥ ૫ ॥ યાગ કરે હોમે તિહાં, ઘોડા નરને રે છાગ ॥ હોમે જલચર

મીડકાં, ધર્મ કીડાં વીતરાગ ॥ ભ૦ ॥ ૬ ॥ કરે સદાયે રે નોરતાં, જીવ તણાં આરંભ ॥ હણે મહિષને બોકડા, એહથી નરક સુલંભ ॥ ભ૦ ॥ ૭ ॥ સારે સરાવે બ્રાહ્મણ કને, પૂર્વજનાં રે શ્રાદ્ધ ॥ તેડી પોખેરે કાગડા, દેખો એહ ઉપાધિ ॥ ભ૦ ॥ ૮ ॥ તીર્થ જાય ગોદાવરી, ગંગા ગયા પ્રયાગ ॥ ન્હાવે અણગલ નીરમાં, ધર્મ તણો નહીં લાગ ॥ ભ૦ ॥ ૯ ॥ ઈત્યાદિક કરણી કરે, પરભવ સુખનેરે કાજ ॥ કહે જિન હર્ષ મલે નહી, એહથી શિવપુર રાજ ॥ ભ૦ ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૬ ॥ જાયા તુજ વિણ ઘડીરે છ માસ ॥

॥ એ ॥ દેશી ॥

॥ ધર્મ ખરો જિનવર તણોજી, શિવ સુખનો દાતાર ॥ શ્રી જિનરાજે પ્રકાશીયોજી, જેહના ચાર પ્રકાર ॥ ભવિક જન જ્ઞાન વિચારીરે જોય ॥ દુર્ગતિ પડતા જીવને જી, ધારે તે ધર્મ હોય ॥ ભવિકજન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પંચ મહાવ્રત સાધુનાં જી, દશવિધ ધર્મ વિચાર ॥ હિત કરીને જિનવર કહ્યાજી, શ્રાવકનાં વ્રત બાર ॥ ભવિક૦॥૨॥ પંચુંબર ચારે વિગયજી, વિષ સહુ માટીરે હિમ ॥ રાત્રી ભોજનને કહ્યાજી, બહુ બીજોનો નેમ ॥ ભવિક૦ ॥ ૩॥ બોલવડાં વલી રીંગણાંજી, અનંતકાય બત્રીસ ॥ અણજાણ્યાં ફલ ફુલડાંજી, સંધાણું નિશદીશ ॥ ભવિક૦ ॥ ૪ ॥ ચલિત

અન્ન વાશી થયુંજી, તુચ્છ સહુ ફલદક્ષ ॥ ધર્મી નર ખાયે નહીંજી, એ બાવીસ અભક્ષ ॥ ભવિક૦ ॥ ૫ ॥ ન કરે નિદ્ધંસ પણેજી, ઘરના આરંભ ધીર ॥ જીવતણી જયણા ઘણીજી, ન પીયે અણગલ નીર ॥ ભવિક૦ ॥ ૬ ॥ ઘૃત-પરે પાણી વાવરેજી. બીયે કરતાં પાપ ॥ સામાયિક વ્રત પોષધેજી, ટાળે ભવના તાપ ॥ ભવિક૦ ॥ ૭ ॥ સુગુરૂ સુદેવ સુધર્મનીજી, સેવા ભકિત સદીવ ॥ ધર્મ શાસ્ત્ર સુણતાં થકીજી, સમજે કોમલ જીવ ॥ ભવિક૦ ॥ ૮ ॥ માસ માસને આંતરેજી, કુશ અગ્રે ભુંજે બાલ ॥ કલા ન પહોંચે શોલમીજી, શ્રી જિનધર્મ વિશાલ ॥ ભવિક૦ ॥ ૯ ॥ જિન ધર્મ મુકિત પુરી દીયેજી, ચઉગતિ ભ્રમણ મિથ્યાત્વ ॥ એમ જીન હર્ષ પ્રકાશીયેજી, ત્રીજું તત્વ વિખ્યાત ॥ ભવિક૦ ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥ ૭ ॥ મધુકર ॥ આજ રહોરે મત ચલો એ દેશી ॥

॥ શ્રી જિનધર્મ આરાધિયેજી, કરી નિજ સમકિત શુદ્ધ ॥ ભવિયણ ॥ તપ જપ કિરિયા કીધલીજી, લેખે પડે વિશુદ્ધ ॥ ભ૦ ॥ શ્રી૦ ॥ ૧ ॥ કંચન કશી કશી લિજિ-યેજી, નાણું લીજે પરીખ ॥ ભ૦ ॥ દેવ ધર્મ ગુરૂ જોઇનેજી, આદરીયે સુણી શીખ ॥ ભ૦ ॥ શ્રી૦ ॥ ૨ ॥ કુગુરૂ કુદેવ કુધર્મનેજી, પરિહરિયે વિષ જેમ ॥ ભ૦ ॥ સુગુરૂ સુદેવ સુધર્મ-નેજી; ગ્રહીયે અમૃત તેમ ॥ ભ૦ ॥ શ્રી૦ ॥ ૩ ॥ મૂલ ધર્મ તે જિને કહ્યોજી, સમકિત સુરતરૂ એહ ॥ ભ૦ ॥

॥ ભવ ભવ સુખ સંપત્તિ થકીજી, સમકિતશું ધરી નેહ ॥ ભ૦ ॥ ૪ ॥ સત્તરસેં છત્રીસ સમેજી, નભ શુદી દશમી દીસ ॥ ભ૦ ॥ સમકિતસિત્તરી એ રચીજી, પુરપાટણ સુજગીશ ॥ ભ૦ શ્રી૦ ॥ ૫ ॥ ભણજો ગુણજો ભાવશું જી, લેશો અવિચલ શ્રેય ॥ ભ૦ ॥ શાંતિ હર્ષ વાચક તણોજી, કહે જિન હર્ષ વિનેય ॥ ભ૦ ॥ શ્રી૦ ॥ ૬ ॥ ઇતિ શ્રી સમકિત સિત્તરી સંપૂર્ણ ॥

## ॥ અથશ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન ॥

૧ ॥ દુહા ॥ પુરિસા દાણી પાસજી, બહુ ગુણમણિ વાસ ॥ ઋદ્ધિ વૃધિ મંગલ કરણ, પ્રણમું મન ઉલ્લાસ ॥ ૧ ॥ સરસતી સામિની વિનવું, કવિ જન કેરી માંય ॥ સરસ વાણી મુજને દીયો, મોટો કરી પસાય ॥ ૨ ॥ લબ્ધિ વિનય ગુરૂ સમરીએ, અહર્નિશ હર્ષ ધરેવ ॥ જ્ઞાન દૃષ્ટિ જેથી લહી, પદ પંકજ પ્રણમેવ ॥ ૩ ॥ પ્રથમ જિણેસર જે હુઓ, મુનિવર પ્રથમ વખાણ ॥ કેવલધર પહેલો જે કહે, પ્રથમ ભિક્ષાચર જાણ ॥ ૪ ॥ પહેલા દાતા એ કહ્યો, આ ચોવીસી મઝાર ॥ તેહ તણા ગુણ વરણવું, આણો હર્ષ અપાર ॥ ૫ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા ॥
॥ એ દેશી ॥ રાગ આશાવરી ॥

પહેહે ભવ ધન સાર્થવાહે, સમકિત પામ્યા સારરે ॥

આરાધી બીજે ભવ પામ્યા, જુગલતણો અવતાર રે ॥૧॥
સેવો સમકિત સાચું જાણી, એ સવિ ધર્મની ખાણીરે ॥
નવિ પામે જે અભવ્ય અનાણી, એહવી જિનની વાણી રે
॥ સેવો૦ ॥ ૨ ॥ એ આંકણી ॥ જુગલ ચવિ પહેલે
દેવલોકે, ભવ તિજે સુર થાયરે ॥ ચોથે ભવે વિદ્યાધર
કુલે થયા, મહાબલ નામે રાય રે ॥ સેવો૦ ॥ ૩ ॥ ગુરૂ
પાસે દીક્ષા પાલીને, અણસણ કીધું અંતરે ॥ પાંચમે ભવે
બીજે દેવલોકે, લલિતાંગ સુર દીપંતરે ॥ સેવો૦ ॥ ૪ ॥
દેવચવી છઠે ભવે રાજા, વજ્રજંઘ એણે નામેરે ॥ તીહાંથી
સાતમે ભવે અવતરીઆ, જુગલા ધર્મશું ઠામેરે ॥ સેવો૦
॥ ૫ ॥ પૂર્ણ આયુ કરી આઠમે ભવે, સુધર્મ દેવલોકે
દેવરે ॥ દેવ તણી ઋદ્ધિ બહુલી પામ્યા, દેવતણા વળી
ભોગરે ॥ સેવો૦ ॥ ૬ ॥ મુનિભવ જિવાનંદ નવમે ભવે,
વૈદ ચવી થયો દેવરે ॥ સાધુની વૈયાવચ્ચ કરી, દિક્ષા લઈ
પાળે સ્વમેવરે ॥ સેવો૦ ॥ ૭ ॥ વૈદ જીવ દસમે ભવે
સ્વર્ગે, બારમે સુર હોય રે ॥ તિહાંકણે આયુ ભોગવી પુરૂં,
બાવીસ સાગરજોયરે ॥ સેવો૦ ॥ ૮ ॥ અગીઆરમેં ભવે
દેવ ચવીને, ચક્રી હુઓ વજ્રનાભરે ॥ દીક્ષા લઇ વીસ
સ્થાનક સાધી, ॥ લીધો જિનપદ લાભરે ॥ સેવો૦ ॥૯॥
ચૌદ લાખ પૂર્વની દીક્ષા, પાલી નિર્મળ ભાવેરે ॥ સર્વાર્થ
સિદ્ધ અવતરીયા, બારમે ભવ આયરે ॥ સેવો૦ ॥ ૧૦ ॥
તેત્રીસ સાગર આયુ પ્રમાણે, સુખ ભોગવે તિહાં દેવરે ॥

તેરમા ભવ કેરો હવે હું, ચરિત્ર કહું સંખેવરે ॥ સેવો૦ ॥૧૧॥

॥ ઢાલ ॥ ૨ ॥ વાડી ફુલી અતિ ભલી મનભમરારે
॥ એ દેશી ॥

॥ જંબુદ્વીપ સોહામણું ॥ મન મોહનારે ॥ લાખ જોજન પરિમાણ ॥ લાલ મન મોહનારે ॥ દક્ષિણ ભરત ભલું તિહાં ॥ મન મોહનારે ॥ અનુપમ ધર્મનું ઠામ ॥ લાલ મન મોહનારે ॥ ૧ ॥ નયરી વિનિતા જાણીએ ॥ મન૦ ॥ સ્વર્ગપુરી અવતાર ॥ લાલ૦ ॥ નાભીરાય કુલગર તિહાં ॥ મન૦ । મરૂદેવી તસ નારિ ॥ લાલ૦ ૨ ॥ પ્રીતિ ભક્તિ પાલે સદા ॥ મન૦ ॥ પીયુંશું પ્રેમ અપાર લાલ૦ ॥ સુખ વિલસે સંસારનાં ॥ મન૦ ॥ સુરપેરે ભરથાર ॥ લાલ૦ ॥ ૩ ॥ એક દિન સૂતી માલીયે ॥ મન૦ ॥ મરૂદેવી સુપવિત્ર ॥ લાલ૦ ॥ ચોથ અંધારી અષાડની ॥ મન૦ ॥ ઉત્તરાષાઢા નક્ષત્ર ॥ લાલ ॥ ૪ ॥ તેત્રીસ સાગર આઉખે ॥ મન૦ ॥ ભોગવી અનુપમ સુખ ॥ લાલ૦ ॥ સર્વાર્થ સિદ્ધથી ચવી ॥ મન૦ ॥ સુરે અવતરીઓ કુખ ॥ લાલ ॥ ૫ ॥ ચઉદ સુપન દીઠાં તીસે ॥ મન૦ ॥ રાણી મધ્યમ રાત ॥ લાલ૦ ॥ જઈ કહે નિજ કંતને ॥ મન૦ ॥ સુપન તણી સવિ વાત ॥ લાલ૦ ॥ ૬ ॥ કંથ કહે નિજ નારીને ॥ મન૦ ॥ સુપન અર્થ વિચાર ॥ લાલ૦ ॥ કુલ દીપક ત્રિભુવનપતિ ॥ મન૦ ॥

પુત્ર હોશે સુખ કાર ।। લાલ૦ ।। ૭ ।। સુપન અર્થ પીઉથી સુણી ।। મન૦ ।। મન હરખ્યા મરૂદેવી ।। લાલ૦ ।। સુખે કરી પ્રતિપાલના ।। મન૦ ।। ગર્ભ તણી નિત મેવ ।।લાલ૦ ।।૮।। નવ મસવાડા ઉપરે ।। મન૦ ।। દિન હુવા સાઢાસાત ।। લાલ૦ ।। ચૈત્ર વદ આઠમ દીને ।। મન૦ ।। ઉત્તરાષાઢા વિખ્યાત ।। લાલ૦ ।। ૯ ।। મઝીમ રયણીને સમે ।।મન૦।। જન્મ્યો પુત્ર રતન ।। લાલ૦ ।। જન્મ મહોચ્છવ તવકરે ।। મન૦ ।। દિશીકુમરી છપ્પન ।। લાલ૦ ।। ૧૦ ।।

।। ઢાલ ।। ૩ ।। દેશી હમચડીની ।।

।। આસન કંપ્યું ઇંદ્રતણું રે, અવધિજ્ઞાને જાણિ ।। જિનનો જન્મ મહોચ્છવ તવ કરવા, આવે ઇંદ્ર ઇંદ્રાણીરે ।। હમચડી ।। ૧ ।। સુર પરિવારે પરિવર્યારે, મેરૂ શિખર લઈ જાય ।। પ્રભુને નમણ કરીને પૂજી, રમણી બહુ ગુણ ગાયરે ।। હમચડી ।। ૨ ।। આણી માતા પાસે મેહેલી, સુર સુરલોકે પહુંતા ।। દીન દીન વાધે ચંદ્ર તણી પરે, દેખી હરખે માતારે ।। હમચડી ।। ૩ ।। વૃષભ તણું લંછન પ્રભુ ચરણે, માતપિતાએ દેખી ।। સુપન માંહે વલી વૃષભ જે પહેલો, દીઠો ઉંજવલ વેષીરે ।। હમચડી૦ ।। ૪ ।। તેહથી માત પિતાએ દીધું, ઋષભ કુમાર ગુણ ગેહ ।। પાંચસે ધનુષ પ્રમાણે ઉંચી, સોવન વરણી દેહરે ।। હમચડી૦ ।। ૫ ।। વીસ પુર્વ લખ કુમાર પણેરે, રહીયા

પ્રભુ ઘરવાસે ॥ સુમંગલા સુનંદા કુંવારી, પરણ્યા હોય ઉલાસેરે ॥ હમચડી૦ ॥ ૬ ॥ ત્યાશી લાખ પુર્વ ઘરવાસે, વસીય ઋષભ જિણંદ ॥ ભરતાદિક સુત શત હુઆરે, પુત્રી દોય સુખ કંદરે ॥ હમચડી૦ ॥ ૭ ॥ તવ લોકાંતિક સુર આવીનેરે, કહે પ્રભુ તીર્થ થાપો ॥ દાન સંવચ્છરી દેઈ દિક્ષા, સમય જાણી પ્રભુ આપેરે ॥ હમચડી૦ ॥ ૮ ॥ દીક્ષા મહોચ્છવ કરવા આવે, સપરિવાર સુરિંદો ॥ શિબિકા નામે સુદર્શનારે, આગલ ઠવે નરીંદરે ॥ હમચડી૦ ॥૯॥

॥ ઢાલ ॥ ૪ ॥ રાગ મારૂ ॥ એ દેશી ॥

॥ ચૈત્ર વદી આઠમ દીનેરે, ઉત્તરાષાઢારે ચંદ ॥ શિબિકાયે બેસી ગયારે, સિદ્ધારથ વનચંદોરે ॥ ૧ ॥ ઋષભ સંયમ લીયે ॥ એ આંકણી ॥ અશોક તરૂતલે આવીનેરે, ચઉમુઠી લોચ કીધ ॥ ચાર સહસવડ રાજવીરે; સાથે ચારિત્ર લીધરે ॥ ઋ૦ ॥ ૨ ॥ ત્યાંથી વિચર્યા જિન-પતિરે, સાધુતણે પરિવાર ॥ ઘરઘર ફરતાં ગૌચરીરે, મહીઅલ કરે વિહારરે ॥ ઋ૦ ॥ ૩ ॥ ફરતાં તપ કરતાં થકાંરે, વરસ દિવસ હુઆ જામ ॥ ગજપુર નયર પધારીયારે, દીઠા શ્રેયાંસે તામરે ॥ ઋ૦ ॥ ૪ ॥ વરસી પારણું જિન જઈરે, શેલડી રસ તિહાં કીધ ॥ શ્રેયાંસે દાન દેઇનેરે, પરભવ શંબલલિધરે ॥ ઋ૦ ॥ ૫ ॥ સહસવરસ લગે તપતપીરે, કર્મ કર્યાં ચકચુર ॥ પુરિમતાલપુર આવીયારે,

વીચરતાં બહુ ગુણપુરારે ॥ ઋ૦ ॥ ૬ ॥ ફાગણ વદિ અગીયારસેંરે, ઉત્તરાષાઢારે યોગ ॥ અઠ્ઠમ તપ વડહેઠલેરે, પામ્યા કેવલ નાણરે ॥ રૂષભ ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ કપુર હોવે અતિ ઉજલોરે ॥ એ દેશી ॥

॥ સમવસરણ દેવે મલીરે, રચિયું અતિહિ ઉદાર ॥ સિંહાસન બેસી કરીરે, દીએ દેશના જિન સાર ॥ ચતુરનર૦ ॥ ૧ ॥ કીજે ધર્મ સદાઇ, જિમ તુમ શિવ-સુખ થાય ॥ ચતુરનર ॥ કીજે૦ ॥ એ આંકણી ॥ બારે પરખદા આગલેરે, કહે ધર્મ ચ્યારે પ્રકાર ॥ અમૃત સમ દેશના સુણીરે, પ્રતિ બોધ્યા નરનાર ॥ ચતુરનર૦ ॥ ૨ ॥ ભરતતણા સુત પાંચસેરે, પુત્રી સાતસેં જાણ ॥ દિક્ષા લીયે જિનજી કનેરે, વૈરાગે મન આણ ॥ ચતુરનર૦ ॥ ૩ ॥ પુંડરીક પ્રમુખ થયારે, ચોરાસી ગણધાર ॥ સહસ ચોરાસી તિમ મલીરે, સાધુ તણો પરિવાર ॥ ચતુરનર૦ ॥ ૪ ॥ બ્રાહ્મી પ્રમુખ વલી સાહુણીરે, ત્રણ લાખ સુવિચાર ॥ પાંચ સહસ ત્રણ લાખ ભલારે, શ્રાવક સમક્તિ ધાર ॥ ચતુરનર૦ ॥ ૫ ॥ ચોપન સહસ પંચ લાખ કહીરે, શ્રાવિકા શુદ્ધ આચાર ॥ ઈમ ચઉવિહ સંઘ થાપીનેરે, ઋષભ કરે વિહાર ॥ ચતુરનર૦ ॥ ૬ ॥ ચારિત્ર એક લખ પૂર્વનુરે, પાંલ્યુ ઋષભ જિણંદ ॥ ધર્મ તણે ઉપદેશથીરે, તાર્યા

ભવિજન વૃંદ ॥ ચતુરનર૦ ॥ ૭ ॥ મોક્ષ સમય જાણી કરીરે, અષ્ટાપદ ગિરિ આવ ॥ સાધુ સહસ દશસું તિહાંરે, અણુસણ કીધું ભાવ ॥ ચતુરનર૦ ॥ ૮ ॥ મહા વદી તેરસ દીનેરે, અભિજીત નક્ષત્ર ચંદ્ર યોગ ॥ મુક્તિ પહોત્યા ઋષભજીરે, અનંત સુખ સંજોગ ॥ ચતુરનર૦ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૬ રાગ ધનાશ્રી ॥ કડખાની ॥ એ દેશી ॥

તું જ યો તું જ યો, ઋષભ જિન તું જયો, અલજયો હું તુમ દરસન કરવા ॥ મેહેર કરો ધણી, વિનવું તુમ ભણી, અવર ન કોઇ કોઈ ધણીજગ ઉધરવા ॥ તુજ૦ ॥ ૧ ॥ જગમાંહે મેહને મોર જિમ પ્રીતડી, પ્રીતડી જેહવી ચંદ્ર ચકોરા ॥ પ્રીતડી રામ લક્ષમણ તણી જેહવી, રાત દિન નામ ધ્યાઉં દરસ તોરા ॥ તુજ૦ ॥ ૨ ॥ શિતલ સુરતરૂ તણી તીહાં છાંયડી, શિતલો ચંદ ચંદન ઘસારો ॥ શીતલું કેલ કપુર જિમ શિતલું, શીતલો તિમ મુઝમન મુખ તમારો ॥ તુજ૦ ॥ ૩ ॥ મીઠડો શેલડી રસ જિમ જાણીએ, ખટરસ દ્રાખ મીઠી વખાણી ॥ મીઠડિ આંબલા શાખજિમ તુમ તણી, મિઠડિ મુજમન તિમ તુમ વાણી ॥ ॥ તુજ૦ ॥ ૪ ॥ તુમ તણા ગુણ તણો પારહું નવિ લહુ, એક જીભે કેમ મેં કહીજે ॥ તાર મુજ તાત સંસાર સાગર થકી, રંગશું શીવરમણી વરીજે ॥ તુ૦ ॥ ૫ ॥

॥ કલશ ॥ ઈમ ઋષભ સ્વામી, મુક્તિગામી ચરણ નામી શીરએ ॥ મરૂદેવી નંદન સુખ નંદન, પ્રથમ જિન જગદીશએ ॥ મનરંગ આણી, સુખવાણી, ગાઇઓ જગ હિતકરૂ ॥ કવિરાય લબ્ધિ નિજ સુસેવક, પ્રેમ વિજય આનંદ વરે ॥ ઇતિ શ્રી રૂષભ સ્વામીના તેર ભવનું સ્તવન ॥

---

## અથ શ્રી મલ્લીનાથ જિન સ્તવન.

॥ દૂહા ॥ નવપદ સમરી મનશુદ્ધે, વલી ગૌતમ ગણધાર ॥ સરસ્વતી માતા ચિત્ત ધરૂં, વાધે વચન ઉદાર ॥ ૧ ॥ મલ્લીનાથ ઓગણીસમા; જિનવર જગમાં જેહ ॥ ગુણ ગાઈશું તેહના, સુગુણ સુણો ધરી નેહ ॥ ૨ ॥ કિણ દેશ કિણ નગરમેં, કવણ પિતા કુણ માત ॥ પાંચ કલ્યાણક પરગડા, વિગત કરી કહું વાત ॥ ૩ ॥ ઢાલ ॥ ૧ ॥ રામચંદકે બાગમેં ચંપો મોય રહ્યોરી ॥ એ દેશી ॥

॥ ઈણહીજ જંબુદ્વીપ, ક્ષેત્ર ભરત સુખકારી ॥ નયરી મિથિલા નાંમ, અલકાને અણુહારિ ॥ ૧ ॥ તિહાં નૃપ કુંભ નરેસર રાય, રાણી પ્રભાવતી નામે ॥ શીયલ ગુણ સમિહિત, જસ પસર્યો ઠામો ઠામે ॥ ૨ ॥ એક દિવસે તે નાર, સુતી સેજ મોઝારિ ॥ દેખી ચૌદે સુપન, તે જાગી તિણિવારે ॥ ૩ ॥ પતિની પહોતી પાસ, સુપન સહું તે કહીયા ॥ નૃપ હરખ્યો મન માંહે, અનુપમ હેતે લહીયા

॥ ૪ ॥ સુપન તણે અનુસાર, પુત્રી હોશે પુન્યવંતી ॥ અરથ સુણીને તેહ, ઘરપેહોતી ગહગહતી ॥ ૫ ॥ કહું પુર્વ ભવ વાત, જિહાંથી ચવી આવ્યા ॥ વીતશોકા નામે નગરી, મહાબલ નામ કહાયા ॥ ૬ ॥ તે મલીયા છએ મિત્ર, સહુ મલી દીક્ષા લીધી ॥ મહાબલ વંચ્યા મિત્ર, તપમે માયા કીધિ ॥ ૭ ॥ સેવ્યાં સ્થાનક વીસ, ગૌત્ર તીર્થંકર બાંધ્યો ॥ સ્ત્રી વેદ ઉદાર, પુન્યમેં પાપએ સાધ્યો ॥ ૮ ॥ અણસણ કરીય તે વાર, જિન ધર્મશું લય લાઇ ॥ છએ જીવ જયન્તિ વિમાન, સુર પદ્વી તીહાં પાઇ ॥ ૯ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ શ્રી ચંદ્રપ્રભુ પાહુણો રે ॥ એ દેશી ॥

॥ ઇણુહીજ જંબુદ્વીપમારે, ભરત ક્ષેત્ર કહેવાયરે ॥ છએ મિત્ર તિહાં જે ઉપનારે, તે સુણજ્યો ચિતલાયરે ॥ ઈણુહીજ૦ ॥ ૧ ॥ પડિબુદ્ધા ઈખ્ખવાગમાંરે, વદછાય અંગરાયરે ॥ શંખ કાશીનો રાજીયોરે, રૂપી કુણાલ કહાયરે ॥ ઈણુહીજ ॥ ૨ ॥ આદિત શત્રુ કુરુ દેશમાંરે, જિતશત્રુ પંચાલ કહાયરે ॥ જયંતથી ચવી તે સહું રે, ઇહા અવતાર લહાયરે ॥ ઈણુહીજ૦ ॥ ૩ ॥ મહાબલ જીવ તિહાં થકીરે, પુન્યવંત પ્રધાનરે ॥ ફાગણસુદી ચોથ નેરે, ચવિયા શ્રી જયંત વિમાનરે ॥ ઇણુ૦ ॥ ૪ ॥ પ્રભાવતી ઉર અવતર્યારે, માસ હુવા જવ તીનરે ॥ ડોહલો એવો ઉપનોરે, વિણુ પૂજ્યા રહે દીનરે ॥ ઇણુહીજ૦ ॥ ૫ ॥

જલ થલ ઉપન્યા ફુલનીરે, સુવું સેજ બિછાયરે ॥ પાંચ વરણ ફુલ ચંદ્રઆરે, સુગંધ સરૂપ સહાયરે ॥ ઈણહીજ૦ ॥ ૬ ॥ નવસરો હાર ફુલાં તણોરે, હું પેહેરૂં મનરંગ ॥ વાણવ્યંતર તે દેવતારે, પુરે તેહ સુગંધરે ॥ ઈણહીજ૦ ॥ ૭ ॥ મૃગસીર શુદી અગીઆરસેરે, જાયી પુત્રી રતનરે ॥ અર્દ્ધ નીશા વીત્યા પછીરે, માતાજી હરખી મનરે ॥ ઈણહીજ૦ ॥ ૮ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ આદર જીવ ક્ષમા ગુણ આદર ॥
એ દેશી ॥

॥ છપન કુમરિ આઇ તિહાંહરખે, જિનવર વંદી પાયજી ॥ જન્મ મહોચ્છવ કરીય જુગતીસું, ગઈ નિજ-ગૃહ મતિ લાયજી ॥ છપન૦ ॥ ૧ ॥ ચોસઠ ઇંદ્ર તિહાં-કણે આવી, મેરૂશિખર નવરાયજી ॥ ગીત મધુર ધ્વનિ નાટક કરકે, મુકી ગયા નિજ ઠામજી ॥ છપન૦ ॥ ૨ ॥ હવે પ્રભાત થયો કુંભ રાજા, જન્મ મહોચ્છવ કીધજી ॥ ॥ દશ ઉઠણે બહુ જન જમાવી, મલ્લિ કુંવરી નામ દીધજી ॥ છપન૦ ॥ ૩ ॥ એક શત વરસ થયા કેઈ ઉણા, અવધિ પ્રયુંજી જ્ઞાનજી ॥ પૂર્વભવ છએ મિત્રો કેરા, લહી આગ્રાણ અને નામજી ॥ છપન૦ ॥ ૪ ॥ તે મુજ રૂપે મોહ્યા સઘલા, આસ્યા એણે ઠામજી ॥ ઈમ જાણી કુંમરી ગૃહ માંહે, કનક મૂર્તિ કરી તામજી ॥ છપન૦ ॥ ૫ ॥ મસ્તકે સોઝ

કુવલ એક મુકે, આપ જિમે તિણે માંહીજી ॥ દિવસ કેતે તે દુર્ગંધ પ્રગટી, મિત્રો દેખાઈ ઉછાંહજી ॥ છપન૦ ॥૬॥ તે દેખી છએ મિત્ર પ્રતિ બોધ્યા, સહુ ગયા નિજ નિજ ગેહજી ॥ હવે મલ્લી દીક્ષા અવસર જાણી, દે વર્ષીદાન તેહજી ॥ છપન૦ ॥ ૭॥

॥ ઢાલ ॥૪॥ જિન પ્રતિમા હો જિન સારીખી કહી
॥ એ દેશી ॥

મૃગશીર શુદી અગીઆરસે આવીયા, તીનસે નર લઇ સાથ ॥ તીનસે નારી હો વલી લીધી દિક્ષા, છોડી સહૂ ઘર આથ ॥ મૃગસીર૦ ॥ ૧ ॥ તીણુહીજ દિન સંધ્યા સમય થયાં, લહીયે કેવલ નાણ ॥ તતક્ષણ સમવ સરણ દેવે કીધાં, સીધ્યાં સઘલા કાજ ॥ મૃગ૦ ॥ ૨ ॥ પરખદા બારહ લહી બેઠાં તિહાં, સુણી ધર્મ ધરિ નેહ ॥ તીણ સમે છએ મિત્ર પણ આવીયા, લઈ દિક્ષા તજી નેહ ॥ મૃગ૦ ॥ ૩ ॥ અઠાવીસ ગણધર થાએ જિનવરને, સાધુ સહસ ચાલીસ ॥ સાધ્વી સહસ પંચાવન જેહને, કરે ધર્મ નિશદીશ ॥ મૃગ૦ ॥ ૪ ॥ સહસ ચોરાસી એક લખ શ્રાવક, શ્રાવકણી લખ તીન ॥ સહસ પાંસઠ છે ઉપર જેહને, તપ જપ કરે નીસ દીન ॥ મૃગ૦ ॥ ૫ ॥ સહસ પંચાવન આયુ પાલીને, ઉપશમ ધરીએ ઉદાર ॥ પરઉપ-ગારી હો શ્રી જિનવરતણો, નામ લીયો નિસ્તાર ॥ મૃગ૦

॥ ૬ ॥ પાંચસે સાધુ અઢીસેં સાધવી, લઈ સાથે પરીવાર ॥ સમેતશિખરે જિનવર ચાલીયા, સુમતી ગુપ્તિ સુવિચાર ॥ મૃગ૦ ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૫ ॥ આજહો પરમારથ પાચો ॥ એ દેશી ॥

॥ મલ્લિહો સમેતશિખર સિધાયા, ગિરિવર દેખી બહુ સુખ પાયા ॥ સઘલાં સાધ્યારે મન ભાયા, છોડી સકલ સંસારની માયા ॥ મલ્લિ૦ ॥ ૧ ॥ સહૂ જીવનાં પુઢવી પદ પમજ્જણુ કીધા, સા ધાર્યાં મન વંછીત સિદ્ધા ॥ ડાભ સંથારે સુમન વીધા, ધર્મ શુકલ ધ્યાન સાથે લીધા ॥ ॥ મલ્લિ૦ ૨ ॥ ચોરાસી લખ જીવ ખમાયા, પાપ અઢારે દૂર ગમાયા ॥ સિદ્ધિવધુ મિલવા ઉમાયા, પડિલેહી છોડી નિજ કાયા ॥ મલ્લિ૦ ॥ ૩ ॥ સાધવી અંતર પરખદ રહીયે, બારહ પરખદા સાંધુની કહીયે ॥ કાઉસગ્ગ કરીને કાયા દહીયે, સિદ્ધ ધ્યાનસું શિવપદ લહીયે ॥ મલ્લિ૦ ॥૪॥ રૂતુ વસંત ફાગણુ સુખદાઈ, શુકલપક્ષ બારસ અતિસા સાઈ ॥ અરધી નીશા જીમ ભરણી આઈ, તબ મલ્લિ નિજ મુગતિ સીરી પાઈ ॥ મલ્લિ૦ ॥ ૫ ॥ અવિનાશી અવિકાર કહાઇ, પરમ અતીંદ્રિય સુખ લહાઇ ॥ સમાધાન સરવંગ સહાઈ, પરમ રસ સરવંગ સહાઈ ॥ મલ્લિ૦ ॥ ૬ ॥ સિદ્ધ બુદ્ધ અવિરૂદ્ધ એ કહીયે, આદિ ન કોઇ એહનો લહીયે ॥ ॥ મૃગશિર સુદ અગીઆરસ આયા, જિન વચને કરી સદ-હીએ ॥ મલ્લિ૦ ॥ ૭ ॥

॥ કલશ ॥ સંવત સત્તર વરસ છપન, આસો માસ ઉદાર એ ॥ પ્રતિપદા તિથિ શુકલ પક્ષે, જેસલમેર મોઝાર એ ॥ પ્રધાન પાઠક શ્રી કુશલ ધીરે, ગુરૂએ સાંનિધ્ય કરા ॥ એ સ્તવન કીધો કુશલ લાભે, ધર્મ માર્ગ મનમેં ધરી ॥ ઇતિ શ્રી મલ્લિનાથજી વૃદ્ધ સ્તવન્ ॥

## ॥ શ્રી મહાવીરસ્વામીનું પંચકલ્યાણકનું ત્રણ ઢાળનું સ્તવન ॥

॥ દુહા શાસન નાયક શિવકરણ, વંદુવીર જિણંદ ॥ પંચ કલ્યાણક જેહના; ગાશુ ધરી આણંદ ॥ ૧ ॥ સુણતાં થુણતાં પ્રભુ તણા, ગુણ ગીરૂઆ એકતાર ॥ ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફલ હુએ અવતાર ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ૧ ॥ બાપડી સુણ જીભલડી ॥ એ દેશી ॥

॥ સાંભળજ્યો સસ્નેહી સયણાં, પ્રભુના ચરિત્ર ઉલ્લાસે ॥ જે સાંભળશે પ્રભુ ગુણ તેહના, સમકિત નિર્મળ થાશેરે ॥ સાં૦ ॥ ૧ ॥ જંબુદ્વીપે દક્ષીણ ભરતે, માહણ કુંડ ગામે ॥ ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામેરે ॥ સાં૦ ॥ ૨ ॥ અષાઢ સુદી છઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવિયા ॥ ઉત્તરા ફાલ્ગુની યોગે આવી, તસ કુખે અવતરીયારે ॥ સાં૦ ॥ ૩ ॥ તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે ॥ પ્રભાતે સુણી કંથ ઋષભદત્ત, હિયડામાંહી હરખેરે ॥ સાં૦ ॥ ૪ ॥ ભાખે ભોગ અર્થ સુખ

હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ ॥ તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણુરે ॥ સાં૦ ॥ ૫ ॥ ભોગ ભલા ભોગવતા વિચરે, એ હવે અચરિજ હોવે ॥ સતક્રુતુ જીવ સુરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવેરે ॥ સાં૦ ॥ ૬ ॥ કરી વંદનને ઇંદ્ર સન્મુખ, સાત આઠ પગ આવે ॥ શક્રસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવેરે ॥ સાં૦ ॥ ॥ ૭ ॥ સંશય પડિઓ એમ વિમાસે, જિનચક્રી હરીરામ ॥ તુચ્છ દરિદ્ર માહણકુલ નાવે, ઉગ્રભોગ વિણ ધામેરે ॥ ॥ સાં૦ ॥ ૮ ॥ અંતિમ જિન માહણ કુલ આવ્યા, એહ અછેરૂ કહીએ ॥ ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી, જાતાં એહવું લહીએરે ॥ સાં૦ ॥ ૯ ॥ ઇણ અવસપિણી દસ અછેરાં, થયાં તે કહીએ તેહ ॥ ગર્ભ હરણ ગોસાલા ઉપસર્ગ, નિષ્ફળ દેશના જેહરે ॥ સાં૦ ॥ ૧૦ ॥ મૂલ વિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત ॥ એ શ્રી વીરજિણેસર વારે, ઉપના પંચ વિખ્યાતરે ॥ સાં૦ ॥ ૧૧ ॥ સ્ત્રી તીર્થ મલ્લિજિનવારે, શીતલને હરિવંશ ॥ ઋષભને અઠ્ઠોત્તરસો સીધા ॥ સુવિધિ અસંજતી સંસરે ॥ સાં૦ ॥ ॥ ૧૨ ॥ શંખ શબ્દ મીલીયા હરિ હરસ્યું, નેમીસરને વારે ॥ તીમ પ્રભુ નીચ કુલે અવતરીયા, સુરપતિ એમ વિચારેરે ॥ સાં૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ ॥ ૨ ॥ નદી યમુનાકે તીર ॥ એ દેશી ॥

॥ ભવ સત્તાવીસ સ્થુલમાંહિ ત્રીજે ભવે, મરીચી

કીયો કુલનો મદ ભરત યદા સ્તવે ॥ નીચ ગોત્ર કરમ બાંધ્યું તિહાં તે વતી ॥ અવતરીયા માહણ કુલ અંતીમ જિનપતિ ॥ ૧ ॥ અતિ અઘટતું એહ થયું થાશે નહીં, જે પ્રસવે જિન ચક્રી નીચકુલે નહીં ॥ ઇહાં મારો આચાર ધરૂં ઉત્તમ કુલે, હરણીગમેષી દેવ તેડાવે એટલે ॥ ૨ ॥ કહે માહણકુંડ નયરે જાઇ ઉચિત કરો, દેવાનંદા કુખેથી પ્રભુને સંહરો ॥ નયર ક્ષત્રીયકુંડ રાય સિદ્ધારથ ગેહિની, ત્રિશલા નામે ધરો પ્રભુ કુખે તેહની ॥ ૩ ॥ ત્રીશલા ગર્ભ લઇને ધરો માહણી ઉરે, બ્યાસી રાત વસીને કહ્યું તીમ સુરકરે ॥ માહણી દેખે સુપન જાણે ત્રીશલા હર્યાં, ત્રીશલા સુપન લહે ચૌદ અલંકર્યાં ॥ ૪ ॥ હાથી વૃષભ સિંહ લક્ષ્મી માલા સુંદરૂં, શસી રવિ ધ્વજ કુંભ પદ્મ સરોવર સાગરૂં ॥ દેવ વિમાન રયણ પુંજ અગ્નિ વિમલ હવે, દેખે ત્રિશલા એહ કે પીઉને વિનવે ॥ ૫ ॥ હરખ્યો રાય સુપન પાઠક તેડાવિયાં, રાજભોગ સુતફલ સુણી તેહ વધાવિયા ॥ ત્રિશલારાણી વિધિસ્યું ગર્ભસુખે હવે, માય તણે હિત હેત કે પ્રભુ નિશ્ચલ રહે ॥ ૭ ॥ માય ધરે દુઃખ જોર વિલાપ ઘણું કરે, કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે ॥ ગર્ભ હર્યો મુજ કેણ હવે કેમ પામીએ, દુઃખનો કારણ જાણી વિચાર્યું સ્વામીયે ॥ ૭ ॥ અહો અહો મોહ વિટંબણ જાલમ જગતમે, અણદીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં ॥ તામ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું, માત પિતા

જીવતા સંયમ નવિ ગ્રહું ॥ ૮ ॥ કરૂણા આણી અંગ હલાવ્યું જિનપતિ, બોલી ત્રિશલા માત હિયે ઘણું હિસતી ॥ અહો મુજ જાગ્યાં ભાગ્ય ગર્ભ મુજ સલસલ્યો, સેવ્યો શ્રી જિનધર્મ કે સુરતરૂ જિમ ફલ્યો ॥ ૯ ॥ સખીય કહે શીખામણ સ્વામીની સાંભલો, હળવે હળવે બોલો હસો રંગે ચલો ॥ ઈમ આનંદે વિચરંતા ડોહલા પુરતે, નવ મહિનાને સાડાસાત દિવસ થતે ॥ ૧૦ ॥ ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા, જોગે જન્મ્યા વીર કે તવ વીકસી ધરાં ॥ ત્રિભુવન થયો ઉદ્યોત કે રંગ વધામણાં, સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા ॥ ૧૧ ॥ આવી છપ્પન કુમારી કે ઓછવ પ્રભુ તણે, ચલ્યુંરે સિંહાસન ઈંદ્રિકે ઘંટારણ ઝણે ॥ મળી સુરની કોડ કે સુરવર આવીયો; પંચ રૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો ॥ ૧૨ ॥ એક કોડ સાઠ લાખ કલશ જલશું ભર્યાં ॥ કિમ સેહેસ્યે લઘુવીર કે ઈંદ્ર સંશય ધર્યાં ॥ પ્રભુ અંગુઠે મેરૂ ચાંપ્યો અતિ ઘડ ઘડે, ગડગડે પૃથ્વી લોક જગતના લડથડે ॥ ૧૩ ॥ અનંતબળી પ્રભુ જાણી ઇંદ્રે ખમાવિઓ, ચાર વૃષભનાં રૂપ કરી જલ નામીઓ ॥ પુજી અરચી પ્રભુને માય પાસ ધરે, ધરી અંગુઠે અમૃત ગયા નંદીશ્વરે ॥ ૧૪ ॥

॥ ઢાલ ॥ ૩ ॥ દેશી હમચડીની ॥

॥ કરી મહોચ્છવ સિદ્ધારથ ભૂપ, નામ ધારે વર્ધમાન ॥ દીન દીન વાધે પ્રભુ સુરતરૂ જિમ, રૂપ કલા

અસમાન રે ॥ હમચડી ॥ ૧ ॥ એક દિન પ્રભુજી રમવા કારણ, પુંર બાહિર જાવે ॥ ઈંદ્ર મુખે પ્રશંસા સુણી તિહાં, મિથ્યાત્વી સુર આવે રે ॥ હમચડી ॥ ૨ ॥ અહિ રૂપે વિટાણો તરૂસ્યું, પ્રભુ નાંખ્યો ઉછાલી ॥ સાતતાડનું રૂપ કર્યું તબ, મુઠે નાંખ્યો વાલી રે ॥ હમચડી ॥ ૩ ॥ પાયે લાગીને તે સુર ખામે, નામ ધરે મહાવીર ॥ જેવો ઈંદ્ર વખાણ્યો સ્વામા, તેવો સાહસ ધીરરે ॥ હમચડી ॥ ૪ ॥ માતા પીતા નિશાળે મુકે, આઠ વરસના જાણી ॥ ઈંદ્રતણા તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણીરે ॥ હમચડી ॥ ૫ અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી ॥ અઠ્ઠાવીસે વરસે પ્રભુનાં, માત પિતા નિર્વાણીરે ॥ હમચડી ॥ ૬ ॥ દોય વરસ ભાઈને આગ્રહ, પ્રભુ ઘરવાસે વસીયા ॥ ધર્મ પંથ દેખાડો ઈમ કહે, લોકાંતિક ઉલસીયા રે ॥ ॥ હમચડી ॥ ૭ ॥ એક કોડ આઠ લાખ સોનઈયા, દીન દીન પ્રભુજી આપે ॥ ઈમ સંવચ્છરી દાન દઈને, જગનાં દારિદ્રય કાપેરે ॥ હમચડી ॥ ૮ ॥ છાંડ્યા રાજ અંતેઉર પ્રભુજી, ભાઇએ અનુમતિ દીધી ॥ મૃગશીર વદ દશમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધીરે ॥ હમચડી ॥ ૯ ॥ ચઉનાણી તિણ દીનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝેરે ॥ ચિવર અર્ધ બ્રાંહ્મણને દીધું, ખંડ ખંડ એ ફેરી રે ॥ હમચડી ॥૧૦॥ ઘોર પરિસહ સાઢા બારે, વરસ જે જે સહીયા ॥ ઘોર અભિગ્રહ જે જે ધરીયા, તે નવિ જાયે કહીયારે ॥ હમ-

ચડી ॥ ૧૧ ॥ સૂલપાણીને સંગમદેવે, ચંડકોસી ગોસાલે ॥ દીધું દુખને પાયસ રાંધી, પગ ઉપર ગોવાલેરે ॥ હમચડી ॥ ૧૨ ॥ કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મુકી રાઢી ॥ જે સાંભલતાં ત્રિભુવન કંપ્યાં, પર્વત શિલા ફાટીરે ॥ હમ-ચડી ॥ ૧૩ ॥ તે તેં દુષ્ટ સહુ ઉધરીયા, પ્રભુજી પર ઉપગારી ॥ અડદ તણા બાકુલા લઇને, ચંદન બાલા તારીરે ॥ હમચડી ॥ ૧૪ ॥ દોય છ માસી નવ ચઉ માસી અઢી માસી ત્રણમાસી ॥ દોઢ માસી બે બે કીધાં, છકીધાં બે માસીરે ॥ હમચડી ॥ ૧૫ ॥ બાર માસને પખ બોહોંતેર, છઠ બસેં ઓગણત્રીસ વખાણું ॥ બાર અઠમ ભદ્રાદિ પ્રતિમાં, દીન દોઈ ચાર દશ જાણુંરે ॥ હમચડી ॥ ૧૬ ॥ ઈમ તપ કીધાં બારે વરસે, વીણ પાણી ઉલ્લાસે ॥ તેમાં પારણાં પ્રભુજીએ કીધાં, ત્રણસેં ઓગણ-પચાસરે ॥ હમચડી ॥ ૧૭ ॥ કર્મ ખપાવી વૈશાખમાસે, સુદ દશમી સુભ જાણ ॥ ઉત્તરા યોગ શાલિવૃક્ષ તલે, પામ્યા કેવલ નાણરે ॥ હમચડી ॥ ૧૮ ॥ ઈંદ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી ॥ સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધીરે ॥ હમચડી ॥ ૧૯ ॥ ચઉદ સહસ અણગાર સાધવી, સહસ છત્રીસ કહીજે ॥ એક લાખને સહસ ગુણ સઠિ, શ્રાવક શુદ્ધ કહીજેરે ॥ હમચડી ॥ ૨૦ ॥ તીન લાખ અઢાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા જાણી ॥ ત્રણસેં ચૌદ પૂર્વધારી, તેરસેં ઓહી

નાણીરે ॥ હમચડી ॥ ૨૧ ॥ સાત સયાં તે કેવલનાણી લબ્ધિધારી પણ તેતા ॥ વિપુલ મતિયા પાંચસેં કહીયા, ચારસેં વાદી જિત્યારે ॥ હમચડી ॥ ૨૨ ॥ સાતસેં અંતેવાસી સીધ્યા, સાધ્વી ચૌદસેં સાર ॥ દીન દીન તેજ સવાયે દીપે એ, પ્રભુજીનો પરિવારરે ॥ હમચડી ॥ ૨૩ ॥ ત્રીસ વરહ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે ॥ તીસ વરસ કેવલ બેંતાલીસ, વરસ સમણા મધેરે ॥ હમચડી ॥૨૪॥ વરસ બહોતેર કેરૂ આયુ, વીર જિણંદનું જાણો ॥ દીવાલી દીન સ્વાતી નક્ષેત્ર, પ્રભુજીનો નિવારણરે ॥ હમચડી ॥૨૫॥ પંચકલ્યાણક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે ॥ સંઘ તણે આગ્રહ હરખ ભરીને, સુરત રહી ચોમાસુંરે ॥ હમચડી ॥ ૨૬ ॥

॥ કલશ ॥ ઇમ ચરમ જિનવર, સયલ સુખકર, શુણ્યો અતિ ઉલટ ધરી ॥ અષાડ ઉજ્વલ પંચમી દિન, સંવત શત ત્રીહોતરે ॥ ભાદ્રવા શુદ પડવા તણે દીન, રવિવારે ઉલટ ભરો ॥ વિમલ વિજય ઉવઝાય પયકજ, ભ્રમર સમ શુભ શીષ્ય એ ॥ રામવિજય જિનવર નામે, લહે અધિક જગીસએ ॥ ૨૭ ॥ ઇતિ શ્રી વીર જિન સ્તવન ॥

## ॥ અથ અઠાઈનું સ્તવન લિખ્યતે ॥

॥ દુહા ॥

સ્યાદવાદ સુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ ॥ પરમ

પંચ પરમેષ્ટીનાં ॥ તાસ ચરણ સુખકંદ ॥ ૧ ॥ ત્રિગુણ ગોચર નામ જે, બુદ્ધિ ઇશાંનમાં તેહ ॥ થયા લોકોત્તર સત્વથી, તે સર્વે જીનગેહ ॥ ૨ ॥ પંચ વરણ અરિહા વિભુ, પંચ કલ્યાણક ધ્યેય ॥ ખટ અઠાઈ સ્તવન રચું, પ્રણમિ અનંત ગુણગેહ ॥ ૩ ॥

॥ ઢાલ પહેલી ॥

॥ કપુર હોએ અતિ ઉજલોરે ॥ એ દેશી ॥

ચૈત્ર માસ સુદિ પક્ષમાંરે ॥ પ્રથમ અઠાઈ સંયોગ ॥ જીહાં સિદ્ધચક્રની સેવના રે, અધ્યાતમ ઉપયોગ રે ॥ ભવિકા પર્વ અઠાઈ આરાધ ॥ મન વંછિત સુખ સાધ રે ॥ ભવિકા૦ ॥ ૧ ॥ ॥ એ આંકણી ॥ પંચ પરમેષ્ટી ત્રિકાલનાં રે ॥ ઉત્તર ચઉ ગુણકંત ॥ સાસ્વતા પદ સિદ્ધ-ચક્રનાં રે, વંદતાં પુન્ય મહંત રે ॥ ભ૦ ॥ ૨ ॥ લોચન કર્ણ યુગલ મુખેરે ॥ નાસિકા અગ્ર નિલાડ ॥ તાલુ સિર નાભિ હૃદે રે ॥ ભમુંહ મધ્યે ધ્યાન પાઠ રે ॥ ભ૦ ॥૩॥ આલંબન સ્થાનક કહ્યાં રે જ્ઞાનિયેં દેહ મઝાર ॥ તેહમાં વિગત વિષયપણે રે ॥ ચિતમાં એક આધારરે ॥ ભ૦ ॥૪॥ અષ્ટ કમલદલ કર્ણીકા રે ॥ નવપદ થાપો ભાવ ॥ બહિર યંત્ર રચિ કરી રે ॥ ધારો અનંત અનુભાવ રે ॥ ભ૦ ॥ ૫ ॥ આસો સુદિ સાતમ થકીરે ॥ બિજી અઠાઈ મંડાણ ॥ બસેં ત્રેતાલીસ ગુણે કરી રે ॥ અસિઆ ઉસા-હિક ધ્યાન રે ॥ ભ૦ ॥ ૬ ॥ ઉત્તરાધ્યયન ટિકા કહે

રે ॥ એ દોય સાસ્વતિ યાત્ર ॥ કરતા દેવ નંદિશ્વરે રે ॥ નર જિમ ઠામ સુપાત્ર રે ॥ ભવિકા૦ ॥ ૭ ॥

॥ ઢાલ બીજી ॥

॥ ભવિકા સિદ્ધચક્ર પદ વંદો ॥ એ દેશી ॥

અસાઢ ચોમાસાની અઠાઈ ॥ જિહાં અભિગ્રહ અધિકાઇ ॥ કૃષ્ણ કુમારપાલ પરેં પાલો ॥ જીવદયા ચિત લાઈ રે ॥ પ્રાણી અઠાઈઓચ્છવ કરીયેં ॥ સચિત આરંભ પરિહરીયેં રે પ્રા૦ ॥ ૧ ॥ દિસિ ગમન તજો વર્ષા સમયેં ॥ ભક્ષ્યાભક્ષ્ય વિવેક ॥ અછતિ વસ્તુ પણ વિરતિયેં બહુ ફલ ॥ વંકચુલ વિવેક રે ॥ પ્રા૦ ॥ ૨ ॥ જે જે દેહ ગ્રહીને મુકયાં ॥ દેહથી જે હિંસા થાય ॥ પાપ આકર્ષણ અવિરતિ યોગે ॥ તે જીવ કર્મ બંધાય રે ॥ પ્રા૦ ॥૩॥ સાયક દેહતા જીવ જે ગતિમાં ॥ વસિયા તસ હોય કર્મ ॥ રાજા રંકને કિરિયા સરિખી, ભગવતિ અંગનો મર્મ રે ॥ પ્રા૦ ॥ ૪ ॥ ચોમાસિ આવશ્યક કાઉસગના ॥ પંચ સત માન ઉસાસા ॥ છઠ તપની આલોયણ કરતાં ॥ વિરતિ સધર્મ ઉલ્લાસ રે ॥ પ્રા૦ ॥ ૫ ॥

॥ ઢાલ ત્રીજી ॥

॥ જીન રયણજી દસદિસ નિરમલતા ધરે ॥ એ દેશી ॥

કાર્તિક સુદીમાં જી ધરમ વાસર અડધારીયે ॥ તિમ વલી ફાગુણે જી પર્વ અઠાઇ સંભારીયેં ॥ ત્રણ અઠાઇ જી ચોમાસિ ત્રણ કારણી ॥ ભવી જીવનાં જી પાતિક સર્વ

નિવારણી ॥૧॥ ત્રુટક ॥ નિકાય ચારના ઈંદ્ર હર્ષિત ॥ વંદે નિજ નિજ અનુચરા ॥ અઠાઈ મહોત્સવ કરણ સમયે ॥ સાસ્વતા એ દેખીયે ॥ સવિ સજ થાઓ દેવદેવી ॥ ઘંટ નાદ વિસેષિયેં ॥ ૨ ॥ ચાલ ॥ વલી સુરપતિ જી ઉદઘોષણા સુરલોકમાં ॥ નીપજાવે જી પરિકર સહિત અસોકમાં ॥ દ્વિપ આઠમે જી નંદિશ્વર સવિ આવિયા ॥ સાસ્વતિ પ્રતિમા જી પ્રણમી વધાવે ભાવિયા ॥૩॥ ત્રુટક ॥ ભાવિયા પ્રણમિ વધાવે પ્રભુને ॥ હરખ બહુલેં નાચતા ॥ બત્રીસ વિધના કરીય નાટિક ॥ કોડિ સુરપતિ માચતા ॥ હાથ જોડી માન મોડિ ॥ અંગ ભાવ દેખાવતી ॥ અપછરા રંભા અતિ અચંભા ॥ અરિહા ગુણ આલાવતિ ॥ ૪ ॥ ચાલ ॥ ત્રણ અઠાઈમાં જી ખટ કલ્યાણક જિનતણા ॥ તથા આલયજી બાવન જિનનાં બિંબ ઘણાં ॥ તસ સ્તવનાજી સદ્‌ભૂત અર્થ વખાણતાં ॥ ઠામે પોહચે જી પછે જિન નામ સંભારતા ॥ ૫ ॥ ત્રુટક ॥ સંભારતાં પ્રભુનું નામ નિસદિન ॥ પરવ અઠાઈ મન ધરે ॥ સમક્તિ નિરમલ કરણ કારણ ॥ શુભ અભ્યાસ એ અનુસરે ॥ નરનારી સમક્તિવંત ભાવે ॥ એહ પર્વ આરાધશે ॥ વિઘન નિવારે તેહનાં સહિ ॥ સોભાગ્ય લક્ષ્મી વાધશે ॥ ૬ ॥

॥ ઢાલ ચોથી ॥

આદિ જિણંદ મયા કરી ॥ એ દેશી ॥

પરવ પજુસણમાં સદા ॥ અમારી પડહો વજડાવો

રે ॥ સંઘ ભગતિ દ્રવ્ય ભાવથી ॥ સાંહમિવચ્છલ શુભ દાવરે ॥ મહોદય પર્વ મહિમા નિધિ ॥ ૧ ॥ સાહમીવચ્છલ એકણ પાસે ॥ એકત્ર કર્મ સમુદાય રે ॥ બુદ્ધિ તોલાયં તોલી યે ॥ તુલ્યલાભ ફલ થાય રે ॥ મ૦ ॥૨॥ ઉદાઈ ચરમ રાજઋષી ॥ તિમ કરો ખાંમણાં સત્ય રે ॥ મિચ્છામિદુકડં દેઈને ॥ ફરી સેવો પાપ વત્તરે ॥ મ૦ ॥ ૩ ॥ તેહ કહ્યા માયા મૃષાવાદી ॥ આવશ્યક નિર્યુક્તિ માંહે રે ॥ ચઇત્ય પરવાડિ કિજીયેં ॥ પૂજા ત્રિકાલ ઉછાહ રે ॥ મ૦ ॥ ૪ ॥ છેહલી ચ્યાર અઠાઇયેં ॥ મહા મહોત્સવ કરે દેવા રે ॥ જિવાભિગમે ઈમ ઉચરે ॥ પ્રભુ શાસનના એ મેવા રે ॥ મ૦ ॥ ૫ ॥

॥ ઢાલ પાંચમી ॥

॥ અરણિક મુનિવર ચાલ્યા ગોચરી ॥ એ દેશી ॥

અઠમનો તપ વાર્ષિક પર્વમા ॥ સલ્ય રહિત અવિરૂદ્ધરે ॥ કારક સાધક પ્રભુના ધર્મનો ॥ ઇછારોધે હોય સુખેરે ॥ તપને સેવો રે કાંતા વિરતીના ॥ ૧ ॥ છુટે ॥ સો વરસે રે કર્મ અકામથી ॥ નારકિ તે તો સકામે રે ॥ પાપ રહિત હોય નવકારસી થકી ॥ સહસતે પોરસી ઠામરે ॥ તપ૦ ॥ ૨ ॥ વધતો વધતો રે તપ કરવા થકી ॥ દસ ગુણો લાભ ઉદારરે ॥ ત૦ ॥ દશ લાખ કોડ વરસનું અઠમે ॥ દુરિત મિટે નિરધારો રે ॥ ૩ ॥ પંચાસ વરસ સુધી તપ્યાં લખમણાં ॥ માયા તપ નવી શુદ્ધ રે ॥

અસંખ્ય ભવ ભમ્યાં રે એક કુવચન થકી ।। પદ્મનાભ વારે સિદ્ધ રે ।। ત૦ ૪ ।। આહાર નિહુરતા રે સમ્યગ તાપ કહ્યો ।। જુઓ અભ્યંતર તત્વ રે ।। ભવોદધિ સેતુ રે અઠમ તપ ભણી ।। નાગકેતુ ફલ તપ રે ।। ત૦ ।। ૫ ।।

।। ઢાલ છઠ્ઠી ।।

।। સ્વામી શ્રીમંધર વિનતી ।। એ દેશી ।।

વાર્ષિક પડિકમણાં વિષે ।। એક હજાર શુભ આઠ રે ।। સાસ ઉસાસ કાઉસગ તણાં ।। આદરી ત્યજો કર્મ કાઠ રે ।। પ્રભુ તુમ શાસન અતિ ભલું ।। ૧ ।। દુગ લખ ચઉ સય અઠ કહ્યાં ।। પલ્ય પણયાલિસ હજાર રે ।। નવ ભાંગે પલ્યનાં ચઉ ગ્રહ્યા ।। સાસમાં સુર આયુ સાર રે ।। પ્ર૦ ।। ૨ ।। ઓગણિસ લાખને ત્રેસઠી ।। સહસ બસેં સતસઠિ રે ।। પલ્યોપમ દેવનું આઉખું ।। નોકાર કાઉસગ જીઠ રે ।। પ્રા૦ ।। ૩ ।। એકસઠ લાખને પણતીસા ।। સહસ બસેં દશ જાણુ રે ।। એટલા પલ્યનું સુર આઉખું ।। લોગસ્સ કાઉસગ માન રે ।। ૪ ।। ધેનું થણ રૂપે રે જીવનાં ।। અચલ છે આઠ પ્રદેશ રે ।। તેહ પરે સર્વ નિર્મલ કરે ।। પર્વ અઠાઇ ઉપદેશ રે ।। પ્ર૦ ।। ૫ ।।

।। ઢાલ સાતમી ।।

।। લીલાવંત કુંવર ભલો એ દેશી ।।

સોહમ કહે જંબુ પ્રતે ।। જ્ઞાનાદિ ધર્મ અનંત રે વિનીત ।। એ આંકણી ।। અર્થ પ્રકાશે વિરજી ।। તિમ મેં

રચિઓ સિદ્ધાંત રે ॥ વિનીત ॥ ૧ ॥ પ્રભુ આગમ ભલો વિશ્વમાં ॥ ષઠ લાખ ત્રણુસેં ને તેત્રીસ ॥ એ ગુણા સાઠ હજાર રે ॥ વિ૦ ॥ પીસ્તાલીસ આગમ તણો ॥ સંખ્યા જગદાધાર રે વિ૦ ॥ ૨ ॥ પ્ર૦ ॥ અથમીએ જીન કેવળ રવિ ॥ સુત દીપે વ્યવહાર રે ॥ વિ૦ ॥ ઉભય પ્રકાશક સૂત્રનો ॥ સંપ્રતિ બહુ ઉપગાર રે ॥ વિ૦ ॥ ૩ ॥ પ્ર૦ ॥ પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગિરી ॥ મંત્રમાંહે નવકાર રે ॥ વિ૦ શુકલધ્યાન છે ધ્યાનમાં ॥ કલ્પસૂત્ર તિમ સાર રે ॥ વિ૦ ॥ ૪ ॥ પ્ર૦ ॥ વિર વર્ણવ છે જેહમાં ॥ શ્રી પર્વ તસુ સેવ રે ॥ વિ૦ ॥ છઠ તપે કલ્પસૂત્ર સુણે મુદા ॥ ઉચિત વિધિ તતખેવરે ॥ વિ૦ ॥ ૫ ॥ પ્ર૦ ॥

॥ ઢાલ આઠમી ॥

॥ તપસુ રંગ લાગ્યો ॥ એ દેશી ॥

નેઉ સહસ સંપ્રતિ નૃપે રે ॥ ઉદ્ધાર્યા જૈન પ્રાસાદ રે ॥ છત્તિસ સહસ નવાં કરયાં રે ॥ નિજ આયુ દિનવાદ રે ॥ મનને મોદે રે ॥ પૂજો પૂજો મહોદય પર્વ ॥ મહોત્સવ મોટે રે ॥ ૧ ॥ અસાંખ્ય ભરતના પાટવીરે ॥ અઠાઈ ધર્મનાં કામિ રે ॥ સિદ્ધગિરીયેં શિવપુરી વરયા રે ॥ અજરામર શુભ ધામિ રે ॥ મ૦ ॥ ૨ ॥ યુગપરધાન પુરવ ધણી રે ॥ વયર સ્વામિ અણુધાર રે ॥ નિજ પિતુ મિત્ર પાસે જઈ રે ॥ જાચ્યાં ફુલ તઈયાર રે ॥ મ૦ ॥ ૩ ॥ વીસ લાખ ફુલ લેઇ ને રે, આવ્યા ગિરી હીમવંત રે ॥

શ્રીદેવી હાથે લીયા રે ॥ મહા કમલ ગુણવંત રે ॥ મ૦ ॥ ૪ ॥ પછે જિનરાગીને સુંપિયા રે ॥ સુભીક્ષ નયર મઝાર રે॥ સુગત મત ઉછેદિને રે ॥ સાસન શોભા અપાર રે ॥ મ૦ ॥ ૫ ॥

॥ ઢાલ નવમી ॥

॥ ભરત નૃપ ભાવશું એ ॥ એ દેશી ॥

પ્રાતિહારજ અડ પામીયે એ ॥ સિદ્ધ પ્રભુના ગુણ આઠ ॥ હરખ ધરી સેવીયે એ ॥ જ્ઞાન દર્શન ચારિત્રનાં એ ॥ આઠ આચારણાં પાઠ ॥ હ૦ ॥ સેવો સેવો પર્વ મહંત હ૦ ॥ ૧ ॥ પવયણ માતા સિદ્ધિનું એ॥ બુદ્ધિ ગુણાં અડ દૃષ્ટિ ॥ હ૦ ॥ ગણિ સંપદ અડ સંપદા એ ॥ આઠમી ગતિ હિયે પુષ્ટિ ॥ હ૦ ॥ ૨ ॥ આઠ કર્મ અડ દોષને એ ॥ અડ મદ પરમાદ ॥ હ૦ ॥ પરિહરી આઠ વિધ કારણ ભજીએ ॥ આઠ પ્રભાવક વાદ ॥ હ૦ ॥ ૩ ॥ ગુજર હલિ દેશમાં એ ॥ અકબરશાહ સુલતાન ॥ હ૦ ॥ હિરજી ગુરૂનાં વયણથી એ ॥ અમારી પડહ વજડાવી ॥ હ૦ ॥ ૪ ॥ સેનસુરી તપગચ્છ મણિ એ ॥ તિલક આણુંદ મુણિંદ ॥ હ૦ ॥ રાજ્યમાન રિદ્ધિ લહે એ ॥ સોભાગ્ય લક્ષ્મી સુરિંદ ॥ હ૦ ॥ ॥ ૫ ॥ સેવો સેવો પર્વ મહંત ॥ હ૦ ॥ પુજો જિનપદ અરવિંદ ॥ હ૦ ॥ પુન્ય

પર્વસુખકંત ॥ હ૦ ॥ પ્રગટે પરમાણંદ ॥હ૦॥ કહે એમ લક્ષ્મી સુરિંદ ॥ હ૦ ॥ ૬ ॥

॥ કલસ ॥

એમ પાસ પ્રભુનો પસાય પામી ॥ નામે અઠાઈ ગુણ કહ્યા ॥ ભવિ જીવ સાધો નિત આરાધો ॥ આત્મ ધર્મે ઉમહ્યાં ॥ ૧ ॥ સંવત જિન અતિશય વસુ સસી ॥ ચૈત્ર પુનમે ધ્યાઇ યા ॥ સોભાગ્યસુરી શિષ્ય લક્ષ્મીસુરી બહુ ॥ સંઘ મંગલ પાઈયા ॥ ૨ ॥

॥ ઇતિ શ્રી અઠાઇ મહોત્સવ સ્તવન સંપૂર્ણમ્ ॥

## શ્રી ગોડીજી પાર્શ્વનાથનું સ્તરન.

### અર્થાતમેઘાસાના ઢાલીયા.

પ્રણમી નીત પરમેસરૂ, આપો અવિચલમત ॥ લઘુતાથી ગુરૂતાકરે, તુસારદ સરસત ॥ ૧ ॥ મુજ ઉપર મયાધરો, દીજે દોલત દાન ॥ ગુણગાઉ ગીરુઆં તણાં, ભવે ભવે ભગવાન ॥૨॥ ધવલ ધેંગ ગોડી ધણી, સહુ કો આવે સંઘ ॥ મહીમદાવાદી મોટકો, નારંગો નવરંગ ॥ ૩ ॥ પ્રતીમાં ત્રીણે પાસની, પ્રગટી પાટણમાંહિ ॥ ભગતિ કરૂં જે ભવીજનાં, કુણ તે એ કહવાય ॥ ૪ ॥ ઉતપત તેહની ઉચરૂં, શાસ્ત્ર તણી કરી સાખ ॥ મોટાં ગુણ મોટાં તણાં ભાખે કવી જન ભાખ ॥ ૫ ॥

## ઢાલ ૧ લી નદી જમુનાકે ॥ એ દેશી ॥

કાશી દેશ મઝારકેનગરી વણારસી, એહ સમોવડ કોય નહીં લંકા જસી ॥ રાજ કરે તિહાં રાય કે અશ્વ-સેન નરપતી, રાણી વામા નામ કે તેહની દીપતી ॥ ૧ ॥ જનમ્યા પાસ કુમાર કે તેણે રાણીએ, ઉચ્છવ કીધો દેવકે ઇંદ્ર ઇંદ્રાણીએ ॥ જોવનપરણ્યા પ્રેમકે કન્યા પ્રભાવતી; નીતનીત નવલાં વેષ કરીને દેખાવતી ॥ ૨ ॥ દીક્ષા લઇ વનવાસ રહ્યા કાઉસગ્ગ જીહાં, ઉપસર્ગ કરવા કાજકે મેઘ-માલી આવ્યો તીહાં ॥ કષ્ટ દેઇને તેહગયો તે દેવતા, પામ્યા કેવલજ્ઞાન આવી નરસેવતા ॥ ૩ ॥ વરસ તેંસોનો આઉખોભોગવી ઉપના, જોતી માંહે મલી જોત તિહાં કેઈ રૂપનાં ॥ પાટણ માંહિ મુરત ત્રિણ્યે પાસની; ભરાવી ભૂહ-રામાંહી રાખી કેઈ માસની ॥ ૪ ॥ એકદીન પ્રતીમાં તેહ ગોડીની લેઇ કરી, પોહતાં આવાસ માંહે તરકે લઈ ધરી ॥ ખાડ ખણીને માંહે તરકે ઘાલી જીહાં, સુએ નીત પ્રતેં તેહ સજ્યાવાલી તીહાં ॥ ૫ ॥ એકંદીન સુહણાં માંહિ આવીને ઇમ કહે, તિણે અવસર તે તરકહીયામાંહે સદેહેં ॥ નહી-તર મારીસમરડીસહવે હું તુજને, તે માટે ઘરમાહેથી કાઢો મુજને ॥ ૬ ॥ પારકર માંહેથી મેઘાસા ઇહાં આવશે, તેતુજ દેસે ટકા પાંચસે લાવસે ॥ દેજે મુરત એહકે કાઢી તેહની, મત કેહેંજો કોઇ આગલ વાતતું કેહને ॥ ૭ ॥

થાસે ક્રોડ કલ્યાણ કે તાહરે આજથી, વાધસે પંચા માંહે કે નામતેલાજથી ॥ મનસુંબીહનો તરક થાય તે આકલો, આગલે જે થાયે વાત તે ભવીયણ સાંભલો ॥ ૮ ॥

॥ ઢાલ ૨ જી માહરા ઘણુંરે સવાઈ ઢોલા એ દેશી ॥

લાખ જોયણ જંબુ પરમાન, તેહમાં ભરતક્ષેત્ર પ્રધાન ॥ માંહરા સુગુણ સનેહી સુણજો ॥ તિહાં પારક દેશ છે રૂડો, જિમ નારીને સોભે ચુડો ॥ ૧ ॥ મા૦ ॥ શાસ્ત્ર માંહે જીમ ગીતાં, તિમ સતિયો માંહિ જીમ સીતા ॥ મા૦ ॥ વાજીંત્ર માંહે જીમ ભેર; તિમ પરવત માંહી મોટો મેર ॥ શામા૦ દેવ માંહી જીમ ઈંદ્ર, ગ્રહગણ માંહિં જીમ ચંદ્ર ॥ મા૦ ॥ બત્રીસ સહસતે દેસ, તિમ પારક દેશ વીશેસરે ॥ ૩ ॥ મા૦ ॥ તિહાં ભુદેસર નામે નયરી, તિહાં રહેતા નથી કોય વયરી ॥ મા૦ ॥ તિહાં રાય કરે ખેંગાર, તેતો જાત તણો પરમારરે ॥ ૪ ॥ મા૦ ॥ તિહાં વણિજ કરે વ્યાપારી, જેહને અપછરા સરખી નારીરે ॥ મા૦ ॥ તિહાં મોટા મંદીર પ્રધાન. તેતો ચઉદસેંને બાવન ॥ મા૦ ॥ ૫ ॥ તિહાં કાજલ સાવિવહારિ, સહુ સંઘમાંહી છે અધીકારિ ॥ મા૦ ॥ તસપુત્રકલત્ર પરીવાર, જસ માનીત છે દરબાર રે ॥ મા૦ ॥ ॥ ૬ ॥ તે કાજલસા નીબાઇ, સામેઘોકીધ જમાઈ ॥ મા૦ ॥ એક દીન સાળો બનેવી, બેઠા વાતો કરે એહવી ॥ મા૦ ॥ ૭ ॥ ઇહાંથી ધન તુમે ઘણો લેઈ, જઈ લાવો

વસ્તુ કેઈ ॥ મા૦ ॥ ગુજરાતમાંહે તુમે જાજો, જેમાં લાભ આવે તે લેજો ॥ મા૦ ॥ ૮ ॥

ઢાળ ૩જી ॥ બેવડાને એ દેશી ॥

સાકાજલ કહે વાત, મેઘા ભણિ દીન રાત ॥ સાંભલ સદહેએ, વલ તો ઈમ કહેએ ॥ ૧ ॥ જાઈસહું ગુજરાત, સાથ કરી પરભાત ॥ સકુન ભલા સહીએ, તો ચાલું વહીએ ॥ ૨ ॥ ધનઘણો લેઈ હાથ, પરિવારે કર્યો સાથ ॥ કંકુ તિલક કીઓએ, શ્રીફલ હાથ દીઓરે એ ॥૩॥ લેઈ ઉંઠ કંતાર, આવ્યો ચઉટા મજાર ॥ કન્યા સનમુખ મલીએ, કરતી રંગ રલીએ ॥ ૪ ॥ માલણ આવી તામ, છાબ ભરી છે દામ ॥ વધાવે સેઠ ભણીએ, આસીસ દે ઘણીએ ॥ ૫ ॥ મછયુગલ મલ્યા ખાસ, વેદ બોલંતો વ્યાસ ॥ પત્ર ભરી જોગણીએ; વૃષભ હાથે ધણીએ ॥ ૬ ॥ ડાબો બોલે સાંડ, દધીનો ભરીઉંભાંડ ॥ ખરડાઓ ખરો એ, લોક કહે હૈયે ધરો એ ॥ ૭ ॥ આગલ આવ્યા જામ, મારગ વુંઠા તાંમ ॥ ભેરવ જમણી ભલીએ, દેવડાવી વલીએ ॥ ૮ ॥ જીમણી રૂપારેલ, તારિ બાંધી તિણ વેલ ॥ નીલ કંઠ તોરણકીઓએ, ઉલસ્યો અતિહીઓએ ॥ ૯ ॥ હનુમંત દીધી હાંક, મધૂરો બોલે કાક ॥ લોક કહે સહુએ, કામ હોંસે બહુએ ॥ ૧૦ ॥ અનુક્રમે ચાલ્યા જાય, આવ્યા પાટણ માંહે ॥ ઉતારો ભલા કીયાએ, શેઠજી આવીયાયે

॥ ૧૧ ॥ નીશભર સુતાં જાંહી, જખ આવીને તાંહી ॥ સુહણું એમ કહેએ, તે સઘલો સદહેએ ॥ ૧૨ ॥ તરક તણો છે ધામ, તેહને ઘરે જઈતાંમ ॥ પાંચસે રોકડાએ, તુજદેસે દોકડાએ ॥ ૧૩ ॥ દેસેં પ્રતિમાં એક, પાસ તણી સુવીવેક ॥ તેહથી તુજથાસે એ, ચીત્યાં દુર જાસે એ ॥૧૪॥ સંભળાવી જખરાજ, તરક ભણી કહેસાજ ॥ પ્રતીમાતું દેજેએ, પાંચસે ધન લેજે એ ॥ ૧૫ ॥ ઈમ કરંતા પર-ભાત, તરક ભણી કહેવાત ॥ મનમાં ગહગહે એ, અચરીજ કુંણુલહે એ ॥ ૧૬ ॥

ઢાલ ૪ થી આસણુરા જોગી એ દેશી

તરક ભણી દીએ પાંચસે દામ. પ્રતિમા આણી નીજ ઠામરે ॥ પાસજી મુને ત્રુઠા, પુજીપ્રતિમાં હરખ ભરાણો ॥ ભાવ આણીને ખરચે નાણોરે ॥ ૧ ॥ પા૦ ॥ મુજ વખતે એ મુરત આવી, મુજ આપસે દામ ઉપાઈરે ॥ પા૦ ॥ દાંમ દેઈને રૂંતિહાં લિધો. મનમાન્યો કારજ કિધોરે ॥૨॥ પા૦ ॥ રૂના ભરીયા ઉંટ તેવીસ, માહે બેસાડયા શ્રી જગદીસરે ॥ પા૦ ॥ અનુક્રમે આવ્યા પાટણ માંહિથી ॥ સાથે મુરત લીધી તીહાંથી રે ॥ પા૦ ॥ ૩ ॥ આગલ રાધણુપુર સહુ આવ્યા; દાંણુ લેવા દાંણી મલી આવ્યા રે ॥ પા૦ ॥ ગણે ઉંટને ભુલે લેખે, એક ઓછો અધીકો દેખેરે ॥ પા૦ ॥ ૪ ॥ મલી સહૂ દાણી વીચારે મનમાં,

એ કૌતક દીસે છે એણુમાં રે ।। મેઘાસાને દાણી મલી પુછે, કહો શેઠજી કારણ શું છે રે ।। પા૦ ।। ૫ ।। સામેઘો કહે સાંભલો દાંણી; અમે મુરત ગોડીની આણિ રે ।। પા૦ ।। તે મુરત એ બરકી માંહે; કીમજાલવીયે બીજે ઠામ હો ।। પા૦ ।। ૬ ।। પારસનાથ તણેસુ પસાયે, દાંણુ મેલી દાંણી ઘર જાએ રે ।। પા૦ ।। જાત્રા કરી સહુનીજ ઘર આવે, જીન પુજા આનંદ પાવેરે ।। પા૦ ।। ૭ ।। અનુક્રમે પારકર માહે આવે, ભુદેશર નગર છે જ્યાંહિ રે ।। પા૦ ।। વધામણી દીધી જેણે પુરુષે, થયો રલીયાયત ઘણું હરખેરે ।। ૮ ।। પા૦ ।।

।। ઢાલ ૫ મી ।।

રાણકપુર રળીયામણો રે લાલ ।। એ દેશી ।।

સંઘ આવે મલિ સામટો રે લાલ, દરીસણ કરવા કાજ ।। ભવી પ્રાણી રે, ઢોલ નગારા દડદડે રે, નાદે અંબર ગાજ ।। ૧ ।। ભ૦ ।। સુણજો વાત સુહામણી રે લાલ, એછવ મોહોછવ કરી ઘણો રે લાલ, ભેટયા શ્રી પારસનાથ ।। ભ૦ ।। પુજા પ્રભાવના કરી ઘણી રે લાલ, હરખ પામ્યા સહુ સાથ ।। ૨ ।। ભ૦ ।। સુ૦ ।। સંવત ચઉદ બત્રીસમા રે લાલ, કાતી સુદની બીજ ।। ભ૦ ।। થાવરવારે થાપિયા રે લાલ, નરપતી પામ્યા રીજ ।। ૩ ।। ભ૦ ।। સુ૦ ।। એક દિનકા જલસા કહે રે લાલ, મેઘા સાને વાત ।।ભ૦।।

નાણું અમારૂં લેઈ કરી રે લાલ, ગયા હુતા ગુજરાત ॥ ૪ ॥ ભ० ॥ સુ० ॥ તે ધન તુમે કીહાં વાવર્યું રે લાલ, તે દ્યો લેખો આજ ॥ ભ० ॥ તવ મેઘો કહે શેઠજી રે લાલ ॥ ખરચ્યા ધરમને કાજ ॥૫॥ ભ० ॥સુ०॥ સામીજી માટે સુંપીયા રે લાલ, પાંચસે સીધાં દામ ॥ ભ० ॥ કાજલ કહે તુંમે શું કર્યું રે લાલ, એપથરકીણુ કામ ॥ ૬ ॥ ભ० ॥ સુ० ॥ કાજલ ભણી મેઘો કહે રે લાલ, એ વ્યાપારમાં ભાગ ॥ ભ० ॥ તે પાંચસે સીર માહરે રે લાલ, તેમાં નહી તુમ લાગ ॥ ૭ ॥ ભા० ॥ સુ० ॥ મેઘાસાની ભારયા રે લાલ, મરગાદે છે નામ ॥ ભ० ॥ મેરોને મહીઓ સારીખારે, બહુરતિ જસનાં કાંમ ॥ ભ० ॥ ૮ ॥ ॥ સુ० ॥

॥ ઢાલ ૬ ઠી ॥

કંત તમાકુ પરી હરે ॥ એ દેશી ॥

સાકાજલ મેઘા ભણી, બીઉંજણુ માહે સંવાદ ॥ મોરા લાલ ॥ તિહાં મેઘો ધનરાજને, એક દિન કીધો સાદ. મો० ॥ સુણો વાત સુહામણી ॥૧॥ આ પ્રતીમાંયુ જો તમે, ભાવ આણીને ચીત ॥ મો० ॥ બાર વરષ લગે તીહાં, પુજી પ્રતિમાં નીત ॥ મો० ॥ ૨ ॥ સુ० ॥ એક દીન સુહણે ઈમ કહે, મેઘા સાને વાત ॥ મો० ॥ તુમ અમ સાથે આવજે, પર વારિ પરભાત ॥ ૩ ॥ મો० ॥ સુ० ॥ વહીલ લે જે ભાવલ તણી, ચારણ જાત છે તેહ ॥મો०॥

દેવાણંદ રાઈકા તણાં, દોઈ વૃષભ છે જેહ ॥ ૪ ॥ મો૦ ॥ સુ૦ ॥ વહેલ ખેડે તું એકલો, મત લે જે કોઇ સાથ ॥ મો૦ ॥ ખાંડા થલ ભણી હાંકજે, મુજને રાખ જે હાથ ॥ ૫ ॥ મો૦ ॥ સુ૦ ॥ એમ મેઘાને પ્રીછવી જક્ષ ગયો નિજઠાંમ ॥ મો૦ ॥ રવી ઉગમતે તીહાં, કરવા માંડયો કામ ॥ ૬ ॥ મો૦ ॥ સુ૦ ॥ વહીલ લીધી ભાવલ તણી, વૃષભ આણ્યા દોય ॥ મો૦ ॥ જોતરી વેહેલ સાંમી તણી, જાણે છે સબકોય ॥ ૭ ॥ મો૦ ॥ તવ મેઘો તે વેહેલને, ખેડી ચાલ્યો જાય ॥ મો૦ ॥ અનુક્રમે મારગ ચાલતાં, આવ્યા થલ ખાંડા માંહે ॥ ૮ ॥ મો૦ ॥ સુ૦ ॥

॥ ઢાલ ૭ મી ॥

અમળિ લાલ રંગાવો વરમોંલીયાં ॥ એ દેશી ॥

તીહાં છોટાને મોટા થલ ઘણાં, દીસેં રૂખતણો નહી પારો રે ॥ તિહાં ભૂત ને પ્રેત વ્યંતર ઘણાં, દેખી શેઠ કરે વીચારો રે ॥૧॥ સા મેઘો મનમાંહીં ચિંતવે ॥ હવે કુણ કરસ્યે મારી સારો રે, તવ જક્ષ આવીને ઈમ કહે ॥ તું મત કરે ફીકર લગારો રે ॥ ૨ ॥ સા૦ ॥ તવ વેહલ હાકિને ચાલીઓ, આવ્યો ઉજડ ગોડિપુર ગામ રે ॥ તિહાં વાવ કુવા સરોવર નહી, નહી મોહલ મંદીરનાં ઠામ રે ॥ ૩ ॥ સા૦ ॥ તિહાં વેહલ થંભાણી ચાલે નહી, હવે શેઠ હુઓદલગીરો રે ॥ માહરે પાસે નથી કાંઇ દોકડો, કુંણ જાણે પરાઇ પીરો રે ॥ ૪ ॥ સા૦ ॥ તિહાં રાત

પડ્યે રવી આથમ્યો, ચિંતાતુર થઈને સુતો રે ॥ તવ મેઘાનેં આવી ઇમ કહે, સુહણાં માંહે જક્ષ એકાંતો રે ॥ ૫ ॥ સા૦ ॥ હવે સાંભલ મેઘા હું કહું, આવાસેં ગોડિપુર ગામ રે ॥ માહરો દેહરો સરકરજેઈહાં; ઉત્તમ જોઈને ઠાંમરે ॥ ૬ ॥ સા૦ ॥ તું જાજ્યે દખણ દિસ ભણી, તિહાં પડયું છે નીલું છાંણ રે ॥ તિહાંકુઓ ઉમટ સ્યેપાણીનોં, વલી પ્રગટસેં પાણાની ખાણ રે ॥ ૭ ॥ સા૦ ॥ પાંસે ઉગ્યો છે ઉજવલ આકડોં, તે હેઠલ ધન છે બહુલો રે ॥ તિહાં પુર્યો છે ચોખા તણો સાથીઓ, તિહાં પાણિ તણો કુઓ પહોળો રે ॥ ૮ ॥ સા૦ ॥

### ઢાલ ૮ મી

### સીતાતો રૂપે રૂયડી ॥ એ દેશી ॥

સીલાવટ સીરોહી ગામે, તિહાં રહે છે. ચતુર છે કામે હો ॥ શેઠજી સાંભળો ॥ રોગ છે તેહને સરીરે, નમણું કરી છાંટોનીરહો ॥૧॥ સે૦ ॥ રોગ જાસે ને સુખ થાસ્યે ॥ બેઠો ઇહાં કામ કમાસેહો ॥ સે૦ ॥ જોતીક નીમિત જોવરાવે, દેહરાસર પાઇઓ મંડાવે હો ॥ સે૦ ॥ ૨ ॥ જક્ષ ગયો ઇમ કહીને, કરે શેઠજી ઉંધમ વહીને હો ॥ સે૦ ॥ સીલાવટને તેડાવી, વલી ધનની ખાણ ખણાવી હો ॥ સે૦ ॥ ૩ ॥ ગોડીપુર ગામ વસાવે, સગા સાજનને તેડાવે હો ॥ સે૦ ॥ ઈમ કરંતાં બહુ દીન વીતા, થયા મેઘો જગત્ર

વદીતાહો ॥ સે૦ ॥ ૪ ॥ એક દીન સાકાજલ આવી, કહે મેઘાને વાત બનાવી હો ॥ સે૦ ॥ એ કામમાં ભાગ અમારો, અર્ધ મારો અર્ધ તાહરો હો ॥ સે૦ ॥૫॥ ઈમ કરી દેહરાસર કરીએ; જો જગમાં જસવરીએ હો ॥ સે૦ ॥ તવ મેઘો કહે તેહને; હવે દામ જોઈછે કે હને હો ॥સે૦॥૬॥ પારસનાથ તણે સુપસાયે; ઘણાં દામ છે વલી આંહી હો ॥ સે૦ ॥ એક દિન કેહતા તુમે, આવે એ ઘર પર કીણે કામે હો ॥ સે૦ ॥ ૭ ॥ ક્રોધ વસે પાછો વલીઓ, આપણાં પાનગરમાં ભલીઓહો ॥ સે૦ ॥ સાકાજલ મન ચિંતે, મારૂં મેઘોતો નીશ્ચંત હો ॥ સે૦ ॥ ૮ ॥

॥ ઢાલ ૯ મી ॥

નેમીસર જગ જય કરૂં રે લોલ ॥ એ દેશી ॥

પરણાવું પુત્રી માહરી રે લો, તેડીને તેણીવારરે ॥ ચતુર નર ॥ નાતિ જમાડું આપણી રે લો; ખરચીને ધન અપાર રે ॥ ચ૦ ॥૧॥ સાંભળજો શ્રોતા જના રે લાલ, જો મેઘો મારૂં તો સહીરે લોલ, તો મુજ ઉપજે કરારરે ॥ ચ૦ ॥ દેવલ કરાવું હું વલી રે લોલ, તો નામ રહે નીરધારરે ॥ ચ૦ ॥ ૨ ॥ સા૦ ॥ ઇમ ચિંત ચિંતવી વીવાહનો રે લો, કરે કાજલ તતકાલ રે ॥ ચ૦ ॥ સગા સજનને તેડાવીયારે લો; ગોરીઓ ગાવેધમાલ રે ॥ ચ૦ ॥ ॥ ૩ ॥ સા૦ ॥ સામેઘા ભણી નુતરૂં રે લો, મોકલે કાજલ

સાહરે ાાચ૦ાા વીવાહ ઉપરે આવજો રે લોલ ાા અવસ કરીને આંહિરે ાા ચ૦ ાા ૪ ાા સા૦ ાા ઇમ સાંભલી મેઘો ચિંતવે રે લો, કિમ કરી જઇએ તાંહિરે ાા ચ૦ ાા કામ અમારૂં છે ઘણું રે લો, દેહરાસરનું આંહિરે ાા ચ૦ ાા ૫ ાા સા૦ ાા તવ મેઘો કહે તેહને રે લો, તેડી જાઓ પરિવારરે ાા ચ૦ ાાકામ મેલી કીમ આવીએરે લો, તેજાણો નીરધારરે ાા ચ૦ ાા ૬ ાામરગાદેને તેડીનેરે લો, પુત્ર કલત્ર પરીવાર રે ાા ચ૦ ાા મેઘાનાસહૂ સાથનેરે લો, તેડી આ૦યાતેણીવારરે ાા ચ૦ ાા ૭ ાા સાં૦ ાા સાંભલ કાજલકહેમેઘોકીહાં રે લોલ, ઈહાં નાવ્યા સ્યામાટ રે ાા તોમેઘાવીણ કીમસરેરે લો, નાતતણી એ વાટ રે ચ૦ ાા૮ાા

ાા ઢાલ ૧૦ મી ાા

નંદ સલુણા નંદના રે લો ાા એ દેશી ાા

જક્ષ કહે મેઘા ભણી રે લોલ, તાહરે હવે આવી બણીરે લો ાા કાજલ આવસે તેડવા રે લો, કુડ કરી તુજ છેડવા લો ાા ૧ ાા તુમતજાજેતીહાં કણેરે લો, ઝેર દેઈ તુજનેહણેરે લોલ ાા તેડયા વીણા જાયેનહીરેલોલ, તો પ્રભૂનમણ લેજે સહારેલો ાા ૨ ાા દુધમાંહે દેસેં ખરૂરે લો, નમણ પીધે જાસેંપરૂરે લો ાા તે માટે તુજને ઘણું રે લો, માંને વચન સુહામણુંરેલો ાા ૩ ાા ગયોજક્ષકહીતેહવેરેલો, કાજલસાઆ૦યાએ હવે રે લો

॥ કહે કાજલ તુંમે સાંભલો રે લો, આવો મેલી આમ લો રે લો ॥ ૪ ॥ તુમઆવ્યાવીણુ કીમ સરેરેલો, નાતજાતમાં સોભીએ કીણી પરેરે લો ॥ તુમ સરીખાઆવે સગારે લો, તો અમમનથાએ ઉમગાંરે લો ॥ ૫ ॥ હું આવ્યો ધરતી ભરીરે લો, તો કીમ જાઉં પાછો ફરીરે લોલ ॥ જો અમને કાંઇ લેખવોરે લો, તો આડો અવલો મત દેખવોરે લો ॥ ૬ ॥ હઠ કરી બેઠા તુમેરે લોલ; ખોટી થઇએછેઅમેરેલોલ ॥ સામેઘોમન ચિંતવેરેલો, અત્તીતાણું કીમપુરવેરે લો ॥૭॥ કાજલ સાથે ચાલીયોરે લો, ભુદ્દે સરમાં આવીયોરે લો ॥ નમણુ વીસાર્યું તિહાંકણેરે લો, ભાવી અવશ્ય આવી બનેરે લો. ॥ ૮ ॥

॥ ઢાલ ૧૧ મી ॥

કાબીલરો પાણી લાગણો ॥ એ દેશી ॥

નાત જમાડે આપણી, દેઇનેબહુમાન ॥ વરકન્યા પરણાવીયાં, દીધાબહુલાંદાન ॥ ૧ ॥ કાજલકહેનારી ભણી, મેઘોઅમેભેલાં ॥ જિમગુદ્દેજેવિષભેલીને, દુધમાં તિણુવેલાં ॥ ૨ ॥ દુધતણીછેઆખડી, તુમને હુંકહીસરીસે ॥ મેઘાનેમેલવોનહી, પીરસ્યું જમણુ પીસ્યે ॥ ૩ ॥ તવનારી કહે પ્રીઉજી, મેઘાનેમતમારો ॥ કુલમાંલંછનલાગસ્યે, જાસ્યેપાંચમાંકારો ॥ ૪ ॥ કાજલતેમાનેનહી, નારીકહીનેહારી ॥ મનભાગો મોતી ત્રડયો, તેહને નલાગે-

કારી ॥ ૫ ॥ ઈમ સીખવી નીજનારીને, જમવાબીહુંબેઠા, ભેલાંએકણુધાલીએ, હીયડે હરખે હેઠાં ॥ ૬ ॥ દુધ આણ્યું તિણુરાણીએ, પીરસ્યું થાળી માંહી ॥ કાજલકહેમુજઆખડી, પીધો મેઘે ત્યાંહી ॥૭॥ મેઘાને હવે તત ખીણે, વિષ વ્યાપ્યુ અંગે, સાસોસાસ રમીગયા, પામ્યો ગતિ સ્યું રંગે ॥૮॥

---

॥ ઢાલ બારમી ॥

ફીહાંરે ગુણવતી રે માહરીયોગણીરે ॥ એ દેશી ॥

આવી મૃગાદેપીઉનેદેખનેરે, રોતીકહે તીણુ વારરે ॥ મહીયોને મેરો તે પણ બી હુંજણારે, અતિ ઘણું કરે પોકારરે ॥૧॥ ફીટકુલહીણાંએતેશુંકર્યુંરે, નાવીલાજલગારરે ॥ મુખકીમદેખાડીસલોકમારે, તુજને પડો ધીકારરે ॥૨॥ ફ્રી૦ ॥ વીરડા તેનજાણું મન એહવું રે, તાહરી ભગનીનું-કુણુસલુખરે ॥ માહરે તો કરમે એ છાજયું નહીરે, પડીદીસેછે મુજમાં ચુકરે ॥૩॥ ફ્રી૦ ॥ એહવા લખીયાછ-ઠીએઅખ્ખરારે, તો હવે દીજે કેહને દોસરે ॥ નીરધારી મેલી ગયો નાહલો રે, કહીએ ન કીધો મુજને રોસરે ॥૪॥ ફ્રી૦ ॥ ઇમ વિલવંતીમૃગાદેકહેરે, વીરડા તેં તોડીમારીઆસરે ॥ તુજને કિમ ઉકલ્યું એહવુંરે, જીવીસતીનપંચાસરે ॥૫॥ ॥ ફ્રી૦ ॥ કુડ કરીને મુજને છેતરીરે, તેં કીધો મોટો અન્યાયરે ॥ માહરાં નાનકડાં બાલુઅડાંરે, કેહને મીલસ્યે જઈ માયરે ॥૬॥ ફ્રી૦ ॥ અધ વીચે દેહરાં રહ્યા આજથીરે

જગમાં નામ રહ્યું નીરધાર રે ।। નગરમાં ઘરો ઘર વાતો વીસ્તરીરે, સહુકોનાદીલમાંહીઆવ્યોખારરે ।।૭।। પ્રી૦ ।। દ્વેષ રાખીને મેઘો મારીયો રે; એતો કાજલ કપટ ભંડાર રે ।। મનનો મેલો ધીઠો એહવોરે, ઈમ ભણે નરનારિરે ।। ૮ ।। પ્રી૦ ।।

---

## ।। ઢાલ ૧૩ મી ।।

પુરવ માત પુણ્યે પામીયે ।। એ દેશી ।।

બેહની અગનિદાહદેઈકરી,આવ્યાસહુનિજ ઠામહો ।। બેહની કાજલ કહે તુંમતરોએ; ન કરૂં એહવોકામહો ।।૧।। બેહનીલેખલખ્યો તે લાભીયે, તોદીજેકેહનેદોસહો ।। બેહનીજન્મજરામરણે ભર્યો, તો રાખવો સો સોસહો ।।૨।। બે૦ ।। એ સંસારછે કારમો, ખોટીમાયાજાલ હો ।। એકઆવે ઠાલીભરી, જેહવીઅરહટની માલહો ।। બે૦ ।। ૩ ।। સુખદુઃખસરજ્યાંપામીએ, નહીકોઈનેહાથ હો ।। બે૦ ।। મતકરેપ્રીકરતુંઆજથી,બહુલીઆપણી હાથહો ।। બે૦ ।। ।। ૪ ।। ખાઓ પીઓ સુખ ભોગવો, મ કરો પ્રીકર લગાર હો ।। બે૦ જે જોઈએ તે મુજને કહો, ન કરો દીલમાં વિચાર હો ।। બે૦ ।। ૫ ।। જીનનો પ્રસાદ કરાવસ્યું, મહી તલ રાખસું મામ હો ।। ઈજત આપણ ઘરતણી, કીમ કરી ખોસું કામ હો ।। ૬ ।। સોઢાને હાથે સુપસું,

ગોડીપુર ગાંમ હો; ॥ બે૦ ॥ ચાલોઆપણસઉમલી, હું લેઈ આવું ઠામહો ॥ બે૦ ॥૭॥ બે૦॥ અનુક્રમે આવ્યા સહુ મલી, ગોડીપુરગાંમમઝારહો ॥ જીનનો પ્રસાદ કરાવીયો, કાજલસા તિણવાર હો ॥ ૮ ॥

---

॥ ઢાલ ૧૪ મી ॥

કરે લણાં ઘડદે રે ॥ એ દેશી ॥

દેહરે સીખર ચઢાવીઓ; થિરનરહેંતિણવાર ॥ કાજલ મનમાં ચિંતવે, હવે કુણ કરસું પ્રકાર ॥ ૧ ॥ ભવીકજન સાંભલો રે ॥ બીજીવાર ચઢાવીયો, પડે હેઠો તતકાલ ॥ સુહણાં માંહે જક્ષ આવીને, મેરાને કહે સુ વીસાલ ॥ ૨ ॥ ભ૦ ॥ તુ ચડાવે જાયને, થિર રહસ્યે સીર જેહ ॥ કાજલને જસ કીમ હોવે; મેઘો મારયો તેહ ॥ ૩ ॥ ભ૦ ॥ મેહરે સીખર ચઢાવીયો, નામ રાખ્યું જગ માંહિ ॥ મુરત થાપી પાસની, સંઘ આવે ઉછાંહે ॥ ૪ ॥ ભ૦ ॥ સંવત ચૌદચોઆલમાં, દેહેર પ્રતીષ્ઠા કીધ ॥ મહી ઓમેહરે મેઘા તણાં, તેણેજગમાંજસલીધ ॥ ૫ ॥ ભ૦ ॥ દેશી પરદેશી ઘણાં, આવેલોકઅનેક ॥ ભાવ ધરી ભગવંતને, આણીઅધિકવિવેક ॥ ૬ ॥ ભ૦ ॥ ખરચે દ્રવ્ય ઘણાં તિહાં, રાય રાણાં તીણ વાર ॥ માનતમાને લાખની, ટાલે કષ્ટ અપાર ॥ ૭ ॥ ભ૦ ॥ નીરધનીયાં ને

ધનદીએ, અપુત્રીયાને આપે પુત્ર ॥ રોગીને નીવારે રો-
ગીયા, ટાલે દારીદ્ર દ્યે સુત્ર ॥ ૮ ॥ ભ૦ ॥

॥ ઢાલ ૧૫ મી ॥

અમ ઘર આંબો મોરીઓ ॥ એ દેશી ॥

આજ અમ ઘર રંગ વધામણા, આજ ત્રુઠા શ્રી પાર્શ્વનાથ ॥ આજ ચિંતામણ આવી ચઢયો, આજ સફળ ફલી સવી આશ ॥ ૧ ॥ આ૦ ॥ આજ સુરતરૂ ફળીઓ આંગણે; આજ પ્રગટી મોહન વેલ ॥ આજવીછડીયાંવાલાં મલ્યાં, આજઅમઘરહુઈરંગરેલ ॥ ૨ ॥ આ૦ ॥ આજ અમ ઘર આંબો મોરીઓ, આજ વુઠો સોંવનધાર ॥ આજ દુધેં વુઠા મેહુલાં, આજ ગંગા આવી ઘરબાર ॥ ૩ ॥ આ૦ ॥ આજ ગાયો ગોડિપુર ધણી, આ નગરને મહિયાલીયલ માંહે ॥ ચોમાસો કીધો ચુપસું, શ્રી સંઘ કેરે ઉછાંહે ॥ ૪ ॥ આ૦ ॥ શ્રી હીર વીજય સુરીસરૂ, તેહનાં શુભ વિજય કવી શીસ ॥ તેહના ભાવ વિજય કવિ દીપતાં, તસ સીસ નમુ નીસ દીસ ॥ ૫ ॥ આ૦ ॥ તેહના રૂપ વિજય કવીરાજમાં, તેહનાં પદ્મનમુ કરજોડ ॥ વલીરંગ વિજય રંગે કરી, હું તો પ્રણમું પ્રણત કરજોડ ॥૬॥ આ૦ ॥ સંવત અઢાર સતલોતરે; ભાદ્રવામાસ ઉદાર ॥ તિથિ તેરસ ચંદ્ર વાસરે, ઈમ નેમ વિજય જયકાર ॥ ૭ ॥ આ૦ ॥

ઇતિ શ્રી ગોડીચાજી સ્તવન સંપૂર્ણ.

શ્રી ગૌતમગુરૂભ્યોનમ:

અથ

# શ્રી મહાવીર સ્વામીના સત્તાવીસ ભવનું સ્તવન લિખ્યતે.

॥ દોહા ॥

વિમલ કમલ દલ લોયણાં, દીસે વદન પ્રસન્ન ॥ આદર આણી વીરજિન, વાંદી કરૂં સ્તવન ॥ ૧ ॥ શ્રી ગુરૂતણે પસાઉલે, સ્તવશું વીર જિણંદ ॥ ભવ સત્યાવીશ વરણવું, સુણજો સહુ આણંદ ॥ ૨ ॥ સાંભલતાં સુખ ઉપજે, સમક્તિ નિર્મલ હોય ॥ કરતાં જિનની સંકથા, સફલ દિહાડો સોય ॥ ૩ ॥

॥ ઢાલ પહેલી ॥ દેશી ઢાલની ॥

મહાવિદેહ પશ્ચિમજાણું, નયસાર નામે વખાણું ॥ નયરતણો છે એ રાણો, અટવી ગયો સપરાણો ॥ ૧ ॥ જમવા વેલા એ જાણી; ભગતેં રસવતી આણી ॥ દત્તની વાસના આવી, તપસી જૂવે તે ભાવી ॥ ૨ ॥ મારગ ભૂલ્યા તેહેવ, મુનિ આવ્યો તતખેવ ॥ આહાર દીયો પાય લાગી, ઋષિની ભૂખ તૃષા ભાગી ॥ ૩ ॥ ધર્મ સુણ્યો મન રંગે ॥ સમકીત પામ્યો એ ચંગે ॥ ઋષિને ચાલંતા જાણી, હીયડે ઊલટ આણી ॥ ૪ ॥ મારગ દેખાડયો વહેતો, પાછો

વલીએ એમ કહેતો ॥ પહેલે ભવેં ધર્મજ પાવે, અંતે દેવ ગુરૂ ધ્યાવે ॥ ૫ ॥ પંચ પરમેષ્ઠીનું ધ્યાન, સૌધર્મ પામ્યો વૈમાન ॥ આઉખું એક પલ્યોપમ, સુખ ભોગવી અનોપમ ॥ ૬ ॥ ભવ બીજે ત્રીજે આયો, ભરતકુલેં સુત જાયો ॥ ઉત્સવ માંગલિક કીધું, નામ તે મરીચંચ દીધું ॥ ૭ ॥ વાધે સુરતરૂ સરિખો, આદિ જિન દેખીને હરખ્યો ॥ આઉએ દેશના દીધી, ભાવેં દીક્ષા એ લીધી ॥ ૮ ॥ જ્ઞાન ભણ્યો સુવિશેષ; વિચરે દેશ વિદેશ ॥ દીક્ષા લેઈએ નજરે, અલગો સ્વામીથી વિચરે ॥ ૯ ॥ મહાવ્રત ભાર એ મહોટો, હું પણ પુણ્યેં એ છોટો ॥ ભગવું કપડું કરશું ॥ માથે છત્રએ ધરશું ॥ ૧૦ ॥ પાયે પાનહી પેરશું, સ્નાન સુચિજલેં કરશું ॥ પ્રાણી થુલ નહીં મારૂં, ખુરમુંડ ચોટીયે ધારૂં ॥ ૧૧ ॥ પવિત્રી સોવન કેરી, શોભા ચંદન ભલેરી ॥ હાથેં ત્રિદંડયું લેવું, મનમાંહે ચિંતવ્યું એહવું ॥ ૧૨ ॥ લિંગ કુલિં-ગનું રચીયું, સુખકારણ એ મચીઉં ॥ ગુણ સાધુના વખાણે, દીક્ષાયોગ તે જાણે ॥ ૧૩ ॥ આણી જતિયો આપે, સૂધો મારગ થાપે ॥ સમવસરણ રચ્યું જાણી, વંદે ભરત વિન્નાણી ॥ ૧૪ ॥ બારે પરખદારાજે, પૂછે ભરત એ આજે ॥ કોઇ છે તુમ સરીખો, દાખ્યું મરીચંચ તીખો ॥ ૧૫ ॥ પહેલો વાસુદેવ થાશે, ચક્રીવર્ત્તી મૂકાએ વાસે ॥ ચોવીશમો એ તીર્થંકર, વર્દ્ધમાન નામેં એ

જયંકર ॥ ૧૬ ॥ ઉલ્લસ્યું, ભરતનું હીયું, જઇ મરીચંચને કહ્યું ॥ તાતેં પદવીએ દાખી; હરિચક્રી જિનપદ ભાખી ॥ ૧૭ ॥ ત્રણ્ય પ્રદક્ષિણા દેઈ. વંદન વિધિશું કરેઈ ॥ સ્તવન કહે એમ દાહ; પુત્ર ત્રિદંડીના રાહ ॥ ૧૮ ॥ વાંદું છું એહ મરમેં; થાશો જિનપતિ ચરમે ॥ એમ કહી પાછો એવલીયો; ગરવે મરીચંચતે ગલીયો ॥ ૧૯ ॥

॥ ઢાલ બીજી ॥

ઈખાગ કુલેંહૂં ઉપનો, મારો ચક્રવર્તી તાતજી ॥ આઉઓ માહારો જિન હુઓ, હું પણ ત્રિજગ વિખ્યાતજી ॥ ૧ ॥ અહો ઉત્તમ કુલ માહરૂં, અહો અહો મુજ અવતારજી ॥ નીચગોત્ર તિહાં બાંધીયું. જૂઓ જૂઓ કર્મ પ્રચારજી ॥ અ૦ ॥ ૨ ॥ આ ભરતેં પોતનપુરેં, ત્રિપૃષ્ઠ હરિ અભિરામજી ॥ મહાવિદેહ ખેત્ર મુકાપુરી, ચક્રીપ્રિયમિત્રનામજી ॥ અ૦ ॥ ૩ ॥ ચરમ તીર્થંકર થાયશું, હોશે ત્રિગડુ સારજી ॥ સુરનર સેવા સારશે, ધનધન મુજ અવતારજી ॥ અ૦ ॥ ૪ ॥ રહે મદમાતો એણીપરેં, એક દિન રોગ અતીવજી ॥ મુનિજન સારકોનવિકરે, સુખ વાંછે નિજ જીવજી ॥ અ૦ ॥ ૫ ॥ કપિલનામેં કોઈ આવિયો, પ્રતિબોધ્યો નિજવાણીજી ॥ સાધુ સમીપેં દીક્ષા વરો, ધર્મ છે એણે ઠામજી ॥ અ૦ ॥ ૬ ॥ સાધુસમીપેં મોકલે; નવિજાએ તે તે અજોગજી ॥ ચિંતેમરિયંચ નિજમને,

દીસે છે મુજ જોગ્યજી ॥ અ૦ ॥ ૭ ॥ તવતે વલતું બોલિયો, તુમવાંદે શું હોયજી ॥ ભો ભો ધર્મ તે ઇહાંઅ છે, ઉત્સૂત્ર ભાંખ્યું સોયજી ॥ અ૦ ૮ ॥ તેણે સંસાર વધારીયો; સાગર કોડાકોડીજી ॥ લાખ ચોરાશી પૂરવતણું, આયુ ત્રીજે ભવ જોડીજી ॥ અ૦ ॥ ૯ ॥ ભવચોથે સ્વર્ગ પાંચમે, સાગર સ્થિતિ દશ જાણુજી ॥ કૌશિક દ્રિજ પાંચમે ભવે, લાખ એંશી પૂર્વ માનજી ॥ અ૦ ॥ ૧૦ ॥ થુણા નયરીયે દ્વિજ થયો, પૂર્વલાખ બહુતેર સારજી ॥ હુઓ ત્રિદંડી છઠે ભવે, સાતમે સોહમ અવતારજી ॥ અ૦ ॥ ૧૧ ॥ અગ્નિદ્યુત આઠમે ભવે, સાઠલાખ પૂર્વ આયજી ॥ ત્રિદંડી થઈ વિચરે વલી; નવમે ઈશાને જાયજી ॥ અ૦ ॥ ૧૨ ॥ અગ્નિભૂતિ દશમે ભવે, મંદિરપુરી દ્વીજ હોયજી ॥ લાખ છપન્નપૂર્વ આઊખું, ત્રિદંડી થઇ મરે સોયજી ॥ અ૦ ॥ ૧૩ ॥ ઈગ્યારમે ભવે તે થયો, સનતકુમારે દેવજી ॥ નયરી શ્વેતાંબીયે અવતરયો, બારમે ભવે દ્વિજ હેવજી ॥ અ૦ ॥ ૧૪ ॥ ચુમ્માલીશ લાખ પૂર્વ આઊખું, ભારદ્વીજ જસુ નામજી ॥ ત્રિદંડી થઇ વિચરે વલી, માહેંદ્ર તેરમે ભવે ઠામજી ॥ અ૦ ॥ ૧૫ ॥ રાજ-ગૃહી નયરી ભવ ચૌદમે, થાવર બ્રાહ્મણ દાખજી ॥ ચોત્રીશ લાખ પૂર્વ અ ઊખું, ત્રિદંડી લિંગતે ભાખજી ॥ અ૦ ॥૧૬॥ અમર થયો ભવ પન્નરમે, પાંચમે દેવલોકે દેવજી ॥ સંસાર ભમ્યો ભવ શોલમે; વિશ્વ ભૂતિ ક્ષત્રી હેવજી ॥ અ૦ ॥ ૧૭ ॥

॥ ઢાલ ત્રીજી ॥

વિશાખ ભૂતિ ધારણીનો બેટો, ભુજબલ પૂઠ સમૂલ સમેટો, સંભૂતિ ગુરૂ તેણે ભેટો ॥ ૧ ॥ સહસ વરસ તિહાં ચારિત્ર પાલી, લહી દીક્ષા આતમ અજુઆલી, તપ કરી કાયા ગાળી ॥ ૨ ॥ એક દિન ગાય ધસી સિંગાલી, પડયો ભૂમિ તસ ભાઇયેં ભાલી, તેહસું બલ સંભાલી ॥ ૩ ॥ ગરવેં રીષ ચઢી વિકરાલી, સિંગધરી આકાશેં ઊછાલી, તસ બલ શંકા ટાલી ॥ ૪ ॥ તિહાં અણસણ નિયાણું કીધું, તપ વેચી બલ માગી લીધું, અધુરૂ પરિયાણું કીધું ॥ ૫ ॥ સતરમે ભવેં શુક્રે સુરવર, ચવી અવતરીયો જિહાં પોતનપુર, પ્રજાપતિ મૃગાવતી કુંઅર ॥ ૬ ॥ ચોરાશી લાખ વરસનો આયુ, સાત સુપન સૂચિત સુત જાયો, ત્રિપૃષ્ઠ વાસુદેવ ગાયો ॥ ૭ ॥ ઓગણીશમેં ભવેં સાતમી નરગેં, તેત્રીશ સાગર આયુ અભંગેં, ભોગવીયું તનુસંગે ॥ ૮ ॥ વીસમે ભવેં સિંહ હિંસા કરતો, એકવીશમે ચોથે નરકેં ફિરતો, વિચ વિચ ઘણા ભવ કરતો ॥ ૯ ॥ બાવીશમે ભવેં સરલ સભાવિ, સુખ ભોગવતાં જસ ગવરાવિ, પુણ્યેં શુભ મતિ આવી ॥ ૧૦ ॥ ત્રેવીશમે ભવેં મૂકા પુરી મુખેં, ધન જાયો ધારણીની કુખેં, નર અવતરિયો સૂખેં ॥૧૧॥ તિહાં ચક્રવર્ત્તીની પદવી લીધી, પોટીલાચારયશું મતિ બાંધી, શુભ તપ કિરિયા સાધી ॥ ૧૨ ॥ કોડી વરસ દીક્ષાનો જાણ, લાખ ચોરાશી પૂર્વ પ્રમાણ, આઊખું પૂરૂ

જાણુ ॥ ૧૩ ॥ ચોવીશમે ભવેં શુક્રે સુરવર, સુખ ભોગવિઆ સાગર સત્તર, તિહાંથી ચવીયો અમર ॥ ૧૪ ॥

॥ ઢાલ ચોથી ॥ રાગ મલાર ॥

આ ભરતેં છત્રિકાપુરી, જિતશત્રુ વિજયાનાર ॥ મેરે લાલ ॥ પંચવીશમે ભવેં ઊપનો, નંદન નામ ઊદાર ॥ મેરે લાલ ॥ તીર્થંકર પદ બાંધિયું ॥ ૧ ॥ એ આંકણી લઈ દીક્ષા સુવિચાર ॥ મેરે લાલ ॥ વીશ થાનક તપ આદરયું, હુઓ તિહાં જયજયકાર ॥ મેરે૦ ॥ તીર્થંકર૦ ॥ ૨ ॥ રાજ્ય તજી દીક્ષા લિયે, પોટીલા ચારયપાસ ॥ મેરે લાલ ॥ માસખમણ પારણું કરે, અભિગ્રહવંત ઉલ્લાસ ॥ મેરે લાલ ॥ તીર્થં૦ ॥ ૩ ॥ લાખ વરસ એમ તપ કરયું, આલસ નહી લગાર ॥ મેરે લાલ ॥ પરિગલ પુણ્ય પોતેં કરયું, નિકાચ્યું જિનપદ સાર ॥ મેરે લાલ ॥ તીર્થં૦ ॥ ૪ ॥ માસ ખમણ સંખ્યા કહું, લાખ ઇગ્યાર એંશી સહસ ॥ મેરે લાલ ॥ છશે પિસ્તાલીશ ઊપરેં, પંચ દિન વૃદ્ધિ કહીશ ॥ મેરે લાલ ॥ તીર્થં૦ ॥ ૫ ॥ પંચવીશ લાખ વરસનું આઊખું, માસ સંલેષણા કીધ ॥ મેરે લાલ ॥ ખમી ખમાવી તેચઃયો, દશમે સ્વર્ગ ફલ લીધ ॥ મેરે લાલ ॥ તીર્થં૦ ॥ ૬ ॥ પુષ્પોત્તરા વતંસકેં, વિમાનસાગર વીશ ॥ મેરેલાલ ॥ સુરચવીયો સુખ ભોગવી, હુઆ એ ભવ છવ્વીશ ॥મેરેલાલ॥ તીર્થં૦ ॥૭॥

॥ ઢાલ પાંચમી ॥ ભમરહુલીની ॥

સત્ત્યાવીશમો ભવ સાંભલો તો ॥ ભમર હુલી ॥ રૂઅડું માહણકુંડ ગામતો ॥ ઋષભદત્ત બ્રાહ્મણ વસેતો ॥ ભમરહુલી ॥ દેવાનંદા ધરણી નામતો ॥ ૧ ॥ કર્મ રહ્યાં લવલેશ વલીતો ॥ ભ૦ ॥ મરીયંચ ભવનાં જેહતો ॥ પ્રાણત કલ્પથકી ચવીતો ॥ ભ૦ ॥ દ્વિજ કુલેં અવતરયો તેહતો ॥ ૨ ॥ ચૌદ સુપન માતા લહેતો ॥ ભ૦ ॥ આણંદ હુઓ બહુતતો ॥ ઈંદ્રે અવધીયેં જોઈયું તો ॥ ભ૦ ॥ એહ અછેરા ભૂતતો ॥ ૩ ॥ ત્યાશી દિન તિહાં કણે રહ્યા તો ॥ ભ૦ ॥ ઈંદ્ર આદેશેં દેવતો ॥ સિદ્ધાર્થ ત્રિશલા કૂખેંતો ॥ ભ૦ ॥ ગર્ભ પાલટયો તતખેવતો ॥ ૪ ॥ ચઊદ સુપન ત્રિશલા લહેતો ॥ ભ૦ ॥ શુભ મુહૂર્તેં જનમ્યા જામતો ॥ જન્મ મહોત્સવ તિહાં કરેતો ॥ ભ૦ ॥ ઈંદ્ર ઈંદ્રાણી તામતો ॥ ૫ ॥ વર્દ્ધમાન તસુ નામ દીયોતો ॥ ભ૦ ॥ દેવેં દીયો મહાવીરતો ॥ હર્ષે શું પરણાવિઆ તો ॥ ભ૦ ॥ સુખ વિલસે ઘેર વીરતો ॥ ૬ ॥ માયબાપ સુરલોકેં ગયાંતો ॥ ભ૦ ॥ જિનસાધે જિન-કાજતો ॥ લોકાંતિક સુર ઈમ કહેતો ॥ ભ૦ ॥ લ્યો દીક્ષા મહારાજ તો ॥ ૭ ॥ વરસીદાન દેઈ કરીતો ॥ભ૦॥ લીધો સંયમ ભારતો ॥ એકાકી જિનવિહાર કરેતો ॥ ભ૦ ॥ ઊપસર્ગનો નહીં પારતો ॥ ૮ ॥ તપ ચઊવિહાર કરયા ઘણાતો ॥ ભ૦ ॥ એક છ માસી ચોવિહારતો ॥

બીજો છ માસી કરચો તો ॥ ભ૦ ॥ પંચદિન ઊણા ઊદાર
તો ॥ ૯ ॥ નવ તે ચોમાસી કરયાં તો ॥ ભ૦ ॥ બે
ત્રણ્ય માસી જાણુતો ॥ અઢી માસ બે વાર કરયાં તો
॥ ભ૦ ॥ બે માસી છ વાર તો ॥ ૧૦ ॥ દોઢ માસી
બે વાર કરયાં તો ॥ ભ૦ ॥ માસ ખમણ કરયાં બારતો ॥
બહુતેર પાસ ખમણ કરયાં તો ॥ ભ૦ ॥ છઠ્ઠ બસેં ઓ-
ગણત્રીશ તો ॥ ૧૧ ॥ બારે વરસે પારણાતો ॥ ભ૦ ॥
ત્રણ્યશેં ઓગણપચાસતો ॥ નિદ્રા બેઘડી કરીતો ॥ ભ૦ ॥
બેઠા નહીં બારે વરસતો ॥ ૧૨ ॥ કરમ ખપાવી કેવલ
લહ્યુંતો ॥ ભ૦ ॥ ત્રિગડે પર્ષદા બારતો ॥ ગણધર પદની
થાપનાતો ॥ ભ૦ ॥ જગહુઓ જય જયકારતો ॥ ૧૩ ॥
ગણધરવર ઈગ્યાર હુઆતો ॥ ભ૦ ॥ ચઊદ સહસ સાધુ
સુખકારતો ॥ છત્રીશ સહસ તે સાધવી તો ॥ ભ૦ ॥
સીયલ રયણ ભંડારતો ॥ ૧૪ ॥ એક લાખ ઓગણસાઠ
હજાર કહ્યાં તો ॥ ભ૦ ॥ શ્રાવક સમક્તિ ધારતો ॥ ત્રણ્ય
લાખ અઢાર હજાર શ્રાવિકાતો ભ૦ ॥ એ કહ્યો વીર પરિ-
વારતો ॥ ૧૫ ॥ બ્રાહ્મણ માત પિતા હુઆતો ॥ ભ૦ ॥
મોકલ્યા મુક્તિ મઝારતો ॥ સુપુત્ર આવે ઈમિ કરે તો
॥ ભ૦ ॥ સેવકની કરો સારતો ॥ ૧૬ ॥ ત્રીશ વરસ
ગૃહવાસ વસ્યાતો ॥ ભ૦ ॥ બાર વરસ છદ્મસ્થતો ॥ ત્રીશ
વરસ કેવલ વર્યાતો ॥ ભ૦ ॥ બહોંતેર વરસ સમસ્ત તો
॥ ૧૭ ॥ એણીપરેં પાલી આઊખુંતો ॥ ભ૦ ॥ દિન

દીવાલી જેહતો ॥ મહાનંદ પદ પામીયાતો ॥ ભ૦ ॥ સમરૂં હું નિત તેહતો ॥ ૧૮ ॥ સંવત શોલ બાસઠ્ઠોતો ॥ભ૦॥ વિજયાદશમી ઉદારતો ॥ લાલવિજય હુવા કહેતો ॥ભ૦॥ વીરજિન ભવજલ તારતો ॥ ૧૯ ॥

॥ ઢાલ છઠી ॥

સમરણતા સુખ સંપદ મિલે, ફલે મનોરથ કોડજી ॥ રોગ વિયોગ સવીટલે, ન હોય શરીરેં કોઢજી ॥ ૧ ॥ આદરી આણાપુર મંડણો, ખંડન પાપનો પૂરજી ॥ જે ભવિ-યણ સેવા કરે, સુખ પામે તે ભરપૂરજી ॥ આ૦ ॥ ૨ ॥ મૂરતિ મોહન વેલડી, દીઠે અતિ આણંદોજી ॥ સિંહાસન સોહે સદા, ગગનેં જીસ્યો રવિચંદોજી ॥ આ૦ ॥ ૩ ॥ પ્રતીમા દીઠે સુખ સંપદા, પ્રણમું જોડી હાથજી ॥ ત્રણ્ય પ્રદક્ષિણા દેઈ કરી, માગું મુક્તિનો સાથજી ॥ આ૦ ॥૪॥ શ્રાવક યતિ ઉદ્યમ કરે, કીધો જિનપ્રાસાદજી ॥ કાઢયું પાપ ઠેલી કરી, પુણ્યેં જગ જસવાદજી ॥ આ૦ ॥ ૫ ॥

॥ કલશ ॥

શ્રી વીર પાટપરંપરાગત. આણંદ વિમલ સૂરીશ્વરૂ, શ્રી વિજયદાન સૂરિ તાસ પાટેં, શ્રીહીરવિજય સૂરિગણધરૂ ॥ શ્રીવિજયસેનસૂરિ તાસ પાટે શ્રી વિજય દેવસૂરિ હિત ધરૂ ॥ કલ્યાણ વિજય ઉવજ્ઝાય પંડિત, શ્રી શુભવિજય શિષ્ય જયંકરૂ ॥ ૧ ॥

॥ ઇતિ શ્રી મહાવીર સ્વામીના સત્યાવીશ ભવનું સ્તવન સંપૂર્ણ ॥

# અથ શ્રી મહાવીર સ્વામીના પાંચ કલ્યાણિકનું બાર ઢાલનું સ્તવન પ્રારંભઃ

॥ ઢાલ પહેલી ॥

પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુઝવાત ॥ એ દેશી ॥

॥ સરસતિ ભગવતિ દીયો મતિ ચંગી, સરસ સુરંગીવાણુ ॥ તુઝ પસાય માય ચિત્ત ધરી હું, જિનગુણ રયણુની ખાણુ ॥ ૧ ॥ ગીરૂઆ ગુણુ વીરજી, ગાયશું ત્રિભુવનરાય ॥ તુજ નામેં ઘર મંગલ માલા, ચિત્તધરે બહુ સુખ થાય ॥ ગિ૰ ॥ ૨ ॥ એ આંકણી છે ॥

જંબૂદ્વીપેં ભરત ક્ષેત્રમાંહિ, નયર માહણકુંડ ગામ ॥ રિખભદત્તવર વિપ્ર વસે તિહાં, દેવાનંદા તસ પ્રિયા નામ ॥ ગિ૰ ॥ ૩ ॥ સુર વિમાનવર પુષ્પોત્તરથી, ચવિ પ્રભુ લીયે અવતાર ॥ તવ તે માહણીરયણી મધ્યે, સુપન લહે દશ ચાર ॥ ગિ૰ ॥ ૪ ॥ ધુર મયગલ મલપંતો દેખે, બીજે વૃષભ વિશાલ ॥ ત્રિજે કેસરી લક્ષ્મી ચોથે, પાંચમે ફુલની માલ ॥ ગિ૰ ॥ ૫ ॥ ચંદ્ર સૂર્ય ધ્વજ કલશ પઉમસર, દેખે દેવ વિમાન ॥ રયણ રેહા રયણાયર રાજે, ચઉદમે અગ્નિ પ્રધાન ॥ ગિ૰ ॥ આનંદભર તવ જાગી સુંદરી, કંતને કહે પરભાત ॥ સુણી વિપ્ર કહે તુજ સુત હોશે, ત્રિભુવન માંહે વિખ્યાત ॥ ગિ૰ ॥ અતિ અભિમાન

કીયો મરિચંચ ભવ, જુઓ જુઓ કરમ વિચાર ॥ તાત સુતાવર તિહાં થયા કુંવર, વલિ નીચ કુલે અવતાર ॥ ગિ૦ ॥ ૮ ॥ ઇણ અવસર ઇંદ્રાસન ડાલે, નાણે કરી હરિ જોય ॥ માહણી કુખે જગગુરૂ પેખે, નમી કહે અઘટતું હોય ॥ ગિ૦ ॥ ૯ ॥ તતક્ષણ હરિહરણેંદ્ર તેડાવી, મોક-લિયો તેણે ઠાય ॥ માહણી ગર્ભ અને ત્રિશલાનો, બિહું બદલી સુરજાય ॥ ગિ૦ ॥ ૧૦ ॥ વલી નિશિભર તે દેવા-નંદા, સુપન લહે અસાર ॥ જાણ્યું સુપન ત્રિશલા કરચઢિયાં, જઇ કહે નિજ ભરતાર ॥ ગિ૦ ॥ ૧૧ ॥ કંત કહે તું દુઃખહર સુંદરી, મુઝ મન અચરિજ હોય ॥ મરૂસ્થલ રણમાં કલ્પદ્રુમ દીઠો, આજ સંશય ટલ્યો સોય ॥ ગિ૦ ॥ ૧૨ ॥

॥ ઢાલ બીજી ॥

નયરિ ક્ષત્રિકુંડ નરપતિ, સિદ્ધારથ ભલોએ ॥ આણુન ખંડેરે તસતણી, જગજસ નિર્મલોએ ॥ ૧ ॥ તસ પટ્ટરાણી ત્રિશલા સતિ, કૂંખેં જગપતિએ ॥ પરમ હર્ષ હિયડે ધરિ, ઠવિયા સુરપતિએ ॥ ૨ ॥ સુખ સેજેં પોઢી દેવી, તો, ચઊદ સુપન લહેએ ॥ જાગતી જિન ગુણ ગાવતી, હર્ષતી ગહગહેએ ॥ ૩ ॥ રાજહંસ ગતિ ચાલતી, પિયુકને આવતી એ ॥ પ્રહ ઉગમતે સૂરતો, વિનવે નિજપતિએ ॥ ૪ ॥ વાત સુણી રાય રંજિયો, પંડિત તેડીયાએ ॥ તેણે સમે સુપન વિચારતો, પુસ્તક છોડીયાંએ ॥ ૫ ॥

બોલે મધુરી વાણુતો, ગુણુનિધિ સુત હોશેએ ॥ સુખ સંપતિ ઘરે વાધશે, સંકટ ભાંજશેએ ॥૬॥ પંડિતને રાય તુઠિયા, લચ્છી દીયે ઘણીએ ॥ કહે તુમ વાણી સફલ ફલ હોજો, આશા અમતણીએ ॥ ૭ ॥ નિજપદ પંડિત સંચરયા, રાય સુખેં રહે એ ॥ દેવી ઉદર ગર્ભ વાધતો, શુભ દોહલા લહેએ ॥ ૮ ॥ માત ભક્તિ જિનપતિ કરે, ગર્ભ હાલે નહીંએ ॥ સાત મસવાડા વોલીયા, માય ચિંતા લહીએ ॥ ૯ ॥ સહીયરને કહે સાંભલો, કુણે મહારો ગર્ભ હરયો એ, હુંરે ભોલી જાણું નહીં, ફોગટ પ્રગટ કરયોએ ॥૧૦॥ સખી કહે અરિહંત સમરતાં, દુઃખ દોહગ ટલેએ ॥ તવ જિન જ્ઞાન પ્રયુંજીયો, ગર્ભ તે સલસલેએ ॥ ૧૧ ॥ માતા પીતા પરિવારનું, દુઃખ નિવારિયુંએ ॥ ૧૨ ॥ અણદીઠે મોહ એવડો, તે કિમ વિછોહ ખમેએ ॥ નવ મસવાડા ઉપરેં, દિન સાડા સાતમેએ ॥ ૧૩ ॥ ચૈત્ર શુકલ તેરશે, શ્રી જિન જનમીયાએ ॥ સિદ્ધારથ ભૂપતિ ભલો, ઓચ્છવ માંડિયાએ ॥ ૧૪ ॥

॥ ઢાલ ત્રીજી ॥ વસ્તુની દેશી ॥

પુત્ર જનમ્યો પુત્ર જનમ્યો જગત શણગાર ॥ શ્રી સિદ્ધારથ નૃપ કુલ તિલો, કુલમંડણ કુલતણો દીવો, શ્રી જિનધર્મ પસાઉલે, ત્રિશલા દેવી સુત ચિંરજીવો ॥ એમ આશીશ દીયે ભલી, આવી છપન્ન કુમારી ॥ શુચી કર્મ કરે તે સહી, સોહે જિસી હરિની નાર ॥ ૧ ॥

॥ ઢાલ ચોથી ॥

ચલ્યુંરે સિંહાસણ ઇંદ્ર, જ્ઞાનેં નિરખતાએ ॥ જાણ્યું શ્રી જન્મ જિણંદ, ઇંદ્રિ તવ હરખતાએ ॥ ૧ ॥ આસન-થીરે ઉઠેવ, ભક્તિ હૃદયેં ઘણીએ ॥ વાજે સુઘોષા ઘંટ, સઘલે રણઝણેએ ॥ ૨ ॥ ઇંદ્રિભુવનપતિ વીશ, વ્યંતરત-ણાએ ॥ બત્રીશ રવિ શશિ દોય, દશ હરિ કલ્પનાએ ॥૩॥ ચોશઠ ઇંદ્ર મિલેવી, પ્રણમી કહેએ ॥ રત્ન ગર્ભા જિન માત, દુજી એસી નહીંએ ॥ ૪ ॥ જન્મ મહોત્વ કરે દેવ, સરવે આવીયાએ ॥ માયને દેઈ નિદ્રા મંત્ર, સુત લેઇ મેરૂ ગયાએ ॥ ૫ ॥ કંચન મણિરે ભૃંગાર, ગંધોદક ભ-રયાએ ॥ કિમ સહેશે લઘુવીર, હરિશંકા ધરેએ ॥ ૬ ॥ વહેશે નીરપ્રવાહ, કિમ નામીયેંએ ॥ ન કરે નમણ સનાત્ર જાણ્યું સ્વામીયેંએ ॥ ૭ ॥ ચરણ અંગુઠે મેરૂ, ચાપી ના-ચિયોએ ॥ મુજ શિર પગ ભગવંત, ઇમ કહી માચિયોએ ॥ ૮ ॥ ઉલટયા સાયર સાત, સરવે જલ હલ્યાએ ॥ પાયાલેં નાગિંદ્ર, સઘલા સલસલ્યાએ ॥ ૯ ॥ ગિરિવર ત્રુટે ટુંક, ગડગડે ઘણુંએ ॥ ત્રીભુવનના લોક, કપિતલડથડયાએ ॥ ૧૦ ॥ અનંત બલ અરિહંત, સુરપતિ કહેએ ॥ મુઝ મન મૂરખ મૂઢ, એટલું નવિ લહેએ ॥ ૧૧ ॥ પ્રદક્ષિણા દેઈ ખામેવ, મહોત્સવ કરેએ ॥ નાચે સુર ગાએ ગીત, પુણ્ય પોતેં ભરેએ ॥ ૧૨ ॥ ઇણ સમે સરગની લીલ, તૃણ સમ ગણેએ ॥ જિન મૂકી માયને પાસ, પદ ગયા આપણેએ

॥ ૧૩ ॥ માય જાગી જુવે પુત્ર, સુરવર પૂજિયોએ ॥ કુંડલ દેઈ દેવ દોય, અમિય અંગુઠે દીયોએ ॥ ૧૪ ॥ જન્મ મહોત્સવ કરે તાત, રિદ્ધિયેં વાધીયોંએ ॥ સ્વજન સંતોષી નામ, વર્દ્ધમાન થાપીયોએ ॥ ૧૫ ॥

॥ ઢાલ પાંચમી ॥

પ્રભુ કલ્પતરૂ પરેં વાધે, ગુણ મહિમાનો પાર ન લાધે ॥ રૂપેં અદ્દ્ભુત અનુપમ અકલ, અંગ લક્ષણ કલા વિદ્યા સકલ ॥ ૧ ॥ મુખચંદ કમલ દલ નયણાં, શ્વાસ સુરભિંગંધ મીઠા વયણાં ॥ હેમવર્ણ તનુ સોહાવે, અતિ નિરમલ નીરેં નવરાવે ॥ ૨ ॥ તપ તેજેં સૂર્ય સોહે, જોતાં સુરનાં મન મોહે ॥ રમે રાજકુંવરશું વનમાં, માય તાયને આનંદ મનમાં ॥ ૩ ॥ પ્રભુ અતુલ મહાબલ વીર, ઈંદ્ર સભામાંહે કહે જીનવીર ॥ એક સુર મૂઢ વાત ન માને, આવ્યો પરખવાને રમવાને ॥ ૪ ॥ સુર અહિ થઈ આમલિયોં રાખે, પ્રભુ હાથે ઝાલી દૂરે નાખે ॥ વલી બાલક થઈને આવી રમિયો, લાડકડો કિણે અપહરિયો ॥ જોતા સુર વાધે ગગને મિથ્યાત્વી, વીરેં મુઠીયેં હણ્યો પડયો ધરતી ॥ ૬ ॥ નમી નામ દીધું મહાવીર, જેહવો ઈંદ્રે કહ્યો તેહવો ધીર ॥ સુરવલીયોને પ્રભુ આવ્યા રંગે ॥ માય તાયને ઉલ્લટ અંગે ॥૭॥

॥ ઢાલ છઠ્ઠી ॥ વસ્તુની દેશી ॥ ૭ ॥

॥ રાય ઓચ્છવ કરે મનરંગ, લેખક શાલા સુત ઠવે વીરજ્ઞાન શયન જાણે ॥ તવ સુધર્મા ઈંદ્ર આવી કરી, પૂછે ગ્રંથ

સામી વખાણે ॥ જૈન વ્યાકરણ તિહાં કીયો, આણંદે સુરરાય ॥ વચન વિશેષેં ભારતી, પંડયો વિસ્મય થાય ॥ ૧ ॥

॥ ઢાલ સાતમી ॥

યૌવન વય જિન આવિયાએ, રાયે કન્યા યશોદા પરણાવીયાએ ॥ વિવાહ મહોત્સવ શુભ કીયાએ ॥ સવિ સુખ સંસારનાં વિલસીયાંએ ॥ ૧ ॥ અનુક્રમેં હુઈ એક કુંવરીએ, ત્રીશ વરસ જિનરાજ લીલા કરીએ ॥ માતા પિતા સદ્‌ગતિ ગયાએ ॥ પછે વીરં વૈરાગેં પૂરિયાએ ॥ ૨ ॥ મયણરાય મન શું જીતિયોએ ॥ વીરેં અથિર સંસાર મન ચિંતિયોએ ॥ રાજરમણી ઋદ્ધિ પરિહરીએ ॥ કહે કુટુંબને લેશું સંયમ સિરીએ ॥ ૩ ॥

॥ ઢાલ આઠમી ॥

॥ પિતરીયો સુપાસરે, ભાઈ નંદી વર્દ્ધન ॥ કહે વત્સ એમ ન કીજિયેંએ ॥૧॥ આગે માય તાય વિચ્છોહરે, તું વલી વ્રત લીયે ॥ ચાંદે ખારન દીજીયેંએ ॥ ૨ ॥ નીર વિણુ જિન મત્સ્યરે, વીર વિના તિમ, ટલવલતું સહુ એમ કહેએ ॥ ૩ ॥ કૃપાવંત ભગવંતરે, નેહ વચને કરી, બે વરસ જાજેરાં રહેએ ॥ ૪ ॥ ફાસુ લીયે અન્નપાનરે, પરઘર નવિ જીમે, ચિત્ત ચારિત્ર ભાવેં રમેએ ॥૫॥ નકરે રાજની રીતરે, સુરલોકાંતિક ॥ આવી કહે સંયમસમેએ ॥ ૬ ॥ બુજ બુજ ભગવંતરે, છોડી વિષય સુખ ॥ આ સંસાર વધારણાએ ॥૭॥

॥ ઢાલ નવમી ॥

આલે આલે ત્રિશલાના કુંવર, રાજા સિદ્ધારથનો નંદન, દાન સંવત્સરીએ ॥ ૧ ॥ એક કોડી આઠ લાખ દિન પ્રતેંએ; કનક રયણ રૂપામોતી તો, મુઠીસુભરી ચરીએ ॥ ૨ ॥ ધણ કણ ગજરથ ઘોડલાએ, ગામ નયર પુર દેશ તો ॥ મનો વાંછિત ફલ્યાંએ ॥ ૩ ॥ નિરધન તે ધન વંત થયા એ, તસ ઘરે ન ઓલખે નારીતો ॥ સમ કરે વલી વલી એ ॥ ૪ ॥ દુઃખ દારિદ્રહરે જગતણાએ, મેઘપરેં વરસે દાનતો ॥ પૃથિવા અરણ કરીયે ॥ ૫ ॥ બહુનર નારી ઉત્સવ જુએએ, સુરનર કરેરે મંડાણતો ॥ જિન દીક્ષા વરીએ ॥ ૬ ॥ વિહાર કરમ જગ ગુરૂ કિયોએ, કેડેં આવ્યો માહણ મિત્રતો, નારી સંતાપિયો એ ॥ ૭ ॥ જિન જાચક હૂં વીસરયો એ, પ્રભુ ખંધથકી દેવ દૂષ્યતો, ખંડકરી દિજીએએ ॥ ૮ ॥

॥ ઢાલ દશમી ॥ છઠ્ઠી ભાવના મનધરો ॥ એ દેશી ॥

જસ ઘર કરે પ્રભુ પારણું, સુર તિહાં કંચન વરસે અતિ ઘણું, આંગણું; દીપે તેજેં તેહનું એ ॥ ૧ ॥ દેવદુંદુભિ વાજે એ, તિણ નાદે અંબર ગાજેએ, છાજેએ, ત્રિભુવન-માંહે સોહામણું એ ॥ ૨ ॥ ત્રુટક ॥ સોહામણું પ્રભુ તપ તપે બહુ, દેશ વિદેશેં વિચરતાં ॥ ભવ્ય જીવને ઉપદેશ દેઈ, સાતે ઇતિ શમાવતા ॥ ૩ ॥ ષટ્માસ વનમેં કાઉસ્સગ્ગેં રહ્યા, જિન કર્મ કઠીન દહે સહી ॥ ગોવાલ ગોરૂ ભલાવીયા; વીર-મુખેં બોલ્યા નહીં ॥ ૪ ॥

॥ ઢાલ પૂર્વલી ॥

ગોરૂ સવિ દહ દિશિ ગયાં, તિણે આવી કહે મુનિ કિહાં ગયા, ઋષિ રાયા, ઉપર મુરખ કોપીયાએ ॥ ૫ ॥ ચરણ ઉપર રાંધી ખીર; તેણે ઊપસર્ગે ન ચલ્યા ધીર, મહાવીર શ્રવણે ખીલા ઠોકીયાએ ॥ ૬ ॥ ત્રુટક ॥ ઠોકીયા ખીલા, દુઃખ પીડા કોણ લહે તિમ કરિ ગયાં ॥ જિનરાયને મન શત્રુ મિત્ર સરિખા, મેરૂપરેં ધ્યાનેં રહ્યા ॥ ૭ ॥ ઊન્હી વરસે મેઘ આરે, વીજલી જબકે ઘણી ॥ બેહુ ચરણ ઉપર ડાભ ઊગ્યા, ઇમ સહે ત્રિભુવન ધણી ॥ ૮ ॥

॥ ઢાલ ॥

ઇક દિન ધ્યાન પૂરૂં કરી, પ્રભુ નયરીયેં પહોતા ગોચરી ॥ તિહાં વઘ શ્રવણેં ખીલાજાણીયાએ ॥ ૯ ॥ પારણું કરી કાઊસ્સગ્ગેં રહ્યા, તિહાં વૈદ્યે સંચ ભલા કીયા, બાંધીયા વૃક્ષેં દોર ખીલા તાણીયાએ ॥ ૧૦ ॥ ત્રુટક ॥ તાણી કાઢયા દોય ખીલા, વીર વેદના થઈ ઘણી ॥ આક્રંદતાં ગિરિ થયો શતખંડ, જુઓ ગતિ કરમતણી ॥ ૧૧ ॥ બાંધે જીવડો કર્મ હસતાં, રોવંતાં છૂટે નહીં ॥ ધન્ય ધન્ય મુનિવર રહે સમચિત, ઇમકર્મ ત્રુટે સહી ॥ ૧૨ ॥

॥ ઢાલ અગ્યારમી ॥

જુઓ જુઓ કરમેં શું કીધૂં રે, અન્ન વરસ રિખભેંન લીધૂં રે ॥ કરમ વશેં મકરો ખેદરે, મલ્લિનાથ પામ્યા સ્ત્રીવેદરે

॥ ૧ ॥ કર્મે ચક્રી બ્રહ્મદત્ત નડીયોરે, સુભૂમ નરકેં જઇ પડિ-
યોરે ॥ ભરત બાહુબલશું લડીયોરે, ચક્રી હરિરાય જસ ચડિ-
યોરે ॥ ૨ ॥ સનત્કુમારેં સહ્યા રોગરે, નલ દમયંતી વિયોગરે
॥ વાસુદેવ જરાકુમરેં મારયોરે, બલદેવ મોહનીયે ધારયોરે
॥ ૩ ॥ ભાઈ શબ મસ્તકે વહીયોરે, પ્રતિબોધ સુરમખેં
લહિયોરે ॥ શ્રેણિક નરકેં એ પહુત્તરે. વન ગયા દશરથ
પુત્તરે ॥ ૪ ॥ સત્યવંત હરિચંદ ધીરરે, ડુંબ ઘરેં શિર
વહ્યું નીરરે ॥ કુબેરદત્તને કુયોગરે, બેન વલી માતા શું
ભોગરે ॥ ૫ ॥ પરહસ્તેં ચંદન બાલરે ॥ ચઢયું સુભદ્રાને
આલરે ॥ મયણરેહા મૃગંકલેખારે, દુઃખ ભોગવ્યાં તે અને-
કારે ॥ ૬ ॥ કરમે ચંદ્ર કલંકયોરે, રાયરંક કોઇ ન મુકયોરે
॥ ઇંદ્ર અહિલ્યાશું લુબ્ધયોરે, રત્નાદેવી ઇશ વશ કીધોરે
॥ ૭ ॥ ઈશ્વિર નારીયેં નચાવ્યોરે ॥ બ્રહ્મા ધ્યાનથી મુકા-
વ્યોરે ॥ અહો અહો કર્મ પ્રધાનરે, જીત્યા જીત્યા શ્રી વર્દ્ધ-
માનરે ॥ ૮ ॥

॥ ઢાલ બારમી ॥

ઇમ કર્મ ખપાવી, ધીર પુરૂષ મહાવીર ॥ બાર વરસ
તપ્યું તપ, તે સઘલું વિણ નીર ॥ ૧ ॥ શાલિવૃક્ષ તણે પ્રભુ,
પામ્યા કેવળ જ્ઞાન ॥ સમોસરણ રચ્યું સુર, દેશના દીયે
જિનભાણ ॥ ૨ ॥ અપાપાનયરી, યજ્ઞ કરે, વિપ્ર જેહ ॥ સરવ
બુજવી દીક્ષા દીયે, વીરને વન્દે તેહ ॥ ૩ ॥ ગૌતમ ઋષિ
આદે, ચારશે ચાર હજાર ॥ સહસ ચઉદ મુનીશ્વર; ગણ-

ધર વર અગ્યાર ।। ૪ ।। ચન્દનબાલા પ્રમુખ, સાધવી સહસ છત્રીશ ।। દોઢ લાખ સહસ નવ, શ્રાવક હૈ આશીષ ।।૫।। ત્રણ્ય લાખ શ્રાવિકા, ઉપર સહસ અઢાર ।। સંઘ ચતુંર્વિંધ થાપ્યો, ધનધન જિન પરિવાર ।। ૬ ।। પ્રભુ અશોક તરૂ તલે, ત્રિગડે કરે વખાણ ।। સુણે પરખદા બારે, યોજન વાંણી પ્રમાણ ।। ૭ ।। ત્રણ્ય છત્ર સોહે શિર; ચમર ઢાલે ઇંદ્ર ।। નાટક બદ્ધ બત્રીશ, ચોત્રીશ અતિશય જિણંદ ।।૮।। પુલપગર ભરે, સુર, વાજે દુંદુભિ નાદ, નમે સકલ સુરાસુર, છાંડી સવિ પ્રમાદ ।। ૯ ।। ચિહું રૂપે સોહે, ધર્મ પ્રકાસે ચાર ।। ચોવીશમો જિનવર, આપે ભવનો પાર ।। ૧૦ ।। પ્રભુ વરસ બહોંતેર, પાલી નિર્મલ આય ।। ત્રિભુવન ઉપગારી; તરણ તારણ જિનરાય ।। ૧૧ ।। કારતિક માસે દિન, દીવાલી નિર્વાણ ।। પ્રભુ મુગતેં પોતા, પ્રણમે નિત્ય કલ્યાણ ૧૨

।। કલસ ।।

એ વીર જિનવર સયલ સુખકર, નામેં નવ નિધ સંપજે ।। ધર ઋદ્ધિ વૃદ્ધિ સુસિદ્ધિ પામે, એકમના જે નર ભજે ।। તપગચ્છ ઠાકર, ગુણ વીરાગર, હીરવીજય સૂરીશ્વરૂ ।। હંસ વંદે મન આણંદે, કહે ધન એ મુઝ ગુરૂ ।। ૧ ।।

।। ઇતિ શ્રી મહાવીર સ્વામીનું પાંચ કલ્યાણિકનું બાર ઢાલીયું સંપૂર્ણ ।।

## અગીઆરસનું સ્તવન ઢાલો ૪

॥ દુહા ॥ શાંતિકરણ શ્રી શાંતિજી, વિઘન હરણ શ્રીપાસ ॥ વાગદેવી વિધ્યા દીએ, સમરૂ ધરી ઉલ્લાસ ॥ ૧ ॥ જાદવ કુલ સીરસેહરો, બ્રહ્મચારિ ભગવંત ॥ શ્રી નેમિસર વંદીએ, જેહનાં ગુણ અનંત ॥ ૨ ॥

॥ ઢાલ ૧ લી રાગ મલ્હાર ॥

નયરિ નિરૂધમ નાંમ દ્વારાવતિ દીપતી રે ॥ દ્વા૦ ॥ ધનવંત ધરમી લોક દે પુરીજી પતીરે ॥ દે૦ ॥ યાદવ સહિત ગદાધરરાજ કરે જીહાંરે ॥ રા૦ ॥ ઉપગારી અરિહંત પ્રભુ આવ્યા તિહાંરે ॥ પ્ર૦ ॥ અંતે ઉર પરિવાર હરી વંદન ગયારે ॥ હ૦ ॥ પ્રદક્ષણા દેઈ ત્રણ્ય પ્રભુ આગલ રહ્યારે ॥ પ્ર૦ ॥ દેસના દિએ જીનરાજ સુણેં સહૂ ભાવીઆરે ॥સુ૦॥ અરિહા અમૃત વચણ સુણી સુખ પાવીઆરે ॥સુ૦॥ હરિ તવ જોડી હાથ પ્રભુને ઇમ કહેરે ॥ પ્ર૦ ॥ સકલ જંતુના ભાવ જિનેશ્વર તુંમ લહિરે ॥ જિ૦ ॥ વરસ દિવસમાં કોઈક દિન એક ભાખીયેરે ॥ દિ૦ ॥ થોડે પુણ્યે જેહથી અનંત ફલ ચાખીયેરે ॥ અ૦ ॥ ૩ ॥

॥ દુહા ॥ પ્રભુજી તવ હરિને કહે, મૌન એકાદસી જાણી ॥ કલ્યાણક પચાસ સત, સુભ દિવસેં ચિત્ત આંણિં ॥ ૧ ॥ વાસુદેવ વલતું કહે, દોઢસો કલ્યાણક કેમ ॥ અતિત અનાગત વતમાન, ઇણિપરે ભાખે નેમ ॥ ૨ ॥

॥ ઢાલ બીજી ॥

કેસરમાંખીનો માહારો સાહેબો, પ્રભુ માહારા રતિ એક રૂપ દેખાડિ હો ॥ એ દેશી ॥

મહાજસ સર્વાનુ ભુત્તિની, ભવિક જન કીજે શ્રીધર સેવ હો ॥ નમિ મલ્લિ અરનાથનિ ॥ ભ૦ ॥ રાખો વંદન ટેવ હો ॥ ૧ ॥ નાથ નિરંજન સાચો સજ્જન, દુખનો ભંજન, મોહનો ગંજન વંદિએ ॥ ભવિકજન, એહજ જિનવર દેવ હો એ આંકણી ॥ સ્વયં પ્રભ દેવ શ્રુત ઉદયનાથ ॥ ભ૦ ॥ સાચો સીવપુર સાથ હો ॥ અકલંક શુભંકર વંદિએ ॥ ભ૦ ॥ સાચો શ્રી સપ્તનાથ હો ॥ ૨ ॥ બ્રહ્મેંદ્ર ગુણનાથ ગાંગિક ॥ ભ૦ ॥ સુવ્રત શ્રી મુનિનાથ હો ॥ વિસિષ્ટ જીનવર વંદિએ ॥ ભ૦ ॥ એહજ ધર્મનો નાથ હો ॥ ૩ ॥ સુમૃદુ શ્રી વ્યક્તનાથ જે ॥ ભ૦ ॥ સાચો કલાશત્ત જાણ હો અરણ્યવાસ શ્રીયોગ જેમ ॥ શ્રી અજોગ ચિત્ત આણિહો ॥ ૪ ॥ પરમનાથ સુધારતિ ॥ ભ૦ ॥ કીજે નિષ્કેસ સેવહો ॥ સર્વરિધ હરિભદ્રને ॥ ભ૦ ॥ મગધાધિપ સુધ દેવહો ॥ ૫ ॥ પ્રયછ અક્ષોભ જિનવાર ॥ ભ૦ ॥ મલય સિંહનિતુ વંદહો ॥ દિનકર ધનદ પ્રભુ નમો ॥ ભ૦ ॥ પોષધ સમરસ કંદહો ॥ ૬ ॥ દૂહા૦ ॥ જિન પ્રતિમાં જીનવાણિનો, મોટો જગ આધાર ॥ જીવ અનંતા એહથી. પામ્યા ભવનો પાર ॥ ૧ ॥ નામ ગોત્ર શ્રવણ સુણિ, જપે જે જિન નામ ॥ આઠ કરમ અરિજીતને, પામે સિવપૂર ઠામ ॥ ૨ ॥

॥ ઢાલ ત્રીજી ॥

મોરા સાહિબ હો, શ્રી શીતલનાથકે, વીનતિ સુણો એક માહરી ॥ એ દેશી ॥ શ્રી પ્રલંબ હો ચારિત્રનિધિ દેવકે, પ્રસમરાજિ નિતુ વંદીએ ॥ શ્રી સ્વામિ કહો વિપરિત પ્રસાદકે, વંદી પાપ નિકંદિએ ॥ શ્રી અઘટિત હો, બ્રહ્મણિએ જિનરાજકે, રૂષભચંદ્ર ચિત્ત આણીએ ॥ પશ્ચિમ માહે એ ભરત મઝારકે, ત્રણ ચોવિસી જાણિયે ॥ ૧ ॥ શ્રી દયંતહો અભિનંદન પૂજ્યકે, રત્નશેખર ત્રિભુવન ધણી ॥ શ્યામ કોષ્ટજહો મરૂ દેવ દયાલકે, અતિ પાર્શ્વ કીરતિ ધણી ॥ નંદીખેણ હો વ્રતધર નિર્વાણકે, સેવતા સંકટટલિ ॥ જંબૂદીપેહો ચઉવીસી ત્રિણકે, સેવંતાં સંયતિ મિલિ ॥ ૨ ॥ શ્રી સૌંદર્ય હો ત્રિવિક્રમ નામકે, નારસિંહ સેવો સહિ ॥ શ્રી ખેમંત હો સંતોષિત દેવકે, કામનાથ વંદો વહી ॥ મુનિનાથ જો જીનવર ચંદ્ર દાહકે, દિલાદિત્ય ચિત્તમાં ધરો ॥ ખંડ ધાતકી હો પૂર્વ ઐરવત માંહિકે, ત્રિણ ચોવીસી મંગલ કરો ॥ ૩ ॥ અષ્ટાહિક હો શ્રી વણિગ જાણિકે, ત્રણ જ્ઞાન સેવો સુખનિ ॥ તમો કંદ હો શ્રી સાયર કાક્ષકે, ખેમંત વાંદી ગમો દુખને ॥ શ્રી નિર્વાણ હો શ્રી જીન રવિરાજકે, પ્રથમ નાથ સીવ સાથ છે ॥ પુષ્કર વર હો ચોવીસીત્રણયકે, ત્રણય જગતના નાથ છે ॥ ૪ ॥ શ્રી પુરૂષ હો શ્રી બોધ વક્રવકે, વિક્રમેંદ્ર ઇંદ્રિ નમ્યો ॥ શ્રી સ્વસાંતિ હો હરનાથ મુણિંદકે, નંદિ

કેશ મુજ મન ગમ્યો ।। મહા મૃગેંદ્ર હો શ્રી અશો-ચિતકે, મહેંદ્રનાથ નાથાય નમુ ।। ધાતકિ ખંડે હો ઐર-વત ક્ષેત્રકે, ત્રણ્ય ચોવીસી ચરણે રમુ ।। ૫ ।। અમ્ય વૃંદ હો શ્રી કુટલક વંદિકે, વર્દ્ધમાન મુજ મન રમ્યો ।। શ્રી નંદિકહો શ્રી ધર્મચંદ્રકે, વિવેક મુજ મનમાં ગમ્યો ।। કલાપકહો શ્રી વિસોમ એહકે, અરણ્યનાથ કીરત ઘણી ।। પુષ્કર દ્વીપે હો ચોવીસી ત્રણ્યકે, ત્રીસ ચોવીસી દાહ્ન-તતિ ભણિ ।। ૬ ।।

।। ઢાલ ચોથી ।।

।। દૂહા ।।

નેમી જીણેસર ઉપદીસ્યો, સદહ્યો કૃષ્ણ નરેસ ।। વીર વિમલ ગુરૂથી લહ્યો, મેં સુધો ઉપદેશ ।। ૧ ।। કાલ અનંતો નિર્ગમ્યો, અનંત અનંતિવાર આદિ નિગોદેહુ ભમ્યો, કેણે ન કિધી સાય ।। ૨ ।। પ્રભુ દર્શન મુજ નવિ હુઓ, નવિ સુણ્યો ધર્મ ઉપદેશ ।। નાટકીઆ નાટક પરિ, બહુ બનાવ્યા વેસ ।। ૩ ।। અનુક્રમે નર ભવ લહ્યો, ઉત્તમ કુલ અવતાર ।। દુર્લભ દર્શન પામીઓ, તાર પ્રભુ મુજ તાર ।। ૪ ।।

।। સિવ કુંવરને વંદીએ રે લોલ એ દેશી. ।।

નેમીજીણેસર ઉપદીસ્યોરે લોલ, અદભુત એ અધિ-કારરે સુગુણ નર, સાંભલતાં ચીત હરખીઓરે લોલ ।।

હુઓ જય જયકારરે સુગુણ નર ॥ ૧ ॥ શ્રી જીન શાસન જગ જગ જયોરે એ આંકણી ॥ મંત્ર યંત્ર મણિ ઓષધિ રે લાલ, સકલ જંતુ હિતકારરે સુગુણ નર ॥ એહનિતું શુંણતાથકાંરે, ટાલે વિષય વિકારરે સુગુણ નર ॥ ૨ ॥ ॥ શ્રી૦ ॥ રોગને સોગ વિજોગડારે લો, નાસે ઉપદ્રવ દુખરે ॥ સુ૦ ॥ સેવંતા સુખ સરગનાંરે લો, વલિ પામે સિવ સુખરે ॥ સુ૦ ॥ ૩ ॥ શ્રી૦ ॥ આરાધન વિધિ સાંભલોરે લો૦ ચોથ ભક્ત ઉપવાસરે ॥ સુ૦ ॥ મૌન ધ્યાન ધ્યાવતાંરે લો, હુએ અઘનો નાસરે ॥ સુ૦ ॥ ૪ ॥ ॥ શ્રી૦ ॥ અહોરત્તો પોસહ કરીરે લો૦ જપીયે એ જીન નામરે ॥ સુ૦ ॥ રૂદ્ધિ વૃદ્ધિ સુખ સંપદારે લો૦ લહિએ સિવપુર ઠામરે ॥ સુ૦ ॥ ૫ ॥ શ્રી૦ ॥ માગશિર સુદિ એકાદશીરે લો૦ ઇગ્યાર વરસ વખાણરે ॥ સુ૦ ॥ માસ ઇગ્યાર ઉપર વલિરે લો, એ તપ પૂર્ણ પ્રમાણરે ॥ સુ૦ ॥ ॥ ૬ ॥ શ્રી૦ ॥ ઉજમણું કરો ભાવથીરે લો૦ શક્તિ તણે અનુંહારરે ॥ સુ૦ ॥ જિનપુજા સંઘ સેવનારે લો૦ દાન દિએ સુવિચારરે સુ૦ ॥ ૧ ॥ શ્રી૦ ॥ પાઠી પોથિ પૂઠીઆરે લો૦ ઈગ્યાર ઇગ્યાર એમ જાંણરે ॥ સુ૦ ॥ સુવ્રત શેઠ તણિ પરેરે લો૦ હુએ ગુણની ખાંણરે ॥સુ૦॥ ॥ ૮ ॥ શ્રી૦ ॥ તપ કિરિયા કીધા ઘણારે લો૦ પણ નાં૦યું પ્રણિધાનરે ॥ સુ૦ ॥ તે વિણ લેખે આ૦યો નહિરે લો૦ કાસ કુસુમ ઉપમાનરે ॥ સુ૦ ॥ ૯ ॥

॥ શ્રી૦ ॥ કાલ અનંતે મેં લીઓરે લો૦ કર્મ ઇંધણ કેઈ તુરરે સુ૦ સુધ તપ ભલે ભાવથીરે લો૦ તેહ કરે ચકચુરરે ॥ સુ૦ ॥ ૧૦ ॥ શ્રી ॥ દાનશીલ તપ ભાવથિરે લો૦ ઉધર્યાં પ્રાણી અનેકરે સુ૦ આરાધો આદર કરીરે લો૦ આણિ અંગ વિવેકરે ॥ સુ૦ ॥ ૧૧ ॥ શ્રી૦ ॥ બારે પરખદા આગલેરે લો૦ ઇમ કહ્યો નેમિ સ્વામરે ॥ સુ૦ ॥ કૃષ્ણ નરેસરે સદ્દહ્યોરે લો૦ પહોચ્યા નિજ નિજ ધામરે ॥ સુ૦ ॥ ૧૨ ॥ શ્રી૦ ॥

॥ ઢાલ પાંચમી ॥

દુસમ કાલે એ આલંબનં, સુગુરૂ સદાગમ વાંણીજી. તેહને સંગે બહુ સુખ પામ્યા, ભવમાંહિ ભવિ પ્રાણીજી ॥ ૧ ॥ સમકિતદાયક સુભ પંથ વાહક, ગુરૂ ગીતારથ દીવોજી ॥ પસુટાલી સુર રૂપ કરે જે, તેહજ ગુરૂ ચિરંજીવોજી ॥ ૨ ॥ ગુરૂકુલવાસે રહેતાં લહિએ, વિનય વિવેક સવિ કિરિઆજી ॥ તેહની સેવા કરતાંથાએ, પૂરણ જ્ઞાનના દરીયાજી ॥ ૩ ॥ એહ સ્તવનને જે સુણસ્યે ભણસ્યે, છોડી ચિત્તના ચાલાજી, સુરતરૂ સુરમણી સુરંગવી પ્રગટયા, તસ ઘર મંગલ માલાજી ॥ શ્રી વિર વિમલગુરૂ સેવા કરતા, રૂદ્ધિ કૃરત ગુણ ગાયાજી ॥ વીસુધ વિમલ કહે તેહની સંગે, પુરૂષોત્તમ ગુણ ગાયાજી ॥ ૪ ॥

॥ ઇતિશ્રી ઇગ્યારસનું સ્તવન સંપૂર્ણ ॥

## ॥ અથ ચોવિશ દંડકનું સ્તવન ॥

॥ ઢાલ આદરજીવ ક્ષમા ગુણ આદર ॥ એ દેશી ॥

પૂરવ મનોરથ પાસ જીણેસર, એક કરૂં અરદાસજી તારણ તરણ બિરૂદ તુજ સાંભલિ, આયોહું ધરી આસજી ॥ ૧ ॥ પૂર૦ ॥ આ૦ ॥ ઈણ સંસાર સમુદ્ર અથાગે, ભમિઓ ભવજલ માંહેજી ॥ ગડગચિયા જીમ આયો ગડતો, સાહિબ હાથે સાહજી ॥ પૂર૦ ॥ ૨ ॥ તું જ્ઞાનિ તો પિણ તુજ આગે, વિતક કહિએ વાતજી ॥ ચોવિશે દંડકે હું ફરીઓ, વર્ણવું તે વિખ્યાતજી ॥ પૂ૦ ॥ ૩ ॥ સાતે નરકતણો એક દંડક, અશુરાદિક દસ જાણજી ॥ પંચ થાવરને ત્રણ વિગલેંદ્રી, ઓગણિસગણતિઆણજી ॥ પૂ૦ ॥ ॥ ૪ ॥ પંચેદ્રી તિર્યંચ અનેનર, એહ થયા એકવીસજી વ્યંતર જ્યોતિકને વૈમાનિક, એમ દંડકચોવિસજી ॥ ॥ પૂ૦ ॥ ૫ ॥ પંચેદ્રી તિર્યંચ અનેનર, પરજાપતા જે હોઈજી ॥ એ ચઉવિહ દેવામાંહે ઉપજે, એમ દેવ ગતિ દોયેજી ॥ પૂ૦ ॥ ૬ ॥ અસંખ્યાને આયુષે નર તીર્યંચ નિશ્ચે દેવજ થાયેજી ॥ નિજ આયુષે સમકે ઓછે, પણ અધિકે નવિજાયજી ॥ પૂ૦ ॥ ૭ ॥ ભૂવન પતિ કે વ્યંત-રતાએ, સમુર્છિમ તીર્યંચજી ॥ સ્વરગ આઠમાં તાંઈપહોંચે, ગર્ભજ સૂકૃત સંચજી ॥ પૂ૦ ॥ ૮ ॥ આઊસંખ્યાતે જે ગર્ભજ, નર તિર્યંચ વિવેકજી ॥ બાદર પૃથિવને વલીપાણિ વનસ્પતિ પરતેકજી ॥ પૂ૦ ॥ ૯ ॥ પરજાપતા ઈણ પાંચે

ઠામે, આવિ ઊપજે દેવજી ॥ ઈણુ પાંચોં માંહે પણ આગે, અધિકાએ કહું દેવજી ॥ પૂ૦ ॥ ૧૦ ॥ ત્રીજા સ્વર્ગ થકિ માંડી સુર, એકીંદ્રિય નવિથાએજી ॥ આઠમાથી ઉંપરલા સઘલા, માનવ માંહે જાએજી ॥ પૂ૦ ॥ ૧૧ ॥

॥ ઢાલ બીજી ॥

આજનિંહેજોરે દિસે નાહલો એ દેશી. ॥

નરકતણિ ગતિ આગતિ એણીપરે; જીવ ભમે સંસાર ॥ હોય ગતિને હોય આગતિ જાણિએ, વલિય વિશેષ વિચાર ॥ ૧ ॥ નરગ૦ ॥ સંખ્યાતે આયુપરજાપતા, પંચેદ્રી તિર્યંચ ॥ તિમહિજ મનુષ્ય બેહિજ નગરમે, જાએ પાપ પ્રપંચ ॥ ૨ ॥ પ્રથમ નરગ લેગં જાઇ અસન્નિઓ, ગોહન કુલ તિમ બીય ॥ ગ્રીધ પ્રમુખ પંખી ત્રીજી લગે, સિંહ લગેં મુખ ચોથીય ॥ ન૦ ॥ ૩ ॥ પાંચમિ નરગે સિમાસા પણિં, છઠી લગે સ્ત્રા જાય ॥ સાતમીએ માણુસ કે માછલા, ઉપજે ગર્ભજ આય ॥ ૪ ॥ નરકથકિઆવેબિંઉં દંડકે, તિર્યંચકે નર થાય ॥ તે પિણુ ગર્ભજનેપરજાપતા, સંખ્યાતિજસુ આય ॥ ન૦ ॥ ૫ ॥ નારકિયાને નરગથી નીસર્યાં, જે ફ્લ પ્રાપ્ત હોય ॥ ઊતકૃષ્ટે ભાંગે કરિ તે કહે, પણુ નિશ્ચય નહિં કોય ॥ ન૦ ॥ ૬ ॥ પ્રથમ નરક થકાચવિચક્રવર્તિં હુવે, બિજી હરિ બલદેવ ॥ ત્રીજી લગે તિર્થંકર પદ લહે, ચોથી કેવલ એવ ॥ ન૦ ॥ ૭ ॥ પાંચમી નરકનો સવ વિરતિ લહે; છઠી એં દેસ વિરત ॥

સાતમી નરકથી સમકિતહિંજલહે, ન હુવે અધિક નિમીત્ત ॥ ન૦ ॥ ૮ ॥

॥ ઢાલ ત્રીજી ॥

॥ કરમ પરિક્ષા કરણ કુંમર ચલ્યોરે એ દેશી ॥

માનવ ગતિવિણ મુગતિ હોવે નહિરે, એહનો એમ અધિકાર ॥ આઉસંખ્યાતેનરસહું દંડકેરે; આવિ લહે અવતાર ॥ ૧ ॥ માનવ૦ ॥ તેઉવાઉ દંડક બેતજીરે, બિજાજે બાવિસ ॥ તિંહાથી આયાથાએ માનવીરે, સુખદુખ પૂન્ય સરિસ ॥ ૨ ॥ મણા નરતિર્યંચ અસંખે આઉખેરે, સાતમી નરગના તેમ ॥ તિહાંથિ મરિનેમનુષ હુવે નહિરે, અરિહંત ભાખ્યો એમ ॥ ૨ ॥ વાસુદેવ બલદેવ તથા વલીરે, ચક્રવર્તિ અરિહંત ॥ સરગ નરગના આયાએ હુવેરે, નરતિરીથીનહુવંત ॥ મા૦ ॥ ૩ ॥ ચોવિહ દેવ થકિચવિ ઉપજેરે, ચક્રવર્તિ બલદેવ ॥ વાસુદેવ તિર્થંકર તે હુવેરે, વૈમાનિકથકિ એહ ॥ મા૦ ॥

॥ ઢાલ ૪ થી ॥

હેમઘડયો રતને જડયો ખૂંપ ॥ એ દેશી ॥

હવે તિર્યંચ તણિ ગતિ આ ગતિ કહિએ અસેસ, જીવ ભમ્યો ઇણ પરભવ માંહે કરમ વિશેષ ॥ આઉ સંખ્યાતે જે નર તિર્યંચ વિચાર, તે સઘળા તિર્યંચ માંહે લહે અવતાર ॥ ૧ ॥ જીણ તિર્યંચા માંહે આવે નારકિ

દેવ, તેહ કહ્યો પહેલી તિણ કારણ ન કહ્યું હેવ ॥ પંચેદ્રી તીર્યંચ સંખ્યા તે આઉખે જેહ, તેહ મરિ ચિહું ગતિ માંહે જાવે ઈહાં ન સંદેહ ॥ ૨ ॥ થાવર પાંચ ત્રણે વિગલેંદ્રી આઠે કહાવે, તિહાંથિ આઉ સંખ્યાતે નર તિર્યંચમેં આવે ॥ વિકલ મરિ લહે સર્વ વિરતિ પણ મોક્ષ ન પાવે, તેઉ વાઉથિ આયો તેહને સમકિત નાવે ॥ ૩ ॥ નારકવરજિને સઘળાએ જીવ સંસાર, પ્રથવિ આઉ વનસ્પતિ માંહે લહે અવતાર ॥ એ ત્રણે ઇહાંથિ ચવિ આવે દસ ઠામે, થાવર વિકલ તિરી નર માંહે ઉત્પત્તિ પામે ॥ ૪ ॥ પ્રથવિ કાય આદે દઇ દસ દંડક એહ, તેઉવાઉ માંહે આવી ઉપજે તેહ ॥ મનુષ્ય વિના નવ માહે તેઉવાઉ બે જાવે, વિગલેંદ્રિ તે દસ માંહિ જાવે પૂંઠાહિ આવે ॥ ૫ ॥ એમ અનાદિ તણો મિથ્યાત્વિ જીવ એકંત, વનસ્પતિ માંહે તિહાં રહ્યો કાલ અનંત ॥ પૃઠવિ પાણી અગ્નિ અને ચોથો વળી વાય, કાલ ચક્ર અસંખ્યાતા ત્યાંહી જીવ રહાય ॥ ૬ ॥ બે ઇંદ્રી તેઇંદ્રી નેંચોરીદ્રી મઝાર, સંખ્યાતા વરષાં લગે ભમીઓ કરમ પ્રચાર ॥ સાત આઠ ભવ લગતા નર તીર્યંચમે રહીઓ, હવે માનવ ભવ લહિને સાધુનો વેષ મેં ગ્રહીયો ॥ ૭ ॥ રાગદ્વેષ છુટે નહિ કિમ હોવે છુટકબાર, પણ છે મારે મન શુદ્ધ, તાહરો એક આધાર ॥ તારણ તરણ જિકરણ શુદ્ધે અરીહંત લાધો, હવે સંસાર ઘણો ભમવો તોહિ

પુદગલ આધો ॥ ૮ ॥ તુંમન વંછીત પૂરણ આપદ ચુરણ સામી, તાહરિ સેવા લહીતો મેં નવનિધ સિધ પામી ॥ અવર ન કોઇ ઇછું ઈણ ભવ તુંહીજ દેવ, સૂધે મન એક તાહરિ હોજ્યો ભવભવ સેવ ॥ ૯ ॥ કલસ ॥ ઈમ સકલ સુખકર નગર જેસલમેર મહિમા દિણદિણે, સંવત સતર ઓગણત્રિસે દિવસ દિવાલિ તણે ॥ ગુણ વિમલચંદ સમાન વાચકવિજય હરખ સુસીસ એ ॥ પાસના ગુણ એમ ગાવે ધરમસી સૂજગિસએ ॥ ૧૦॥

॥ ઇતિ ચોવિસ દંડક વિચાર ગર્ભિત સ્તવન સંપૂર્ણ. ॥

## અથ શ્રી મહાવીર સ્વામીનું હાલરડું.

માતા ત્રિસલા ઝુલાવે પુત્ર પારણે, હાલો હાલો હાલરૂવાનાં ગીત, સોના રૂપાને વલી રત્ને જડિયું પારણું, રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત, હાલો હાલો હાલો મારા નંદને ॥ ૧ ॥ જીનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરે, હોશે ચોવીશમો તીર્થંકર જીત પરિમાણ, કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભળી, સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ ॥ હા૦ ॥ ૨ ॥ ચોદે સ્વપ્ને હોવે ચક્રી કે જીનરાજ, વીત્યા બારે ચક્રી નહીં હવે ચક્રીરાજ, જીનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર, તેહને

વચને જાણ્યા ચોવીશમા જીનરાજ, મારી કુંખે આવ્યા ત્રણભુવન શિરતાજ, મારી કુંખે આવ્યા સંઘતીરથ નીલાજ, હુંતો પુણ્ય પનોતી ઈંદ્રાણી થઈ આજ ॥ હા૦ ॥ ॥ ૩ ॥ મુજને દોહોલો ઉપન્યો બેસું ગજ અંબાડીએ, સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય, એ સહુ લક્ષણ મુજને નંદન તાહારા તેજનાં, તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય, ॥ હા૦ ॥ ૪ ॥ કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે, તેહથી નિશ્ચય જાણ્યા જીનવર શ્રી જગદીશ, નંદન જમણી જંઘે લંછન સિંહ બીરાજતો, મેં તો પહેલે સુપનેં દીઠો વિશવાવીશ, ॥ હા૦ ॥ ૫ ॥ નંદન નવલા બંધવ નંદી વર્ધનના તમે, નંદન ભોજાઇ-ઓના દેયર છો સુકુમાલ, હસશે ભોજાઇયો કહી દીયર માહારા લાડકા, હસશે રમશેને વલી ચુંટી ખણશે ગાલ, હસશે રમશેને વળી ઠુંસા દેશે ગાલ, ॥ હા૦ ॥ ૬ ॥ નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો, નંદન નવલા પાંચશે મામીના ભાણેજ છો, નંદન મામલીયાના ભાણેજા, સુકુમાલ, હસશે હાથે ઉચ્છાલી કહીને નાહાના ભાણેજા, આંખ્યો આંજીને વલી ટબકું કરશે ગાલ ॥ હા૦ ॥ ૭ ॥ નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં, રતને જડીયાં ઝાલર મોતી કોર, નીલાં પીલાં ને વલી રાતાં સરવે જાતિનાં, પહેરાવશે મામી મહારા નંદકિશોર, ॥ હા૦ ॥ ॥ ૮ ॥ નંદન મામા મામી સુખડલી સહુ લાવશે, નંદન

ગજુવે ભરશે લાડુ મોતીચુર, નંદન મુખડાં જોઇને લેશે મામી ભામણાં, નંદન મામી કહેશે જીવો સુખ ભરપુર, ॥ હા૦ ॥ ૯ ॥ નંદન નવલા ચેડા મામાની સાતે સતી, મારી ભત્રીજીને બેન તમારી નંદ, તે પણ ગુંજે ભરવા લાખણસાઈ લાવશે, તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ ॥ હા૦ ॥ ૧૦ ॥ રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો, વલી શુડા મેનાં પોપટ ને ગજરાજ, સારસહંસ કોયલ તીતરને વલી મોરજી, મામી લાવશે રમવા નંદ તમારે કાજ ॥ હા૦ ॥ ૧૧ ॥ છપ્પન કુમરી અમરી જલ કલશે નવરાવિયા, નંદન તમને અમને કેલી ઘરની માંહિ, પુલની વૃષ્ટિ કીધી ચોજન એકને મંડલે, બહુ ચીરંજીવો આશીષ દીધી તુમને ત્યાંહિ ॥ હા૦ ॥ ॥ ૧૨ ॥ તમને મેરૂ ગિરી પર સુરપતિએ નવરાવિયા, નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય, મુખડા ઉપર વારૂ કોટિ કોટિ ચંદ્રમા, વલી તનપર વારૂ ગ્રહ ગણનો સમુદાય ॥ હા૦ ॥ ૧૩ ॥ નંદન નવલા ભણવા નીશાળે પણ મુકશું, ગજ પર અંબાડી બેસાડી મોહોટે સાજ, પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું, સુખડલી લેશું નીશાળીયાને કાજ ॥ હા૦ ॥ ૧૪ ॥ નંદન નવલા મોહોટા થાશો ને પરણાવશું, વહુવર સરખી જોડી લાવશું, રાજકુમાર, સરખા વેવાઈ વેવાણુંને પધરાવશું, વરવહુ પોંખી લેશું, જોઈ જોઇને દેદાર, ॥ હા૦ ॥ ૧૫ ॥ પીઅર

સાસર માહારા બેહુપખ નંદન ઉજલા, મહારી કુંખે આવ્યા તાત પનોતાનંદ, મહારે આંગણ વુઠા અમૃત દુધે મેહુલા, મહારે આંગણુ ફલિયા સુરતરૂ સુખના કંદ ॥ હા૦ ॥ ૧૬ ॥ ઇણિપરેં ગાયું માતા ત્રિસલા સુતનું પારણું, જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ, બીલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરૂં, જય જય મંગળ હોજો દીપવિજય કવિરાજ ॥ હા૦ ॥ ૧૭ ॥

॥ ઈતિ સંપૂર્ણ ॥

# જંબુ સ્વામીના ઢાળીયા.

જંબુ સ્વામી જોબન ઘરવાસજ મેલ્યાં તીહાં કનકને કોડે માતાયે, મોહજ મેલ્યા તીહાં હોય ઉપવાસે માતા આંબેલ કરતા. તીહાં નવ માસ વાડા, માતા ઉદર ધરીયાં ॥ ૧ ॥ તીહાં જનમીયારે જંબુ સ્વામી રૂડા, જંબુ સ્વામી રૂડાને એમનાનામજરૂડા, કુંવર પરભાતે ઉઠીને રૂડા ચારીત્ર લેશે. કુંવર જન્મ કરતાં તુમને ધર્મજ વહાલું. ॥ ૨ ॥ કુંવર એકવાર પરણોને વળી આઠજ નારી, કુંવર ઢોલ દદાના રૂડા વાજીંત્ર વાગે કુંવર હાથે મીંઢળ કોટે વરમાળા રોપી ॥ ૩ ॥

॥ ઢાળ બીજી ॥

કુંવર કહે છે, સુણો માતાજી મારે નથીરે પરણવાની

અભીલાસજી. મેં તો બાળપણેથી વ્રત આદર્યા ॥ ૧ ॥ કુંવર એકવાર પરણાવું રૂપવંતીરે, કુંવર પરણીને પાય લગાડવાં તો હું જાણું ઘરના સુખરે. રોતા રોતા માતાજી એમ કહે ॥ ૨ ॥

॥ ઢાળ ત્રીજી ॥

કુંવર કહે છે રે માજી જેમ હોય સાર. તેડાવો લગનીયા માજી. લગન જોવરાવો લાલ ॥ કુંવર કહે છે ॥ ॥ ૧ ॥ લગનીયા જઈ વેવાઈને માંડવે ઉભા. નીત્ય નવા ગીત સુવાસણ ગાય લાલ ॥ કુંવર કહે છે રે ॥ ૨ ॥ દરબારમાંથી લવજી વેગે પધાર્યાં લગન વાંચેને પીતાજી માથું ધુણાવે લાલ ॥ કુંવર૦ ॥ ૩ ॥ કન્યાના બાપ લગનીયા. આધા મંગાવે. તેમ તેમ લગનીયાં કુંવરી ઓરેરા મંગાવે લાલ તાત કહે રે કુંવરી જેમ હોય સાર. ॥ ૪ ॥ પરણીને લેશે જંબુ સંજમ ભાર લાલ ॥ તાત ॥ પછે ન કાઢસો કુંવરી વાંક અમારો લાલ ॥ તાત ॥ રોતાં ન આવશો દીકરી ઘેર અમારે લાલ ॥ તાત ॥ ૫ ॥ ચતુર કન્યા તો આઠે ચેતીને બોલી લાંબી ને ટુંકી પીતાજી વાત ॥ શું કહો છો લાલ ॥ તાત ॥ ૬ ॥ એકની રીત એવી આઠની પ્રીત. પરણીને આઠ કન્યા વેલમાં બેઠી લાલ ॥ તાત ॥ ૭ ॥ ચતુર કન્યા તો આઠે પરણીને પધાર્યાં, થાળ ભરીને સાસુએ મોતીડે વધાવ્યા લાલ. ॥ કુંવર કહે રે માજી ॥ ૮ ॥ આઠે કન્યા તો લાવી

માતા ને સોંપી. અમે લઈશુ હવે સંજમ ભાર લાલ ॥ કુંવર૦ ॥ ૯ ॥ સાસુના પાય પડીને શું શુંરે આપ્યું, સવા લાખ સોનૈયા સાસુયે ભંડારે નાખ્યા લાલ ॥ ॥ કુંવર ॥ ૧૦ ॥ સાસુના પાલ્લવ સહીને શુંસુરે આપ્યું એકેકીને આપ્યા સાસુયે બાણુ બાણુ બોલા લાલ ॥ ॥ કુંવર૦ ॥ ૧૧ ॥

॥ ઢાળ ચોથી ॥

સાસુ શીખ દે છે વવુવારૂ કરોરે સંતાપી જેમ તેમ કરીને પીયુ પતરાવો. તો મત જાણું તમારીરે મારી વવુવારૂરે વસ કર વાલમ તારો ॥ ૧ ॥ પહેરો પીતાંબર અનુપમ સાડી ને સોળ સજો શણગાર, જેમ તેમ કરતા મહેલે પધારો જો રાખો ભરથારરે ॥ મા૦ ॥ ૨ ॥ કાંબી ને કલ્લાં ઝાંઝર પહેર્યાં, કાને ઝાલ ઝબુકે, રૂમઝુમ કરતા મહેલે પધાર્યા મોલગરડવા લાગ્યોરે ॥ મારી૦ ॥ ૩ ॥ આઠ મળીને આઠ બારીયે બેઠાં. વચમા વાલમ ઘેર્યાં મુખે વચન વાલા કાંઈ ન બોલ્યા અમે ફોગટ ફર્યાં છે ફેરારે ॥ મારી૦ ॥ ૪ ॥ આઠે મળી ને વળી એમજ કહે છે, સુણો વાલમ મારી વાત ॥ દુનીયા તમને ઠબકો દેસે, મુર્ખાઈમાં ગણાસોરે ॥ મારી૦ ॥ ૫ ॥ આઠ મળીને વલી એમજ કહે છે વાલા સુણો અમારી વાત, નર ભમર ચતુરાઈ ન શીખ્યા શું રહ્યાં દીન હેઠાંરે ॥ મારી૦ ॥ ૬ ॥

॥ ઢાળ પાંચમી ॥

અમે આઠે છે રમણી ને ગમણી અમે આઠે જોબન-વંતી, સ્હેજે શું કપડે વાલા તમને ત્યારે લોહી તપેરે વાલા અમને ॥ ૧ ॥ નહી મારે જેઠ નહી દીયર નગીનો, તમ વીના વાલા સંસાર સૂના ॥ તમ ઉપર મારે આસોને વાસો, તુમ વીના વાલા સંસાર સુનો ॥ ૨ ॥ જો આવ્યા હોય જમનારે તેડા, તે વાલા અમથી નહીરે ઉપાય ॥ દીક્ષા લેવાની જે વાત વદો છો, તે વાલા અમથી સહન ન થાય ॥ જો એક પુત્ર થશે વહાલા અમને, તો પણ શીખ ના દઈશું તમને.

॥ ઢાળ છઠી ॥

આટલું કહેતાં વહાલા નવી બોલ્યારે. હૈયું કઠણ કઠોર સુણો મુજ વાતડીરે. મેં જાણ્યું અથીર સંસાર. ॥ ૧ ॥ કઠણ સાસુજી કઠણ છોરે. કઠણ તમારીરે કુંખ ॥ સુણો કઠણ નણદી કઠણ છોરે, તારે વીરે દીધા દુઃખ ॥ સુ૦ ॥ ૨ ॥ એવું સુણી જંબુ એમ ભણ્યારે. સુણો એક કામણગારી નાર. સુણો એક કામનીરે. આસંસાર છે અસાર ॥ ૩ ॥ તુમ ચતુરાઇ છે અતી ઘણીરે. મારૂ મોત દીવસ કે રાત. સુણો એક કામનીરે. અમ ચતુરાઇ નહી એહ તણીરે, તેની અમને શી ખબર સુણો મુજ વાતડીરે મેં જાણ્યું અથીર સંસાર ॥ ૪ ॥ એવી કોલા-હલ થઈ રહી,રે ત્યાં તો આવ્યા પાંચસે ચોર સુણો એક.

ધનના તે બાંધ્યા ગાંસડારે, ઉપર પ્રભવો છે એક ચોર ॥ સુણો એ ॥ ૫ ॥ કાલે જંબુ સ્વામી પરણીયારે, પરભાતે લેસે સંજમ ભાર; ॥ સુણો એક ॥ ઘરનો તે ધણી તજી ગયારે. પરધન લઈને શું કરીશ. ॥ સુણો એક ॥૬॥ ધનના તે ગાંસડા પાછાં મેલ્યાં રે, પાંચસોને ઉપન્યો વૈરાગ ॥ સુણો એક ॥ ત્યાંથી જંબુશ્વામી ઉઠીયા રે, રજા આપો આઠે નાર ॥ સુણો એક કામની રે, આ સંસાર છે અસાર, આઠે સ્ત્રીઓ મુર્છા ખાઇ રે પડી, ધરતી ધર હેઠ, સુણો એક વાતડી ॥ આ સંસાર છે અસાર ॥ એકેકીને ઉભી કરી રે, આવીસુ તમારી રે સાથ, રહેવું હતું વાલમારે, આ સંસાર છે અસાર. ॥૮॥ ત્યાંથી જંબુશ્વામી ચાલીયારે, આવ્યા માત પિતાની પાસ સુણો એક માવડીરે ॥ આ સંસાર છે અસાર ॥ માતા પીતાને પાયે નમ્યા રે, અમે લઇશું હવે સંજમ ભાર ॥ સુણો એક માવડીરે આ સંસાર છે અસાર ॥ ૯ ॥

॥ ઢાળ ૭ ॥

ઉઠી પ્રભાતના પોરમાં, આવ્યા સુધર્માશ્વામી પાસ. ધન ધન ધન જંબુશ્વામીને, લીધો છે સંજમ ભાર. ધન ॥ ૧ ॥ સાસુ સસરાને જંબુયે બુઝવ્યાં, બુઝવ્યા માયને બાપ. ॥ ધન. પાંચસે ચોરને જંબુયે બુઝવ્યા, બુઝવી આઠે નાર. ॥ ધન ॥ ૨ ॥ પાંચસો સતાવીસ જંબુયે બુઝવ્યા. બુઝવ્યો પ્રભવો ચોર ॥ ધન ॥ કર્મ ખપાવી કેવળ પામીયા. પોચ્યા છે મુક્તિ મોઝાર ॥ ધન ॥ હીરવીજય ગુરૂ હીરલો.

તજી છે આઠે નાર ધન. એવું સુણીને જે કોઈ નરનારી પાળશે, સીયળ વ્રત સાર ॥ ધન ॥૪॥

# પાંચમનું સ્તવન

## શ્રી પાર્શ્વનાથાય નમઃ

પ્રણુમી પાસ જીનેશ્વર પ્રેમસ્યું, આંણી આણુંદ અંગ, ચતુરનર પંચમી તપ મહીમાં ઘણો, કહેશું સુણજોરે તેહ, ચતુરનર ॥૧॥ ભાવ ભલે પંચમી તપ કીજીએ ॥ આંકણી ॥ ઇમ ઉપદેશે શ્રી નેમીસરૂં, પંચમી કરજોરે તેમ ॥ ચ૦॥ ગુણમંજરી વરદત્ત તણીપરે, આરાધો ફલ તેમ ॥ ચ૦ ॥ ॥ ૨ ॥ ભા૦ ॥ જંબુદ્વીપમાં ભરત મનોહરૂં, નયર પદમ-પુર પાસ ॥ ચ૦ ॥ રાજા અજીતસેનાભિધતિહાં કિણે, રાણી જસોમતી તાસ ॥ ચ૦ ॥ ૩ ॥ ભા૦ ॥ વરદત્ત નામે કુમર છે તેહને, કોઢે વ્યાપીરે દેહ ॥ ચ૦ ॥ નાણુ વિરાધન કરમ જે બાંધીઉં, ઉદયે આવ્યુંરે તેહ ॥ચા૦॥ ॥ ૪ ॥ ભા૦ ॥ તિણ નયરે સિંહદાસ ગ્રહે વસે, કુપુર-તિલકા તસ નાર ॥ ચ૦ ॥ તસ બેટી ગુણમંજરી રોગીણી, વચને મુંગી અસાર ॥ ચ૦ ॥ ૫ ॥ ભા૦ ॥ ચૌનાંણી વિજયસેનસૂરિ સૂરિ, આવ્યા તેણે પુરગામ ॥ચ૦॥ રાજા પ્રમુખ શેઠ વંદન ગયા, સાંભળી દેશના તામ ॥ અ૦ ॥ ૬ ॥ ભા. ॥ પુછે સીંહદાસ ગુરૂ પ્રત્યે, ઉપનો પુત્રીને રોગ ॥ ચ૦ ॥ થઈ મુંગી વળી પરણે કો નહીં, એ શ્યા કરમના

ભોગ ॥ ચ૦ ॥ ૭ ॥ ભા૦ ॥ ગુરૂ કહે પુરવ ભવ તુમે સાંભળો, ખેટકનયરી વસંત ॥ ચ૦ ॥ સાજિનદેવ અછે વ્યવહારીઓ, સુંદરી ઘરણીનો કંત ॥ ચ૦ ॥ ૮ ॥ ભ૦ ॥ બેટા પાંચ થયા છે તેહનાં, પુત્રી અતિ ભલી ચાર ॥ ચ૦ ॥ ભણવા મુકયારે પાંચે પુત્રને, પણ તે ચપલ અપાર ॥ ॥ ચ૦ ॥ ૯ ॥ ભ૦ ॥

॥ ઢાલ ૨ જી ॥

સીરોહીનો સેલો હોકે ઉપર ચોધપુરી ॥ એ દેશી ॥

તે સુત પાંચે હોંકે પઠન કરે નહીં, ઈમ કરતાં હોકે દિન જાય વહી ॥ સીખવે પંડિત હોકે ॥ છાત્રનેંસીક રી સકરી ॥ આવી માતાને હોકેં સુત રૂદન કરી ॥ ૧૦ ॥ માતા અધ્યારૂં હોકે મારે અતિ ઘણું ॥ કામ અમારે હોકેં નહિં ભણવા તણું ॥ સુખિણી માતા હોકે સુતનેં સીખ દીએ ॥ ભણવા મત જાજો હોકે, સો કંઠસોસ કીએ ॥ ૧૧ ॥ તેડ વાતું મનેં હોકેં અધ્યારૂં આવે ॥ તો તસ હણજો હોકેં ॥ પૂન-રપિ જિમ નાવે ॥ સીખ દેઇ એમ હોકે, સુંદરી એતિહાં ॥ પાટી પોથી હોકે અગનીમાં નાખી દીયા ॥ ૧૨ ॥ તે વાત સુણીનેં હોકેં જીનદેવ બોલે ઈસ્યું ॥ ફીટરેં સુંદરી હોકે કામ કર્યું કિસ્યું ॥ મુર્ખ રાખ્યા હોકે, સરવે પુત્ર તમેં ॥ નારી બોલી હોંકેં નવી જાણું અમેં ॥ ૧૩ ॥ મોટા મુરખ હોકે પુત્ર થયા ત્યારે ॥ નદીએ કન્યા હોકે કોઈ તેને ત્યારે ॥ કંત કહે સુણ હોકેં એ કરણી તુમચાં ॥ વેણુ ન માન્યા હોકે

તે બેલા અમચાં ॥ ૧૪ ॥ તે વાત સુણીને હોકે સુંદરી ક્રોધ ચઢી ॥ પ્રીતમ સાથે હોકે પ્રમદા અતિહીં વઢી ॥ કંતે મારી હોકે તિહાંથી કાળ કરી ॥ એ તુમ બેટી હોકે થઇ ગુણ મંજરી ॥ ૧૫ ॥ પૂરવ ભવ એ હોકે જ્ઞાન વિરાધીઉં. ફુલક બાળ્યા હોકે જે કર્મ બાંધીઉં ॥ ઉદયે આવ્યું હોકે દેહે રોગ થયો ॥ વચને મુંગી હોકે એ ફળ તાસ લહ્યો ॥૧૬॥

॥ ઢાલ ૩ જી–લલનાની દેશી ॥

નીજ પૂરવ ભવ સાંભળી, ગુણ મંજરીનો ત્યાંહિ ॥ લલનાં ॥ જાતિ સમરણ ઉપનો ॥ ગુરૂકને ઉછાહિ ॥ લલનાં ॥ ૧૭ ॥ ભવીકા જ્ઞાન અભ્યાસીએ ॥ જ્ઞાન ભલો ગુરૂજી તણોં॥ ગુણ મંઝારી કહે એમ ॥ લલનાં ॥ સેઠ પુછે ગુરૂને તીહાં ॥ રોગ જાએ કહો કેમ ॥ લલનાં ॥ ૧૮ ॥ ગુરૂ કહે હવે વીધી સાંભલો ॥ જે કહ્યો શાસ્ત્ર મઝાર ॥ લલના ॥ કાર્તિક સુદ દીન પંચમી ॥ પુસ્તક આગળ સાર ॥ લલના ॥ ૧૯ ॥ દીવો પંચ દિવટ તણોં ॥ કીજીએ સ્વસ્તિક ખાસ ॥ લ૦ ॥ નમો નાંણુસ ગરણું ગણો ॥ ચોવીહારો ઉપવાસ ॥ લલના ॥ ૨૦ ॥ પડિકમણાં દોય કીજીએ ॥ દેવ વંદન ત્રણવાર ॥ લલના ॥ પંચ વરસ પાંચ માસની ॥ કીજીયે પંચમી સાર ॥ લ૦ ॥ ૨૧ ॥ હવે ઉજમણે પારણે ॥ સાંભળો વીધીનો પ્રપંચ ॥ લ૦ ॥ પુસ્તક આગળ મુકવા ॥ સઘળાં વાણા પંચ પંચ ॥ લ૦॥૨૦॥ ની૦॥ પુસ્તક ઠણવી પુંજણી ॥ નોકરવાલી પ્રત્ય ॥ લ૦ ॥ લેખણ ખડીયાને ડાબડી ॥ પાટી

કેવલી યુગત્ય ॥ લ૦ ॥ ૨૧ ॥ ની૦ ॥ ધાન્ય ફલાદિક ઢોઈએ ॥ કીજીએ જ્ઞાનની ભક્તિ ॥ લ૦ ॥ પુસ્તકની પૂજા કરો ॥ ભાવ સહીત જેવી શક્તિ ॥ લ૦ ॥ ૨૨ ॥ ની૦ ॥ ગુરૂવાણી ઈમ સાંભળી, પંચમી કીધી તેહ ॥ લ૦ ॥ ગુણ મંજરી મુંગી ટળી ॥ નીરોગી થઈ દેહ ॥ લ૦ ॥ ૨૩ ॥ ની૦ ॥

ઢાળ ૪ થી–ઈડર આંબા આંબલીરે ॥ એ દેશી ॥

રાજા પુછે સાધુનેરે, વરદત્ત કુમારને અંગ, કોઢ રોગ તે કિમ થયોરે ॥ મુજ ભાખો ભગવંત ॥ ૨૪ ॥ સુગુરૂજી ધન્ય તુમારૂં જ્ઞાન ॥ એ અંકણી ॥ ગુરૂ કહે જંબુદ્વીપમાંરે ॥ ભરતે શ્રી પુરગામ ॥ વસુ નામે વ્યવહારીઓરે ॥ દોય પુત્ર તસ નામ ॥ ૨૫ ॥ સુ૦ ॥ વાસુ સારને વાસુ દેવજીરે ॥ દીક્ષા લીએ ગુરૂપાસ ॥ લઘુબંધવ વસુ દેવજીરે ॥ પદવી દીએ ગુરૂતાસ ॥ સુ૦ ॥ ૨૬ ॥ પંચ સયા અણગારનેં રે ॥ આચારજ વસુદેવ ॥ શાસ્ત્ર ભણાવે ખંતસુરે ॥ નહીં આલસની તમેંવસ ॥ સુ૦ ॥ ૨૭ ॥ એક દિન સુરિ સંથારિયારે ॥ પૂછે પદ એક સાધ ॥ અરથ કહે ગુરૂ તેહનેરે ॥ વળી આવે બીજો સાધ ॥ સુ૦ ॥ ૨૮ ॥ ઇમ બહુ મુની પદ પુછવારે ॥ એક આવે એક જાય ॥ આચારજની ઉંઘમાંરે ॥ થાય અતિ અંતરાય ॥ સુ૦ ॥ ૨૯ ॥ સૂરિ તિહાં ઈમ ચિંતવેરે ॥ કિહાં મુજ લાગ્યું પાપ ॥ જો મેં શાસ્ત્ર અભ્યાસીઓરે તો એટલો સંતાપ ॥ સુ૦ ॥ ૩૦ ॥ પદ ન દઉં હવે કોઇનેરે ॥ સઘળું મેહલ્યું વિસાર ॥ જ્ઞાન ઉપર

એમ આંણીયોરે ॥ તિક્ષણ ક્રોધ અપાર ॥ સુ૦ ॥ ૩૧ ॥ બાર દિવસ અણ બોલિયારે ॥ અક્ષર ન કહ્યો એક ॥ અસુત્ર ધ્યાંને તે મરીરે ॥ એ તુજ પુત્ર અવિવેક ॥ સુ૦ ॥ ૩૨ ॥

॥ ઢાળ ૫ મી ॥

વાણી સુણી વરદત્તજી, જાતી સમરણ લહ્યો ॥ નિજ પૂરવભવ દીઠોજી, જેમ ગુરૂએ કહ્યો ॥ ૩૩ ॥ વરદત્ત કહે તવ ગુરૂનેંજી, રોગ એ કેમ જાસ્યે ॥ સુંદરિકાયા હોવેજી વિદ્યા કિમ આવે ॥ ૩૪ ॥ ભાંખે ગુરૂ ભલે ભાવેજી ॥ પંચમી તપ કરો ॥ જ્ઞાન આરાધો રંગેજી ॥ ઉજમણું કરો ॥ ૩૫ ॥ વરદત્ત તે વિધી કિધીજી ॥ રોગ દુરે ગયો ॥ ભોગવી ભોગ રાજપાલીજી ॥ અંતે સાધુ થયો ॥ ૩૬ ॥ ગુણ મંજરી પરણાવીજી ॥ સાજિન ચંદ્રનેં ॥ સુખ ભોગવી પછી લીધુંજી, ચારિત્ર શુભ મનેં ॥૩૭॥ ગુણ મંજરી વરદત્તજી ॥ ચારિત્ર પાલીનેં ॥ વિજય વિમાને પોત્યાજી ॥ પાપ પ્રજા-ળીને ॥ ૩૮ ॥ ભોગવી સુખ તિહાંથીજી ॥ ચવિયા દોય સુરા ॥ પામ્યાં જંબુ વિદેહેજી ॥ માનવ અવતારા ॥ ૩૯ ॥ ભોગવી રાજ્ય ઉદારાજી ॥ ચારિત્ર લઈ સારાં ॥ હુવાં કેવળ નાણીજી ॥ પામ્યા ભવ પારા ॥ ૪૦ ॥

ઢાળ ૬ ઠ્ઠી–ગિરિથી નદી ઉતરેરે લો૦ ॥ એ દેશી ॥

ગિરિથી નદી ઉતરે રે લો૦ ॥ જગદીસર નેમિસરૂ રે લાલ ॥ એમ ભાખ્યો સંબંધરે ॥ સોભાગીલાલ ॥ બારે પરઅદા

આગલે રે લોલ ॥ એ સઘળો પરબંધરે ॥ સો૦ ॥ ૪૧ ॥
નેમિસર જિનજય કરૂં રે લોલ ॥ એ આંકણી ॥ પંચમી
તપ કરવા ભણી રે લોલ ॥ ઉચ્છક થયાં બહુ લોક રે ॥
સો૦ ॥ મહા પુરૂસની દેશનારે લોલ ॥ તે કેમ હોવે ફોકરે
॥ સો૦ ॥ ૪૨ ॥ કારતક સુદ દિન પંચમીરે લોલ ॥ સોભાગ્ય
પંચમી નામરે ॥ સો૦ ॥ સોભાગ્ય લહીએ તેહથીરે લોલ
॥ ફળે મનવંછિત કાજરે ॥ સો૦ ॥ ૪૩ ॥ સમુદ્ર વિજય
કુળ સેહરોરે લોલ ॥ બ્રહ્મચારી સિરદારરે ॥ સો૦ ॥ મોહ-
નગારિ માનનિરે લોલ ॥ રૂડી છે રાજુલ નારરે ॥ સો૦ ॥
૪૪ ॥ તે નવિ પરણ્યા સુંદરીરે લોલ ॥ પણ રાખ્યો જેણે
રંગરે ॥ સો૦ ॥ મુગતિ મંદિરમાં બેઉ મળ્યારે લોલ ॥
અવિચલ જોડી અભંગરે ॥ સો૦ ॥ ૪૫ ॥ તેણે એ મહાતમ
ભાંખીયોરે લોલ ॥ પંચમીનો પરગટરે ॥ સો૦ ॥ જે સાંભળે
તે ભાવસુરે લોલ ॥ શ્રી સંઘને ગહગટરે ॥ સો૦ ॥ ૪૬ ॥
કળસ ॥ એમ સયલ સુખકર જગત દુઃખ હર ॥ ગાઈઓ
નેમિસરો તપગચ્છ રાજા વડ દિવાજા ॥ શ્રી વિજય આણંદ
સુરિ સરૂં ॥૪૭॥ તસ ચરણ પદમ પ્રયાગ મધુકર ॥ કોવિદ
કુંઅર વિજય ગુંણી ॥ તસ સીસ પંચમી સ્તવન ભાંખ્યો
॥ગુણ વિજય રંગે મુંણી॥૪૮॥ ઇતિ શ્રીપંચમી સ્તવન સંપૂર્ણં.

# શ્રી દીવાલીનું સ્તવન.

## ઢાલ ૧ રાગ રામગિરિ.

શ્રી શ્રમણુ સંઘ તિલકોપમં ગૌતમં, સુગતિ પ્રણિપત્ય પાદારવિંદં; ઇન્દ્રભૂતિ પ્રભવમ હંસો મોચકં, કૃત કુશલ કોટિ કલ્યાણુ કંદં. ॥ ૧ ॥ મુનિ મન રંજણો, સયલ દુઃખ ભંજણો, વીર વર્ધમાનો જીણંદો; મુગતિ ગતિ જીમ લહી, તિમ કહું સુણુ સહી, જીમ હોએં હર્ષ હઇડે આણંદો. મુ૦ ॥૨॥ કરીય ઉદ્‌ઘોષણા દેશ પુર પાટણે, મેઘ જીમ દાન જલ બહૂલ વરસી; ધણુ કણુગ મોતીયા ઝગમગે જોતિયા, જીન દેઇ દાન ઇમ એક વરસી. મુ૦ ॥૩॥ દોયવિણ તોય ઉપવાસ આદે કરી, માગસિર કૃષ્ણુ દશમી દિહાડે; સિદ્ધિ સામ્હા થઇ વીર દીક્ષા લેઇ, પાપ સંતાપ મલ દૂર કાઢે. મુ૦ ॥૪॥ બહુલ બંભણ ઘરે પારણું સાંમિએં, પુણ્ય પરમાન્ન મધ્યાન્હ કિધું; ભુવન ગુરૂ પારણા પુન્યથી બંભણે, આપ અવનાર ફલ સયલલિધું. મુ૦ ॥૫॥ કર્મચંડાલ ગોસાલ સંગમ સુરો, જીણે જીન ઉપરે ઘાત મંડયો; એવડો વયર તેં પાપિયા સેં કર્યો, કર્મ કોડિ તુંહિજ સબલ દંડયો મુ૦ ॥ ૬ ॥ સહજ ગુણુ રોષિઓ નામે ચંડકોષિઓ, જીનપદે સ્વાન જિમ જેહ વિલગો; તેહને બુઝવિ ઉદ્ધર્યો જગપતિ, કિધલો પાપથી અતિહિં અલગો મુ૦ ૭ વેદયામા ત્રિયામ લગેં ભેદિયો, ભેદિયો તુઝ નવિ

ધ્યાન કુંભો; શુલપાણિ અજ્ઞાણિ અહો બુઝવ્યો, તુઝ કૃપા પાર પામે ન સંશો. મુ૦ ॥૮॥ સંગમે પિડીઓ પ્રભુ સજલ લોયણે, ચિંતવે દુહશ્યે કિમ એહો, તાસ ઉપરે દયા એવડિ શી કરી, સાપરાધે જને સબલ નેહો. સુ૦ ॥ ૯ ॥ ઇમ ઉપસર્ગ સહેતાં તરણિ મિત વરસ, સાર્દ્ધ ઉપર અધિક પક્ષ એકે; વીર કેવલ લહ્યું કર્મ દુઃખ સવિ દહ્યું, ગહગહ્યું સુર નિકર નર અનેકે. મુ૦ ॥૧૦॥ ઇંદ્રભૂતિ પ્રમુખ સહસ ચઉદશ મુનિ, સાહુણી સહસ છત્રીસ વિહસી; ઓગણસઠ સહસ એક લાખ શ્રદ્ધાલુઆ, શ્રાવિકા ત્રિલખ અઢાર સહસી. મુ૦ ॥૧૧॥ ઇમ અખીલ સાધુ પરિવારશું પરવર્યો, જલધિ જંગમ જીશ્યો ગુહિર ગાજે; વિચરતા દેશ પરદેશ નિય દેશના, ઉપદિશે સયલ સંદેહ ભાંજે. મુ૦ ॥૧૨॥

॥ ઢાલ ૨ ॥ વિવાહલાની દેશી. ॥

હવે નિય આય અંતીમ સમે, જાણીય શ્રી જિનરાયરે; નયરી અપાપાએં આવીયા, રાય સમાજને ઠાયરે; હસ્તિપાલગરાયે દીઠલા, આવિયડા અંગણ બારરે; નયણ કમલ દોય વિહસીઆ, હરસીલા હઇડા મઝારરે.॥૧૩॥ ભલે ભલે પ્રભુજી પધારીયા, નયન પાવન કિધાંરે; જનમ સફલ આજ અમ તણો, અમ્હ ઘરે પાઉલાં દીધાં રે; રાણી રાય જિન પ્રણમીયા, મોટે મોતિયડે વધાવિરે; જિન સનમુખ કર જોડીય, બેઠલા આગલે આવિરે. ॥૧૪॥ ધન અવતાર અમારડે, ધન દિન આજુનો એહોરે; સુરતરૂ આંગણે મોરિઓ, મોતિયડે વુઠલો મેહોરે; આ રયું અમારડે એવડો, પૂરણ

પુન્યને નેહોરે; હૈડલો હેજે હરસિઓ, જો જિન મલિઓ સંજોગોરે. ॥૧૫॥ અતિ આદર અવધારિએ, ચરમ ચોમાસલુ રહિયારે; રાય રાણી સુરનર સવે, હિયડલા માંહે ગહગહિયારે ॥ અમૃતથી અતિ મીઠડી, સાંભલી દેશના જિનનીરે; પાપ સંતાપ પરો થયો, શાતા થઈ તન મનનીરે. ॥૧૬॥ ઈંદ્ર આવે આવે ચંદ્રમા, આવે નરનારીના વૃંદરે; ત્રિણ પ્રદક્ષણા દેઇ કરી, નાટિક નવ નવે છંદોરે; જિનમુખ વયણની ગોઠડી, તિહાં હોયે અતિ ઘણી મીઠીરે, તે નર તેહજ વરણવે, જીણે નિજ નયણલે દીઠીરે. ॥૧૭॥ ઈમ આણંદે અતિક્રમ્યા, શ્રાવણ ભાદ્રવો આસોરે; કૌતિક કોડિલો અનુક્રમે, આવિયડો કાર્તિક માસોરે; પાખિ પર્વ પન્હોતલું, પોહતલું પુન્ય પ્રવાહિરે; રાય અઢાર તિહાં મિલ્યા, પોસહ લેવા ઉછાંહિરે. ॥૧૮॥ ત્રિભોવન જન સવિ તિહાં મિલ્યા, પોસહ લેવા ઉછાંહિરે, ત્રિભોવન જન સવિ તિહાં મિલ્યા, શ્રી જિન વંદન કામોરે; સહેજ સંકિરણ તિહાં થયો, તિલ પડવા નહિ ઠામોરે, ગોયમ સ્વામિ સમોવડી, સ્વામિ સુધર્મા તિહાં બેઠારે; ધન ધન તે જિણે આપણે, લોયણે જિનવર દિઠારે. ॥૧૯॥ પૂરણ પૂન્યના ઓષધ, પોષધ વ્રત વેગે લિધાંરે; કાર્તિક કાલી ચઉદશે, જિન મુખે પચખાણ કિધાંરે; રાય અઢાર પ્રમુખ ઘણે, જિન પગે વાંદણાં દિધાંરે; જિન વચનામૃત તિહાં ઘણે, ભવિયણે ઘટ ઘટ પીધાંરે. ॥૨૦॥

॥ ઢાલ ૩ ॥ રાગ મારૂ ॥

શ્રી જગદીશ દયાલુ દુઃખ દૂરે કરેરે, કૃપા કોડિ તુજ જોડી; જગમાંરે જગમાંરે કહિએ કેહને વીરજીરે. ॥૨૧॥ જગ જનને કુણ દેશે એહવી દેશનારે, જાણિ નિજ નિરવાણ; નવરસરે નવરસરે સોલ પહોર દિયે દેશનારે. ॥૨૨॥ પ્રબલ પુન્ય ફલ સંસુચક સોહામણાંરે, અજઝયણાં પણપન્ન ॥ કહિયાંરે કહિયાંરે મહિયાં સુખ સાંભલિ હોએરે. ॥૨૩॥ પ્રબલ પાપ ફલ અજઝયણાં તિમ તેટલાંરે, અણ પુછયાં છત્રીસ; સુણતાંરે સુણતાંરે ભણતાં સવિ સુખ સંપજેરે. ॥૨૪॥ પુણ્યપાલ રાજા તિહાં ધર્મ કથાંતરેરે, કહો પ્રભુ પ્રત્યક્ષ દેવ; મુજનેરે (મુજનેરે) સુપન અર્થ સવિ સાચલોરે. ॥૨૫॥ ગજ વાનર, ખીર, દ્રુમ, વાયસ, સિંહ, ઘડોરે, કમલબીજ ઇમ આઠ, દેખિરે (દેખિરે) સુપન સભય મુઝ મન હુઓરે. ॥૨૬॥ ઉખર બિજ કમલ અસ્થાંનકે સિંહનુરે, જીવ રહિત શરીર; સોવનરે (સોવનરે) કુંભ મલિન એ શું ઘટેરે. ॥૨૭॥ વીર ભણે ભુપાલ સુણો મન થીર કરીરે, સુમિણ અર્થ સુવિચાર; હડેરે (હૈડેરે) ધરજયો ધર્મ ધુરંધરૂ રે. ॥૨૮॥

॥ ઢાલ ૪ ॥

શ્રાવક સિંધુર સારિખા, જીનમતના રાગી; ત્યાગી સહ ગુરૂ દેવ ધર્મ, તત્વેં મતિ જાગિ; વિનય વિવેક વિચારવંત, પ્રવચન ગુણ પૂરા, એહવા શ્રાવક હોયસે. મતિમંત સનુરા, ॥૨૯॥ લાલચે લાગા થોડિલેં, સુખે રાચિ

રહિયા, ઘરવાસે આશા અમર, પરમારથ દુહિયા; વ્રત વયરાગ થકિ નહિ, કોઈ લેશે પ્રાયેં, ગજ સુપને ફલ એહ નેહ નવિ માંહો માંહે, ॥૩૦॥ વાનર ચંચલ ચપલ જાતિ, સરખા મુનિ મોટા, આગલ હોસ્યે લાલચિ, લોભી મન ખોટા; આચારજ તે આચારહિણ, પ્રાયેં પરમાદિ, ધર્મ ભેદ કરસ્યે ઘણા, સહજે સ્વારથ વાદી, ॥૩૧॥ કો ગુણવંત મહંત સંત, મોહન મુનિ રૂડા, મુખ મીઠા માયાવિયા, મનમાંહે કુડા; કરસ્યે માંહો માંહે વાદ, પર વાદેં નાસે, બીજા સુપન તણો વિચાર, ઇમ વીર પ્રકાશે. ॥૩૨॥ કલ્પવૃક્ષ સરિખા હોસ્યે, દાતાર ભલેરા, દેવ ધર્મ ગુરૂ વાસના, વરિ વારિના વેરા; સરલ વૃક્ષ સવિને દીએં, મનમાં ગહગહતા, દાતા દુરલભ વૃક્ષ રાજ, ફલ પુલે ત્રહતા, ॥૩૩॥ કપટી જિનમતલિંગિયા, વળી બબૂલ સરિખા, ખોર વૃક્ષ આડા થયા, જીસ કંટક તિખા; દાન દેયંતાં વારસી, અન્ય પાવન પાત્રી, ત્રિજા સુપન વિચાર કહ્યો, જિનધર્મ વિધાત્રી, ॥૩૪॥ સિંહ કલેવર સારિખો, જિન શાસન સબલો, અતિ દુર્દાંત અગાહનિય, જિનવાયક જમલો; પરશાસન સાવજ અજ, તે દેખી કંપે, ચઉથા સુપન વિચાર ઈમ, જિનમુખથી જંપે. તપ ગચ્છ ગંગાજલ સારીખો, મૂંકી મતિ હિણા, મુનિ મન રાચે છિલ્લરે, જીમ વાયસ દીણા; વંચક આચારજ અનેક, તિણે ભુલવિયા, તે ધર્માંતર આદરે, જડમતિ બહૂ ભવિયાં. ॥૩૬॥ પંચમ સુપન વિચાર

એહ, સુંણીઓ રાજાને; છઠે સોવન કુંભ દીઠ, મઈલો સુંણિ કાંને; કો કો મુનિ દરસણ ચારિત્ર, ગ્યાન પૂરણ દેહા, પાલે પંચાચાર ચારૂ, છંડિ નિજ ગેહા. ॥૩૭॥ કો કપટી ચારિત્ર વેષ, લેઈ વિપ્રતારે, મઈલો સોવન કુંભ જીમ, પિંડ પાપે ભારે; છઠા સુપન વિચાર એહ, સાતમે ઈંદિવર, ઉકરડે ઉતપતિ થઇ, તે શું કહો જિણવર. ॥૩૮॥ પુણ્યવંત પ્રાણિ હુસ્યે, પ્રાહિં મધ્યમ જાતિ, દાતા ભોક્તા ઋદ્ધિવંત, નિરમલ અવદાત; સાધુ અસાધુ જતિ વદે, તવ સરીખા કિજે, તે બહુ ભદ્રક ભવિયણે, સ્યો ઉલંભો દીજે. ॥૩૯॥ રાજા મંત્રિપરે સુ સાધુ, આપોપું ગોપી, ચારિત્ર સુધું રાખસ્યે, સવિ પાપ વિલોપી; સપ્તમ સુપન વિચાર વીર, જિનવરે ઈમ કહીયો, અઠમ સુપન તણો વિચાર, સુંણિ મન ગહગહિઓ. ॥૪૦॥ ન લહે જિનમતમાત્ર જેહ, તેહ પાત્ર ન કહિએં, દિધાનું પરભવ પુણ્ય ફલ, કાંઈ ન લહિયે; પાત્ર અપાત્ર વિચાર ભેદ, ભોલા નવિ લહેસ્યે; પુણ્ય અર્થે તે અર્થ આથ, કુપાત્રે દેહસ્યે. ॥૪૧॥ ઉખર ભૂમિ દૃષ્ટ બિજ, તેહનો ફલ કહીએં, અષ્ટમ સુપન વિચાર ઇંમ, રાજા મન ગ્રહિયેં; એહ અનાગત સવિ સરૂપ, જાણિ તિણે કાલે, દીક્ષા લીધી વીર પાસ, રાજા પુન્યપાલે. ॥૪૨॥

॥ ઢાલ ૫ ॥ રાગ ગોડિ ॥

ઇંદ્રભૂતિ અવસર લહિ રે, પુછે કહો જિનરાય; સ્યું આગલ હવે હોયસ્યેરે, તારણ તરણ જીહાજો રે. કહે જીન

વીરજી. ॥૪૩॥ મુજ નિરવાણુ સમય થકીરે, ત્રિહુ વરસે નવ માસ; માઠેરો તિહાં બેસશ્યેરે પંચમકાલ નિરાસોરે કહે૦ ॥૪૪॥ બારે વરશ્યે મુઝ થકિરે, ગૌતમ તુઝ નિરવાણુ; સોહમ વીશે પામશેરે, વરસે અખય સુખ ઠાંણોરે. કહે૦ ॥૪૫॥ ચઉસઠ વરસે મુઝ થકિરે, જંબૂને નિરવાણુ; આથમસે આદિત્ય થકિરે, અધિકું કેવલ નાંણોરે. કહે૦ ॥૪૬॥ મન પજ્જવ પરમાવધિરે, ક્ષપ-કોપશમ મન આંણુ; સંયમ ત્રિણુ જિન કલ્પનીરે, પુલા-ગાહારગહાંણુરે. કહે૦ ।૪૭। સિજ્ઝંભવ અઠાણુવેરે, કરસ્યે દસ વૈઆલિય; ચઉદ પૂર્વિ ભદ્ર બાહૂથીરે, થાસ્યે સયલ વિલિઓરે. કહે૦ ॥૪૮॥ દોયશત પન્નરે મુઝ થકિરે, પ્રથમ સંઘયણુ સંઠાણુ; પૂવણું ઉગતે નવિ હૂસ્યેરે, મહાપ્રાણુ નવિ ઝાંણોરે. કહે૦ ॥૪૯॥ ચઉત્રયપને મુજ થકિરે, હોસ્યે કાલિક સૂર; કરસ્યે ચઉથી પજ્જુસણેરે, વરગુણુ રયણુનો પૂરોરે. કહે૦ ॥૫૦॥ મુઝથી પણુ ચોરાશિયેરે, હોસ્યે વયર કુંમાર; દસ પૂર્વિ અધિકાલિઓરે, રહસ્યે તિહાં નિરધારોરે. કહે૦ ॥૫૧॥ મુઝ નિર્વાણુ થકિ છસેંરે, વિસ પછી વનવાસ; મુકી કરેસે નગરમાંરે, આર્ય રક્ષિત મુનિ વાસોરે. કહે૦ ॥૫૨॥ સહસેં વરસેં મુઝ થાકરે, ચઉદ પૂરવ વિચ્છેદ; જોતિષ અણુ મિલતાં હૂસેરે, બહૂલ મતાંતર ભેદોરે: કહે૦ ॥૫૩॥ વિક્રમથી પંચ પંચ્યાશિએરે, હોસ્યે હરિભદ્ર સૂરિ; જિન શાસન અજુવાલસેરે જેહથી દુરિયાં સવિ દૂરોરે. કહે૦ ॥૫૪॥ દ્વાદશ શત સત્તર સમેંરે, મુઝથી મુંનિ સુર

હિર; બપ્પભટ્ટ સુરિ હોયસેરે, તે જિન શાસન વીરરે. કહે૦ ॥૫૫॥ મુઝ પ્રતિબિંબ ભરાવસ્યેરે, આંમરાય ભૂપાલ; સાર્દ્ધ ત્રિકોટી સોવન તણોરે. તાસ વયણથી વિશાલોરે. કહે૦ ॥૫૬॥ ષોડસ શત અગણોતરેરે, વરસે મુઝથી મુણિંદ; હેમસૂરિ ગુરૂ હોયસ્યેરે, શાસન ગયણ દિણંદોરે. કહે૦ ॥૫૭॥ હેમસૂરિ પડિબોહીસેરે, કુમારપાલ ભૂપાલ; જીન મંડિત કરસ્યે મહીરે, જિન શાસન પ્રતિપાલોરે. કહે૦ ॥૫૮॥ ગૌતમ નબળા સમયથીરે, મુઝ શાસન મન મેલ; માહોમાંહે નવિ હોયસ્યેરે, મચ્છ ગલાગલ કેલોરે. કહે૦ ॥૫૯॥ મુનિ મોટા માયાવિયારે, વેઢીગારા વિશેષ; આપ સવારથ વસી થયારે, એ વિટંબશ્યે વેષોરે. કહે૦ ॥૬૦॥ લોભિ લખપતિ હોયસ્યેરે, જંમ સરિખા ભૂપાલ; સજન વિરોધિ જન હુસેરે, નવિ લજ્જાલુ દયાલોરે. કહે૦ ॥૬૧॥ નિરલોભિ નિરમાઈયારે, સુધા ચારિત્રવંત; થોડા મુનિ મહિયલે હુસેરે, સુણ ગૌતમ ગુણવંતરે. કહે૦ ॥૬૨॥ ગુરૂ ભગતિ શિષ્ય થોડલારે, શ્રાવક ભગતિ વિહીણ; માતા પિતાના સુત નહીરે, તે મહિલાના આધિનોરે. કહે૦ ॥૬૩॥ દુપસહ સૂરિ ફલગુસિરિરે, નાયલ શ્રાવક જાંણ; સચ્ચસિરિ તિમ શ્રાવિકારે, અંતિમ સંઘ વખાણયોરે. કહે૦ ॥૬૪॥ વરસ સહસ એકવીસતેરે જિન શાસન વિખ્યાત; અવિચલ ધર્મ ચલાવશેરે, ગૌતમ આગમ વાતોરે. કહે૦ ॥૬૫॥ દૂષમે દૂષમા કાલનીરે, તે કહિયે શી વાત; કાયર કંપે હૈડલોરે, જે સુણતાં અવદાતોરે. કહે૦ ॥૬૬॥

॥ ઢાલ ૬ ॥ પિઉડા ઘરે આવે–એ દેશી.

મુઝસું અવિહડ નેહ બાંધ્યો, હેજ હૈડા રંગે; દઢ દઢ મોહ બંધણ સબલ બાંધ્યો. વજ્ર જિમ અભંગ; અલગા થયા મુજ થકિ એહને, ઉપજસેરે કેવલ નિય અંગકે; ગૌતમરે ગુણવંતા. ॥૬૭॥ અવસર જાણિ જિનવરે, પુછિયા ગોયમ સ્વાંમ; દોહગ દુખિયા જીવને, આવિયે આપણ કામ; દેવ શર્મા બંભણો, જઈ બુઝવોરે આણે ઢુંકડે ગામકે. ગૌ૦ ॥૬૮॥ સાંભલી વયણ જિણંદનું, આણંદ અંગ ન માય; ગૌતમ બે કર જોડિ, પ્રણમ્યા વીર જિનના પાય; પાંગર્યાં પૂરવ પ્રીતથી, ચઉનાંણિરે મનમાં નિરમાયકે. ગૌ૦ ॥૬૯॥ ગૌતમ ગુરૂ તિહાં આવિયા, વંદાવિઓ તે વિપ્ર; ઉપદેશ અમૃત દીધેલો, પીધલા તિણે ક્ષિપ્ર; ધસમસ કરતાં બંભણે, [1]આરિ વાગીરે થઈ વેદન વિપ્રકે. ગૌ૦ ॥૭૦॥ ગૌતમ ગુરૂનાં વયણલાં, નવિ ધર્યાં તિણે કાન; તે મરી તસ શિર કૃમિ થયો, કામનીને એક તાન; ઉઠિયા ગોયમ જાણિઓ, તસ ચરીયોરે પોતાને જ્ઞાનકે. ગૌ૦ ॥૭૧॥

॥ ઢાલ ૭ ॥ રાગ રામગિરિ, ॥

ચોસઠ મણનાં તે મોતિ ઝગમગેરે, આજે ગુહિર ગંભિર સિરેરે; પુરાં તેત્રીસ સાગર પૂરવે રે, નાદે લિણા લવસત્તમિયા સૂરરે; વીરજી વખાણેરે જગ જન મોહિયોરે. ॥૭૨॥ અમૃતથી અધિકિ મીઠી વાણીરે, સુણતાં સુખડા જે મનડે સંપજેરે; તે લહેસ્યે જે પોહોચસ્યે નિર્વાણરે. વી૦॥૭૩॥

॥૭૩॥ વાણિ પડછંદે સુર પડિબોહીયારે, સુણતાં પામે સુખ સંપત્તિની કોડરે; બિજા અડલ ઉલટથી ઘણારે, આવી બેઠા આગલ બે કરજોડ રે. વી૦ ॥૭૪॥ સોહમ ઈંદો શાસન મોહી- યોરે, પૂછે પરમેશ્વરને તુમ આયરે; બે ઘડિ વધારો સ્વાતિ થકી પરહુંરે, તો ભસ્મગ્રહ સઘલો દૂરે જાયરે. વી૦ ॥૭૫॥ શાસન શોભા અધિકિ વાધશ્યેરે, સુખીઆ હોશે મુનિ- વરના વૃંદરે; સંઘ સયલને સવિ સુખ સંપદારે, હોશે દિન દિનથી પરમાનંદરે, વી૦ ॥૭૬॥ ઈંદા ન કદારે કહિએ કેહનું રે, કેણે સાંધ્યું નવિ જાએ આયરે; ભાવિ પદારથ ભાવે નિપ- જેરે, જે જિમ સરજયો તે તિમ થાયરે. વી૦ ॥૭૭॥ સોલ પહોરની દેતા દેશનારે. પરધાનક નામા રૂઅડા અઝયણરે; કહેતાં કાતિ વદિ કહું પરગડિરે, વીરજી પોહોતા પંચમી ગતિ રયણરે. વી૦ ॥૭૮॥ જ્ઞાન દીવોરે જબ દૂરે થયો રે, તવ કિધિ દેવે દીવાની શ્રેણિરે, તિમરે ચિહું વરણે દીવા કિધલારે, દિવાલી કહિયેં છે કારણ તેણરે. વી૦ ॥૭૯॥ આંસૂ પરિપૂરણ નયણ આખંડલોરે, મૂકિ ચંદનની ચેહમાં અંગરે; દિધો દેવે દહન સઘલે મિલિજીરે, હા ધિગધિગ સંસાર વિરંગરે. વી૦ ॥૮૦॥

॥ ઢાલ ૮ ॥ રાગ વિરાગ ॥

વંદેસુ વેગે જઈ વીરે, ઈમ ગોતમ ગહગહતા; મારગે આવતાં સાંભલિઉં, વીર મુગતિ માંહે પોહતારે; જિનજી તું નિસનેહી મોટો, અવિહડ પ્રેમ હતો તુજ ઉપરે, તે તેં

કિધો ખોટોરે. જીનજી૦ ॥૮૧॥ હ હ વીર કર્યો અણુઘટતો, મુજ મોકલિઓ ગામે; અંતકાલે બેઠાં તુજ પાસે, હું સ્યે નાવત કામરે. જી૦ ॥ ૮૨ ॥ ચૌદ સહસ મુજ સરિખા તાહરે, તુજ સરિખો મુજ તુંહિ; વિશવાસી વીરે છેતરીયો, તેં સ્યા અવગુણ મુંહિરે. જી૦ ॥ ૮૩ ॥ કો કેહને છેહડે નવિ વલગે, જો મિલતો હોએ સબલો; મિલતાસ્યું જેણે ચિત્ત ચોર્યો, તે તિણે કર્યો નિબલોરે જી૦ ॥ ૮૪ ॥ નિઠુર હૈડા નેહ ન કીજે, નિસનેહી નર નીરખી; હૈડાં હેજે મિલે જિહાં હરખી, તે પ્રીતલડિ સરીખિરે. જી૦ ॥ ૮૫ ॥ તેં મુઝને મનડો નવિ દીધો, મુજ મનડો તેં લીધો; આપ સવારથ સઘલો કીધો, મુગતિ જઇને સિદ્ધોરે. જી૦ ॥૮૬॥ આજ લગે તુજ મુજસું અંતર, સુપનંતર નવિ હુંતો; હૈડા હેજે હિયાલિ છંડી, મુજને મુકયો રોવંતોરે. જી૦ ॥૮૭॥ કો કેહશું બહુ પ્રેમ મ કરસ્યો, પ્રેમ વિટંબણ વિરૂઇ; પ્રેમે પરવશ જે દુઃખ પામે, તે કથા ઘણું ગિરૂઇરે. જી૦ ॥ ૮૮ ॥ નિસનેહી સુખીયા રહે સઘલે, સ સનેહી દુ.ખ દેખે; તેલ દુગ્ધ પરે પરની પીડા, પામે નેહ વિશેષેરે. જી૦ ॥ ૮૯ ॥ સમવસરણ કહિએં હવે હોસે, કહો કુણ નયણેં જોશે; દયા ધેનુ પુરી કુંણ દોહસ્યે, વૃષ દધિ કુંણ વિલોસેરે. જી૦ ॥ ૯૦ ॥ ઇણ મારગ જે વાહલા જાવે, તે પાછા નવિ આવે; મુજ હૈડો દુઃખડે ન સમાએ, તે કહો કુણ સમાવેરે. જી૦ ॥ ૯૧ ॥ ધો દરિસણ વીરા વાલાને, જે

દરિસણના તરસ્યારે; જો સુહણે કેવારે દેખસું, તો દુઃખ દૂરે કરેશુંરે. જી૦ ॥ ૯૨ ॥ પુણ્ય કથા હવે કુણ કેલવશે, કુંણ વાલ્હા મેલવશે; મુજ મનડો હવે કુંણ ખેલવશે, કુમતિ જિમ તિમ લવસેરે. જી૦ ॥ ૯૩ ॥ કુણ પુછયાનો ઉત્તર દેશે, કુંણ સંદેહ ભાંજશે; સંઘ કમળ વન કિમ વિકસસે, હું છદમસ્થા વેસેરે. જી૦ ॥ ૯૪ ॥ હું પરાપુરવસું અજાણ, મેં જિન વાત ન જાણિ; મોહ કરે સવિ જગ અનાણી, એહવી જીનજીની વાણીરે. જી૦ ॥ ૯૫ ॥ એહવે જિન વયણે મન વાચ્યો, મોહ સબલ બલ કાચ્યો; ઈણ ભાવે કેવલ સુખ આચ્યો, ઈંદ્રે જિનપદ થાચ્યોરે. જી૦ ॥ ૯૬ ॥ ઈંદ્રે જુહારયા ભટ્ટારક, જુહાર ભટ્ટારક તેણે; પર્વ પન્હોતું જગમાં વાચ્યું, તે કિજે સવિ કેણેરે. જી૦ ॥૯૭॥ રાજા નંદિવર્દ્ધન નુતરીઓ, ભાઈ બહિનર બીજે; તે ભાવડ બીજ હુઈ જગ સઘલે, બેહેન બહુ પરે કિજેરે. જી૦ ॥૯૮॥

॥ ઢાલ ૯ ॥ વિવાહલાની ॥

પહિરીએ નવરંગ ફાલડાએ, માંડી મૃગમદ કેસર ભાલડીએ; ઝબ ઝબકે શ્રવણે ઝાલડીએ, કરિ કંઠે મુગતા ફૂલ માલડીએ. ॥ ૯૯ ॥ ઘર ઘર મંગલ માલડીએ, જપે ગોયમ ગુણ જપમાલડીએ; પહોતલો પરવ દીવાલડીએ, રમે રસ ભર રામત બાલડીએ. ॥ ૧૦૦ ॥ શોક સંતાપ સવિ કાપીઓએ, ઇંદ્રે ગોયમ વીરપદે થાપીઓએ; નારી કહે સાંભલ કંતડાએ, જપો ગોયમ નામ એકંતડાએ. ॥ ૧૦૧ ॥

હ્યે લખ લાભ લખેશરીએ, હ્યો મંગલ કોડી કોડેશરીએ; જાપ જપો થઇ સુત પેસરીએ, જીમ પામીએ ઋદ્ધ પરમેસરીએ. ॥૧૦૨॥ લહિએં દિવાલડી દાડલો એ, એ તો પુણ્યનો ટબકો ટાલુઓએ; સુકૃત સિરિ દ્દઢ કરો પાલડીએ, જિમ ઘર હોય નિત્ય દિવાલડીએ. ॥૧૦૩॥

॥ ઢાલ ૧૧ ॥

હવે મુનિસુવ્રત સીસોરે, જેહની સબલ જગીસો; તે ગુરૂ ગજપુરે આવ્યારે, વાદી સવિ હાર મનાવ્યા. ॥૧॥ પાવસ ચઉમાસું રહિયારે, ભવિયણ હઇડે ગહગહીઆરે; નવમો ચક્રવર્તિ પદ્મરે, જસુ હિયડે નવિ છદ્મ. ॥ ૨ ॥ નમુંચિ તસ નામે પ્રધાનરે, રાજા દિયે બહુ માન; તિણે તિહાં રિઝવી રાયરે, માગિ મોટો પસાય. ॥ ૩ ॥ લિધો ષટ ખંડ રાજરે. સાત દિવસ માંડી આજ; પૂર્વે મુનિસું વિરોધ્યોરે, તે કિણે નવિ પ્રતિબોધ્યો. ॥૪॥ તે મુનિ સું કહે બંડોરે, મુઝ ધરતિ સવિ છંડો; વિનવિઓ મુનિ મોટો રે, નવિ માને કામેં ખોટો. ॥૫॥ સાઠસયાં વર્ષ તપ તપિઓરે, જે જિન કિરીયાનો ખપીઓ; નામે વિષ્ણુ કુમાર રે, સયલ લબધિનો ભંડાર. ॥ ૬ ॥ ઉઠ ક્રમ ભૂમિ લેવારે, જોવા ભાઇની સેવા; હ્યું ત્રિપદી ભૂમિ દાનરે, ભલે ભલે આવ્યા ભગવાન. ॥૭॥ ઇણે વચણે ધડહડીઓરે, તે મુનિ બહુ કોપે ચઢિઓ; કિધો અદભૂત રૂપરે, જોયણ લાખ સરૂપ ॥૮॥ પ્રથમ ચરણ પૂર્વે દીધોરે, બીજો પશ્ચિમે

કિધો; ત્રિજો તસ પુંઠે થાપ્યોરે, નમુંચિ પાતાલે ચાંપ્યો. ॥૯॥ થરહરિઓ ત્રિભૂવન્નરે, ખલભલિઓ સવિ જન; સલસલિઓ સુર કિન્નરે, પડયો નવિ સાંભલીએ કન્ન. ॥૧૦॥ એ ઉત્પાત અત્યંતરે, દૂરિ કરો ભગવંત; હૈ હૈ સ્યું હવે થાશેરે, બોલે બહુ એક સાસે. ॥૧૧॥ કરણે કિંન્નર દેવારે, કડુઆ ક્રોધ સમેવા; મધુર મધુર ગાએ ગીતરે, બે કર જોડિ વિનિત. ॥૧૨॥ વિનય થકી વેગે વલિઓરે, એ જિન શાસન બલિઓ; દાનવ દેવે ખમાવ્યો રે, નર નારીએ વધાવ્યો. ॥૧૩॥ ગાવલડી ભેંસ ભડકીરે, જે દેખી દુરે તડકીરે; તે જતને ગ્રહિ છેરે, આરતિ ઉતારી મેરઇએરે. ॥૧૪॥ નવલે અવતારે આવ્યારે; જીવિત ફલ લહિ ફાવ્યા; શેવ સુંહાલી કેંસારરે, ફલ લ્યું નવે અવતાર રે. ॥૧૫॥ છગણ તણો ગરબારરે, નમુંચિ લખ્યું ઘર નારે; તે જીમ જીમ ખેરૂ થાયરે, તિમ તિમ દુઃખ દૂરે જાયરે. ॥૧૬॥ મંદિર મંડાણ માંડયારે, દાલિદ્ર દુઃખ દૂરે છાંડયા; કાતિ સુદિ પડવે પરવેરે, ઇમ એ આદરીઓ સર્વે. ॥૧૭॥ પુણ્યે નરભવ પામિરે, ધર્મ પુન્ય કરો નિરધાંમી; પુન્યે ઋદ્ધિ રસાલીરે, નિત નિત પુન્યે દિવાલી. ॥૧૮॥

॥ કલશ ॥

જિન તું નિરંજણ સજલ રંજણ, દુઃખભંજણ દેવતા; દ્યો સુખ સામિ મુગતિ ગામિ, વીર તુઝ પાયે સેવતા, તપ ગચ્છ ગયણ દિણુંદ દહ દિસે, દીપતો જગ જાણીએ; શ્રી

હીરવિજય સુરિંદ સહગુરૂ, તાસ પાટ વખાણીયે. ॥ ૧૯ ॥ શ્રી વિજયસેન સુરીસ સહ ગુરૂ, વિજયદેવ સૂરિસરૂ; જે જપે અહનિશ નામ જેહનો, વર્દ્ધમાન જિણેશ્વરૂ; નિર્વાણ તવન મહિમા ભવન, વીર જિનનો જે ભણે; તે લહે લીલા લબ્ધિ લચ્છી, શ્રી ગુણ હર્ષ વધામણે. ॥ ૨૦ ॥

॥ ઇતિ શ્રી વીર નિર્વાણ મહિમા દીપાલિકા સંપૂર્ણ ॥

# અથ શ્રી કૃષ્ણ મહારાજની સઝાય.

માન ન કરશો રે માનવી, આખર એ છે અસાર રે, રાખ્યા કોઈના રહેશે નહી; જુવો જુવો કરમ કીરતાર રે. માન૦ ॥ ૧ ॥ સઢણ પઢણ વિધ્વંસના, જેવું માટીનું ભાંડ રે; ક્ષણમાં વાગે રે ખોખરૂં, એ કેમ રહેસે અખંડ રે. માન૦ ॥ ૨ ॥ જરાકુંવર જંગલ વસે, તીહાં એલે શ્રીકાર રે; હરીને પાએ પદમધરા, સુતા દીઠા તેણે ઠામ રે. માન૦ ॥ ૩ ॥ મરઘ લક્ષણે જાણી કરી, બાણ નાખ્યું ભરપુર રે; પાએ ભેદીને નીસર્યું, જઇને પડીયું છે દૂર રે. માન૦ ॥ ૪ ॥ આપ બલે રે ઉઠી કરી, બોલ્યા કૃષ્ણ નરેસ રે; બાણ કોણે મને ભેદીયું, એ છે કોણ પાપી દુષ્ટ રે. માન૦ ॥ ૫ ॥ સાદ કૃષ્ણનો રે સાંભળી, બોલ્યો જરાકુમાર રે; હું વાસુદેવનો પુત્ર છું, રહું છું વન મોઝાર રે. માન૦ ॥ ૬ ॥ વનમાં કોઈ નહી માનવી, આજ સુધી નીરધાર રે; કૃષ્ણ રખોપાને કારણે, વરસ થયા મુજ બાર રે. માન૦ ॥ ૭ ॥

ઓરા આવો રે ભાઈ બંધવા, સ્યા સારૂ સેવો છો વન રે; તેં તો શ્રી કૃષ્ણને મારીઓ, ન મટે શ્રી નેમના વચન રે. માન૦ ॥ ૮ ॥ આ નીસાની પાંડવને આપજો, અહીંથી જાને તું દૂર રે; બલભદ્ર આવશે તો મારશે ઉપજશે ઉદ્વેગ રે. માન૦ ॥ ૯ ॥ આ સમે કેમ જાઉ ભાઈ એકલો, જો મુજ મોકલો મોરાર રે; પાછું ફરી ફરી જોવતા, આંખે આંસુડાની ધાર રે. માન૦ ॥ ૧૦ ॥ બત્રીસ સહસ અંતે ઉરી, ગોપીઓ સોલસેં જાણુ રે; તરસે તરફડે ત્રીકમો, નહી કોઈ પાણી પાનાર રે. માન૦ ॥ ૧૧ ॥ ગજે બેસીને રે ચાલતા, પડતી નગારાની ફોજ રે; તે નર જંગલમાં એકલા, જેવા વનચર રોઝ રે. માન૦ ॥ ૧૨ ॥ માથે રસી રસી બાંધતાં, સારૂ કસબીની પાઘ રે; તે નર જંગલમાં એકલા, ચાંચુ મારે સીર કાગ રે. માન૦ ॥ ૧૩ ॥ છબીલા છત્ર ધરાવતા, ચોઈ દસ ફરતી ફોજ રે; તે નર જંગલમાં એકલા, જેવા વનચર રોઝ રે. માન૦ ॥ ૧૪ ॥ જન્મતા કોએ નવી જાણીઓ, મરતાં નહી કોઈ રોનાર રે; મહા અટવીમાં રે એકલા, પડીયા પાડે પોકાર રે. માન૦ ॥ ૧૫ ॥ નેક નજર કરો સાહીબા, તારો ભવ જલ પાર રે. મુક્તિવીજય કવીરાયનો, કમલવિજય ગુણ ગાય રે. માન૦ ॥ ૧૬ ॥

# અથ શ્રી ધન્નાજીની સઝાય.

વિરવ વીસી કામની રે, ધન્ના પુર ઉભી પસ્તાય ।। રવી આથમતો એમ કહે રે, ધન્ના વદન કમલથી લખાય ધન્ના હું તો વારી રે, ધન્નાજી આજ નહી એસો કાલ. ધન્ના૦ ।। ૧ ।। તું મુઝ અંધા લાકડી રે, ધન્ના તું મુઝ પ્રાણ આધાર; તુજ વિના સુનો પડયો રે, ધન્ના ના વેઈ જાણ મજાણ. ધન્ના૦ ।। ૨ ।। તન ધન જોબન કારમો રે માતા; આરે સંસાર અસાર. અનુમતી દ્યો મોરી માતાજી રે, હું તો લેઇશુંજી સંજમ ભાર, જનની હું તો લેઈશું સંજમ ભાર. ।। ૩ ।। પંચ મહાવ્રત પાલવારે ધન્ના, પાંચ એ મેરૂ સમાન; બાવીસ પરીસહ જીતવા રે ધન્ના, સંજમ ખાંડાની ધાર. ધન્ના હું તો૦ ।। ૪ ।। રતન જડીતનો પાંજરો રે માતા, પોપટ જાણે છે બંધ, કામ ભોગ સંસારના રે માતા જ્ઞાની જાણે છે ફંદ રે. જનની હુંતો લેશું૦ ।। ૫ ।। તુજ સરખી કામની રે ધન્ના, લક્ષણવતી સોઈ જાણ. પંચ ઈંદ્રીના સુખ પરીહર્યા રે ધન્ના, ફરી પછી નાવે સાથ. ધન્ના હુંતો૦ ।। ૬ ।। ધન ને જોબન માયા થીર નહી રે માતા, જયું રે આવે ચું રે જાય. એસો ચંચળ જીવડો રે માતા. જયું રે પીપલ કેરા પાન. જનની હુંતો. ।। ૭ ।। ઘેર બેઠા ધર્મ કીજીએ રે ધન્ના, દાન શીયલ તપ ભાવ; સંજમ મારગ દોહીલો રે ધન્ના, મત કર ઈણુ સો

ઉચાર રે. ધન્ના૦ ॥ ૮ ॥ જે રમણી શું રાચી રહ્યો રે, ધન્ના, નહી રે ગણ્યો નવકાર; મન પસ્તાવો નહિ કર્યો ધન્ના ગયો રે જન્મારો હાર રે. ધન્ના૦ ॥ ૯ ॥ રમણી શું રાચ્યો નહી રે, માતા, માહેરી મતી ભરપુર; જે રમણી શું રાચી રહ્યો રે, માતા દુરગતી જાશે હજુર રે. જનની હું તો૦ ॥ ૧૦ ॥ તું સુકુમાર સોહામણો રે ધન્ના૦ તુજ માતાજીને સોચ; સોચ કીસો મોરી માતાજી રે, હું તો કરશું કરમનો લોચ રે. જનની૦ ॥ ૧૧ ॥ દીપક વીના મંદીર કીસ્યો રે. ધન્ના૦ પુત્ર વિના પરીવાર; વીર વીહુણી બેનડી રે ધન્ના૦ ઝુરે વાર તેવાર રે. ધન્ના૦ ॥ ૧૨ ॥ ચંદા વીના કેસી ચાંદની રે ધન્ના૦ તારા વીના કેસી રાત; કંત વીના કેસી કામની રે ધન્ના૦ ઝુરે બારેઈ માસ રે. ધન્ના૦ ॥ ૧૩ ॥ માતાને સમઝાવીને રે, ધન્ના૦ લીધો છે સંજમભાર; માસ સંલેષણ પાળીને રે ધન્ના૦ પોહોત્યા છે અનુતર વીમાન રે, ધન્ના હું તો૦ ॥ ૧૪ ॥ દાન શીયલ તપ ભાવના રે, ધન્ના૦ એ જન્માંતર સાર; માન કહે મુની વાંદતા રે, ધન્ના૦ વરતે છે જયજયકાર; ધન્ના હું તો વારી રે. ધન્ના આજ નહી એ સો કાલ. ॥ ૧૫ ॥

---

# સમકિતના સડસઠ બોલની સજ્ઝાય.

॥ દોહા ॥

દોહા:[1] સુકૃતવલ્લિકાદંબિની, સમરી સરસતી માત; સમકિત સડસઠ બોલની, કહીશું મધુરી વાત. ॥ ૧ ॥ સમકિતદાયક ગુરૂતણો, [2]પચ્ચુવયાર ન થાય; ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ॥ ૨ ॥ દાનાદિક ક્રિયા નવ દીયે, સમકિત વિણુ શિવશર્મ;[3] તે માટે સમકિત વડું, જાણો પ્રવચન મર્મ. ॥ ૩ ॥ દર્શનમોહ વિનાશથી, જે નિર્મલ ગુણઠાણુ; તે નિશ્ચય સમકિત કહ્યું, તેહનાં એ અહિઠાણ. ॥ ૪ ॥

॥ ઢાલ ॥

॥ દેઈ દેઇ દરિસણ આપણું ॥ એ દેશી ॥

ચઉસદ્દહણા તિલિંગ છે, દશવિધિ વિનય વિચારોરે; ત્રિણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારોરે. ॥ ૫ ॥

॥ ત્રૂટક ॥

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ; ષટ જયણા ષટ આગાર ભાવના, છવ્વિહા મન આણીએ. ષટ ઠાણ સમકીત તણાં સડસઠ, ભેદ એહ ઉદાર એ; એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ. ॥ ૬ ॥

---

૧ પુન્યવલ્લીને મેઘમાળાની પેરે નવપલ્લવ કરનારી.

૨ પ્રતિ ઉપકાર. ૩ મોક્ષ સુખ.

॥ ઢાલ ॥

ચઉવિહ સદ્દહણા તિહાં, જીવાદિક પરમત્થોરે,[1]
પ્રવચનમાંહિ જે ભાખીયા, લીજે તેહનો અત્થોરે. ॥ ૭ ॥

॥ ત્રૂટક ॥

તેહનો અર્થ વિચાર કરીએ, પ્રથમ સદ્દહણા ખરી; બીજી સદ્દહણા તેહની જે, જાણુ મુનિ ગુણ જવહરી. સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા; તેહની સેવા કીજીએ જિમ, પીજીએ સમતા [2]સુધા. ॥ ૮ ॥

॥ ઢાલ ॥

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવ ને [3]અહછંદારે;
[4]પાસત્થા ને કુશીલીયા, [5]વેષવિડંબક મંદા રે. ॥ ૯ ॥

॥ ત્રૂટક ॥

મંદા અનાણી દૂર છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી; પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદ્દહણા કહી. હીણા તણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે; જ્યું જલધિજલમાં[6] ભળ્યું ગંગા–નીર [7]લુણપણું લહે. ॥ ૧૦ ॥

॥ ઢાલ ॥

॥ કપૂર હોયે અતિ ઉજલો રે ॥ એ દેશી ॥

ત્રણ લિંગ સમકિત તણાં રે, પહેલું શ્રુત અભિલાષ; જેહથી શ્રોતા રસ લહે રે. જેહવો સાકર દ્રાખ રે; પ્રાણી

---

૧ પરમાર્થ. ૨ અમૃત. ૩ યથાછંદી. ૪ ઢીલા. ૫ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી વિરૂદ્ધ ચાલનાર. ૬ સમુદ્રના પાણીમાં. ૭ ખારૂં થઈ જાય.

ધરીએ સમકિત રંગ, જિમ લહીએ સુખ અભંગ રે ॥ પ્રાણી૦ ॥ ॥ ૧૧ ॥ તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત; તેહથી રાગે અતિ ઘણો રે, ધર્મ સુણ્યાની રીત રે ॥ પ્રાણી૦ ॥ ૧૨ ॥ ભૂખ્યો અટવી ઉતર્યો રે, જિમ દ્વિજ ઘેબર ચંગ; ઈચ્છે તિમ જે ધર્મને રે, તેહિજ બીજું લિંગ રે ॥ પ્રાણી૦ ॥ ૧૩ ॥ વૈયાવચ્ચ ગુરૂ દેવનું રે, ત્રીજું લિંગ ઉદાર; વિદ્યાસાધક તણી પરે રે, આલસ નવીય લગાર રે ॥ પ્રાણી૦ ॥ ૧૪ ॥

॥ ઢાલ ॥

॥ પ્રથમ ગોવાલા તણે ભવેજી ॥ એ દેશી ॥

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુવા સિદ્ધ; [1]ચેઈય જિનપડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ; ચતુર નર ! સમજો વિનય પ્રકાર, જિમ લહીએ સમકિત સાર ॥ ચતુર૦ ॥ ૧૫ ॥ ધર્મ [2]ખિમાદિક ભાખીયો જી, સાધુ તેહના રે ગેહ; આચારજ આચારનાજી, દાયક નાયક જેહ ॥ ચતુર૦ ॥ ૧૬ ॥ ઉપાધ્યાય તે શિષ્યનેજી. સૂત્ર ભણાવણહાર; પ્રવચન સંઘ વખાણીએજી, દરિસણ સમકિત સાર ॥ ચતુર૦ ॥ ૧૭ ॥ ભક્તિ બાહ્ય [3]પ્રતિ પત્તિથી જી, હૃદય પ્રેમ બહુમાન; ગુણ [4]થુતિ અવગુણ ઢાંકવા જી, આશાતનની હાણ ॥ ચતુર૦ ॥ ૧૮ ॥ પાંચ ભેદે એ દશ

---

૧ ચૈત્ય. ૨ ક્ષમા, મૃદુતા, સરલતા પ્રમુખ. ૩ સેવા ચાકરી વડે. ૪ સ્તુતિ.

તણો જી, વિનય કરે અનુકુળ, સિંચે તેહ સુધારસે જી, ધર્મવૃક્ષનું મૂળ ॥ ચતુર ॥ ૧૯ ॥

॥ ઢાલ ॥

॥ ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે ॥ એ દેશી ॥

ત્રણ શુદ્ધિ સમકિત તણી રે, તિહાં પહિલી મનશુદ્ધિ રે; શ્રી જિન ને જિનમત વિના રે, જુઠ સકલ એ બુદ્ધિ રે ॥ ચતુર વિચારો ચિત્તમાં રે ॥ એ આંકણી ॥ ૨૦ ॥ જિન ભગતે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે, એવું જે મુખે ભાખીએ રે, તે વચનશુદ્ધિ કહેવાય રે ॥ ચતુર૦ ॥ ૨૧ ॥ છેદ્યો ભેદ્યો વેદના રે, જે સહેતો અનેક પ્રકાર રે; જિન વિણ [1]પરસુર નવિ નમે રે, તેહની કાયાશુદ્ધિ ઉદાર રે ॥ ચતુર૦ ॥ ૨૨ ॥

॥ ઢાલ ॥

॥ મુનિરાજ મારગની દેશી ॥

સમકિત દૂષણ પરિહરો, તેહમાં પહિલી છે શંકા રે; તે જિનવચનમાં મત કરો, જેહને [2]સમ નૃપ રંકા રે ॥ સમકિત દૂષણ પરિહરો ॥ એ આંકણી ॥ ૨૩ ॥ કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજીએ; પામી સુરતરૂ [3]પરગડો, કિમ [4]બાઉલ ભજીએ ॥ સમ૦ ॥ ૨૪ ॥ સંશય ધર્મના ફળતણો, વિત્તિગિચ્છા નામે; ત્રીજું દૂષણ પરિહરો,

---

૧ અનેરાં દેવી દેવલાં. ૨ રાજાને રાંક સરખા છે.

૩ પ્રગટ પ્રભાવવાળો. ૪ બાવળ.

નિજ શુભ પરિણામે ॥ સમ૦ ॥ ૨૫ ॥ મિથ્યામતિ ગુણ વર્ણનો,[૧] ટાળો ચોથો દોષ; ઉન્મારગી શુણતાં હુવે, ઉન્મારગ પોષ ॥ સમ૦ ॥ ૨૬ ॥ પાંચમો દોષ મિથ્યામતિ, પરિચય નવિ કીજે; ઇમ શુભ મતિ અરવિંદની,[૨] ભલી વાસના લીજે ॥ સમ૦ ॥ ૨૭ ॥

॥ ઢાલ ॥

॥ ભોલીડા હંસારે વિષય ન રાચીએ ॥ એ દેશી ॥

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી[૩] ધુરિ જાણ; વર્તમાન શ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ ॥ ધન ધન શાસન મંડન મુનિવરા ॥ એ આંકણી ॥ ૨૮ ॥ ધર્મ કથી તે બીજો જાણીએ, નંદિષેણ પરે જેહ; નિજ ઉપદેશે રે રંજ લોકને, ભંજે હૃદયસંદેહ ॥ ધ૦ ॥ ૨૯ ॥ વાદી ત્રીજો રે તર્ક નિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ; રાજદ્વારે જય કમલા વરે, ગાજંતો જિમ મેહ ॥ ધ૦ ॥ ૩૦ ॥ ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પરમત જીપણ કાજ; તેહ નિમિત્તી રે ચોથો જાણીએ, શ્રી જિનશાસન રાજ ॥ ધ૦ ॥ ૩૧ ॥ તપ ગુણ ઓપેરે રોપે ધર્મને, ગોપે નવિ જિન આણ; આશ્રવ[૪] લોપેરે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ ॥ ધ૦ ॥ ૩૨ ॥ છઠ્ઠો વિદ્યા રે મંત્રતણો વળી, જિમ શ્રીવયર મુણીંદ; સિદ્ધ સાતમો રે અંજન યોગથી, જિમ કાલિક મુનિચંદ ॥ ધ૦ ॥ ૩૨ ॥ કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મ

---

૧ પ્રશંસા. ૨ કમળ. ૩ પ્રાવચની. ૪ કર્મને આવવાનાં દ્વાર.

હેતુ કરી જેહ; સિદ્ધસેન પરે રાજા રીઝવે, અઠમ વર કવિ તેહ ॥ ધ૦ ॥ ૩૪ ॥ જબ નહિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિ પૂરવ અનેક; જાત્રા પૂજાદિક કરણી કરે; તેહ પ્રભાવક છેક ॥ ધ૦ ॥ ૩૫ ॥

॥ ઢાલ ॥

॥ સતી સુભદ્રાની ॥ એ દેશી ॥

સોહે સમકિત જેહથી, સખી જિમ આભરણે દેહ, ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી મન વસ્યાં તેહમાં નહીં સંદેહ ॥ મુઝ સમકિત રંગ અચલ હોજો રે ॥ એ આંકણી ॥ ૩૬ ॥ પહેલું કુશળપણું તિહાં, સખી વંદન ને પચ્ચખ્ખાણ; કિરિયાનો વિધિ અતિ ઘણો, સખી આચરે તેહ સુજાણ ॥ મુઝ૦ ॥ ૩૭ ॥ બીજું તીરથ સેવના સખી તીરથ તારે જેહ, તેહ ગીતારથ મુનિવરા, સખી તેહશું કીજે નેહ ॥ મુઝ૦ ॥ ૩૮ ॥ ભગતિ કરે ગુરૂ દેવની, સખી ત્રીજું ભૂષણ હોય; કિણહિ ચળાવ્યો નવિ ચળે, સખી ચોથું ભૂષણ જોય ॥ મુઝ૦ ॥ ૩૯ ॥ જિનશાસન અનુમોદના, સખી જેહથી બહુ જન હુંત; કીજે તેહ પ્રભાવના, સખી પાંચમું ભૂષણ ખંત ॥ મુઝ૦ ॥ ૪૦ ॥

॥ ઢાલ ॥

॥ ઈમ નવિ કીજે હો ॥ એ દેશી ॥

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં, ધુર ઉપશમ અનુકુળ ॥ સુગુણ નર ॥ અપરાધીશું પણ નવિ ચિત્તથકી,

ચિંતવીએ પ્રતિકુળ ॥ સુગુણ નર! શ્રી જિનભાષિત વચન વિચારીએ ॥ આંકણી ॥ ૪૧ ॥ સુર નર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિખસુખ એક ॥ સુ૦ ॥ બીજું લક્ષણ તે અંગીકરે, [1] સાર સંવેગશું ટેક ॥ સુ૦ ॥ શ્રી જિન૦ ॥ ૪૨ ॥ નારક ચારક[2] સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ; ચાહે નીકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ ॥સુ૦॥ શ્રી જિન૦ ॥ ૪૩ ॥ દ્રવ્યથકી દુઃખીઆની જે દયા, ધર્મ-હીણાનીરે ભાવ; ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ ॥સુ૦॥ શ્રી જિન૦ ॥૪૪॥ જે જિન ભાખ્યું તે નહિ[3] અન્યથા, એહવો જે દૃઢ રંગ; તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ ॥ સુ૦ ॥ શ્રી જિન૦ ॥ ૪૫ ॥

॥ ઢાલ ॥

॥ જિન જિનપ્રતિ વંદન દિસે ॥ એ દેશી ॥

પરતીર્થી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યાં વળી જેય; વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ ભેય રે ॥ ભવિકા! સમકિત યતના કીજે ॥ એ આંકણી ॥ ૪૬ ॥ વંદન તે કરજોડ ન કહીએ, નમન તે શીશ નમાડે; દાન ઇષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભગતિ દેખાડે રે ॥ ભ૦ ॥૪૭॥ અનુપ્રદાન તે તેહને કહીએ, વારંવાર જે દાન; દોષ કુપાત્રે પાત્ર મતિ એ, નહિ અનુકંપા માન રે ॥ ભ૦ ॥ ૪૮ ॥ અણબોલાવે જેહ ભાખવું, તે કહીએ આલાપ; વારંવાર

---

૧ આદરે. ૨. કેદખાના. ૩ સત્યજ.

આલાપ જે કરવો, તે કહીએ સંલાપ રે ॥ ભ૦ ॥ એ જયણાથી સમકિત દીપે, વલી, દીપે વ્યવહાર; એમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકાર[1] રે ॥ ભ૦ ॥ ૫૦ ॥

॥ ઢાળ ॥

॥ લલનાની દેશી ॥

શુદ્ધ ધર્મથીં નવિ ચળે, અતિ દ્રઢ ગુણ આધાર લલના; તો પણ જે નવિ તેહવા, તેહને એહ આગાર લલના ॥ ૫૧ ॥ બોલ્યું તેહવું પાળીએ, દંતીદંત[2] સમ બોલ લલના ॥ સજ્જન ને દુર્જનતણા, કચ્છપ કોટિને[3] તોલ લલના ॥ બોલ્યું૦ ॥ ૫૨ ॥ રાજા નગરાદિક ધણી, તસ શાસન અભિયોગ લલના; તેહથી કાર્તિકની પેરે, નહિ મિથ્યાત્વ સંયોગ લલના ॥ બોલ્યું૦ ॥૫૩॥ મેળો;[4] જનનો ગણ કહ્યો, બળ ચોરાદિક જાણ લલના; ક્ષેત્રપાળાદિક દેવતા, તાતા દિક ગુરૂ ઠાણ લલના ॥ બોલ્યું૦ ॥ ૫૪ ॥ વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ[5] કંતાર લલના; તે હેતે દૂષણ નહીં, કરતાં અન્ય આચાર લલના ॥ બોલ્યું૦ ॥૫૫॥

॥ ઢાળ ॥

॥ રાગ મલ્હાર ॥

ભાવિજે રે સમકિત જેહથી રૂઅડું, તે ભાવના રે ભાવો મન કરી પરવડું ॥ જો સમકિત રે તાજું સાજું મૂલ રે, વ્રત તરૂ રે દીએ શિવપદ અનુકુળ રે ॥ ૫૬ ॥

---

૧ ભેદ. ૨ હાથીદાંત–દંતૂશળ સરખા. ૩ કાચબાની ડોક જેવા. ૪ સમુદાય. ૫ ભયંકર.

॥ ત્રૂટક ॥

અનુકુળ મૂળ રસાળ સમકિત, તેહ વિણુ મતિ અંધ રે; જે કરે કિરિયા ગર્વ ભરીયા, તેહ જુઠો ધંધ રે, એ પ્રથમ ભાવના ગણો રૂઅડી, સુણો બીજી ભાવના, બારણું સમકિત ધર્મપુરનું, એહવી તે [1]પાવના ॥ ૫૭ ॥

॥ ઢાળ ॥

ત્રીજી ભાવના રે સમકિત પીઠ જો દઢ સહી, તો મોટો રે ધર્મપ્રાસાદ[2] ડગે નહીં, પાયે[3] ખોટો રે મોટે મંડાણ ન શોભીએ, તેહ કારણ રે સમકિતશું ચિત્ત થોભીએ ॥૫૮॥

॥ ત્રૂટક ॥

થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ; સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવીએ; તેહ વિણુ છુટા રત્ન સરિખા, મૂળ ઉત્તર ગુણ સવે; કિમ રહે તાકે જેહ હરવા, ચોર જોર ભવે ભવે ॥૫૯ ॥

॥ ઢાળ ॥

ભાવો પંચમી રે ભાવના શમ દમ સાર રે, પૃથ્વી પરે રે સમકિત તસુ આધાર રે; છઠ્ઠી ભાવના રે ભાજન સમકિત જો મળે, શ્રુત શીલનો રે તો રસ તેહમાં નવિ ઢળે ॥ ૬૦ ॥

॥ ત્રૂટક ॥

નવિ ઢળે સમકિત ભાવના રસ, અમિય સમ સંવ-

---

૧ પવિત્ર. ૨ મહેલ. ૩ ખોટે પાયે.

રતણો. ષટ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો; ઇમ ભાવતાં પરમાર્થ[1] જલનિધિ, હોય નિત ઝકઝોલ[2] એ ॥ ઘન[3] પવન પુણ્ય પ્રમાણુ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ ।૬૧।

॥ ઢાળ ॥

॥ જેહ મુનિ વેષ શકે નવિ છંડી ॥ એ દેશી ॥

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહના ષડ્‌વિધ[4] કહીએ રે; તિહાં પહિલું થાનક છે ચેતન, લક્ષણુ આતમ લહીએ રે; ખીર નીર પરે પુદ્‌ગલમિશ્રિત, પણુ એહથી છે અલગો રે; અનુભવ હંસ ચંચુ[5] જો લાગે, તો નવિ દીસે વલગો રે ॥ ૬૨ ॥ બીજું થાનક નિત્ય આતમા, જે અનુભૂત[6] સંભારે રે; બાલકને સ્તનપાન વાસના, પૂરવ ભવ અનુસારે રે; દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાય રે; દ્રવ્યથકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમરાય રે ॥ ૬૩ ॥ ત્રીજું થાનક ચેતન કર્તા, કર્મ તણે છે યોગે રે; કુંભકાર જિમ કુંભતણો જે, દંડાદિક સંયોગે રે; નિશ્ચયથી નિજ ગુણુનો કર્ત્તા, અનુપમચરિત[7] વ્યવહારે રે; દ્રવ્ય કર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે ॥ ૬૪ ॥ ચોથું થાનક છે તે ભોક્તા, પુણ્ય પાપ ફળ કેરા રે; વ્યવહારે નિશ્ચય નય દષ્ટે, ભુંજે નિજ ગુણ નેરા રે; પંચમ થાનક છે પરમ પદ, અચલ અનંત સુખવાસો રે; આધિ

---

૧ સાગર. ૨ સંપૂર્ણ, ભર્યો. ૩ ઘણા. ૪ ભેદ. ૫ ચાંચ. ૬ પ્રથમ અનુભવેલું. ૭ પરમાર્થ, શુદ્ધ.

વ્યાધિ તન મનથી લહીએ; તસુ અભાવે સુખ ખાસો રે ॥ ૬૫ ॥ છઠું થાનક મોક્ષતણો છે, સંયમ જ્ઞાન ઉપાયોરે; જો સહેજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફળ થાયે રે; કહે જ્ઞાનનય જ્ઞાનજ સાચું. તે વિણ જૂઠી કિરિયા રે; ન લહે રૂપું રૂપું જાણી, છીપ ભણી જે ફિરિયા રે ॥ ૬૬ ॥ કહે કિરિયાનય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશે રે; જળ પેસી કર પદ ન હલાવે, તારૂ તે કિમ તરશે રે; દૂષણ ભૂષણ છે ઇહાં બહુલાં, નય એકેકને વાદે રે; સિદ્ધાંતી તે બેહુ નય સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે ॥ ૬૭ ॥ ઇણિપરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાધે રે; રાગ દ્વેષ ટાળી મન વાળી, તે સમ સુખ અવગાહે રે; જેહનું મન સમકિતમાં નિશ્ચળ, કોઇ નહીં તસ તોલે રે; શ્રી નયવિજય વિબુધ પય સેવક[1], વાચક યશ ઇમ બોલે રે ॥ ૬૮ ॥

---

# શ્રી વિજયશેઠ ને વિજયારાણીની સઝાય

ભરતક્ષેત્રે રે સમુદ્ર તીરે, દક્ષિણ દિશે રે કચ્છ દેશે રે; વિજય શેઠ શ્રાવક વસે રે ॥ શિયળ વ્રત રે અંધારા પક્ષનો લીયો ॥ બાલાપણે રે એહવો નિશ્ચય મન કીયો રે, મન કીયો તેહવો તેણે નિશ્ચય પક્ષ અંધારે પાલશું ॥ હું શિયલ નિશ્ચય તેહ વઈસિ વિષય દોષણ ટાળશું ॥ એક છે સુંદર રૂપ વિજયા નામ કન્યા, તે વળી તેણે શુકલ

---

૧ નયવિજય પંડિતના ચરણસેવક.

પક્ષનો નિયમ; લીધો સુગુરૂ જોગે મન રલી ।। કર્મ જોગે રે માંહો માંહે તે બીહુ તણો શુભ દિવસે રે હુવો વીવાહ સોહામણો ।। ૨ ।। તવ વિજયા રે સોળ શણગાર સજી કરી પીયુ મંદીરે રે પોચી ઉલટ મન ધરી ।। મન ધરી ઉલટ અધીક પોચી પીયુ પાસે સુંદરી તે દેખી હરખે શેઠ બોલ્યા શીયલ નિશ્ચે મન ધરી ।। ૩ ।। મુજ શીયલ નીશ્ચે પક્ષ અંધારો તેહના દીન ત્રણ્ય છે એ શીયલ પાળી શુકલ પક્ષ હું ભોગ ભોગવશું પછે ।। એમ સાંભળી રે તવ વિજયા વિલખી થઈ પીયુ પુછે રે કેમ ચિંતા તુજને થઇ ।। ૪ ।। તવ વિજયા રે કહે શુકલ પક્ષ મેં લીયો બાલાપણે રે એવો નિશ્ચય મન કીયો ।। મન કીયો તેહવો તેણે નિશ્ચય શુકલ પક્ષ વ્રત પાળશું તો ઉભય હું શીયલ વઈસિ વિષય સેવા ટાળશું ।। ૫ ।। તુમે અવર નારી પરણી કરી શુકલ પક્ષ સુખ ભોગવો તો કૃષ્ણપક્ષ નિજ નિયમ પાળી એમ અભીગ્રહ જોગવો ।। તવ વળતું રે ભરથાર કહે ઈ શું, વિષયા રસ રે કાલકુટ વિષ હોય જેયસું, તે છંડી રે શીયલ સબલ હમો પાળશું, તેને વારતા રે માત પિતાને ન જણાવશું ।। ૬ ।। માત પિતા જબ જાણશે તવ દિક્ષા લઈશું ધરી દયા ।। એમ અભીગ્રહ લઇને તે ભાવ ચરિ-ત્રીયા થયાં ।। ૭ ।। એકત્ર શય્યા શયન કરતાં ખડગ ધારા વ્રત ધરે મન વચન કાયા ધરીય સુધા શીયલ તે બીહુ આચરે.

।। પહેલી ઢાળ સમાપ્ત ।। ૧ ।।

॥ અથ બીજી ઢાળ ॥

વિમળ કેવળી એક રે ચંપા નયરીએ તતક્ષણ, આવી સમોસર્યા એ ॥ સહસ ચોરાશી સાધ રે મુજ ઘરે પારણું કરે મનોરથ તો ફળે રે ॥ કીહાં એટલા અણગાર રે કીહાં વળી સુજતું ॥ ભાત પાણી હોય તેટલું એ તો હવે તેહ વિચાર રે કરો તુમહો તેમ, જેમ ફળ હોય મુજ તેટલું એ ॥ એક છે કચ્છ દેશ રે શેઠ વિજય વળી વિજયા ભારયા તશ ઘેરે એ ॥ ભાવ જતી ગ્રહ વેશ રે ॥ તેહને ભોજને દીર્ઘ ફલ હોય તેટલું એ ॥ જીનદાસ કહે રે ભગવંત રે તેહમાં તેટલા કોણ ગુણ કોણ વ્રત છે ઘણાં એ ॥ કેવળી કહે અનંત રે ગુણ તશ શીયળના કૃષ્ણ શુકલ પક્ષ વ્રત તણા એ ॥

॥ બીજી ઢાળ સમાપ્ત ॥

॥ અથ ત્રીજી ઢાળ ॥

કેવળી પાસેરે સાંભળી, શ્રાવક તે જીનદાસ રે ॥ કચ્છ દેશે તવ આવીયો, પુરે મનની આશ રે ॥ ધન ધન શીયલ શીરોમણી ॥ ૧ ॥ શીયલ સમો નહીં કોઇ રે, શીયલે સુરસા નિશ્ચ્ય કરે ॥ શીયલે શીવ સુખ હોય રે, ધન ધન શીયલ શીરોમણી ॥ ૨ ॥ શેઠ વિજય વિજયા પ્રત્યે, ભકતે ભોજન દીએરે ॥ સહસ ચોરાશી સાધુનો ॥ પારણાંનાં ફલ લીએરે, ધનધન શીયલ શીરોમણી ॥ ૩ ॥ માત પિતા પુછે થકે, તેહમાં શીયલ વખાણેરે ॥ કેવળી જીન મુખે સુણયોરે, તે કહે તે ગુણ જાણેરે ધનધન શીયલ શીરોમણી ॥ ૪ ॥ માત-

પિતા જબ જાણીયું, પ્રગટયો એહ સંબંધરે ।। શેઠ વિજય વિજયા લીએ, ચારિત્ર એ પ્રતિબંધ રે; ધન ધન શીયલ શીરોમણી ।। ૫ ।।

।। ત્રીજી ઢાળ સમાપ્ત ।।

।। અથ ચોથી ઢાળ ।।

કેવળી પાસે ચારિત્ર લે ઉદાર મન મમતા મૂકી પાલે નીરતી ચાર ।। અષ્ટ કર્મ ખપાવી પામ્યાં કેવળ નાણુ તે મુગતે પોચ્યા દંપતી ચતુર સુજાણુ ।। નાગોરી તપગચ્છ ।। ચંદ્ર કીરતી સુરી રાય ।। શ્રી હરખ કીરતી જપે તાસ પસાય ।।

।। ચોથી ઢાળ સમાપ્ત ।।

।। અથ પાંચમો કલશ ।।

એમ કૃષ્ણપક્ષે શુકલપક્ષે શીયળ પાળ્યાં નીરમળાં ।। જે દંપતિના ભાવ સુધ્ધે સદા સુગુણ સાંભળ્યાં ।। જેમ દુરીય દોહંગ દૂર જાયે સુખ થાયે બહુ પરે ।। વળી સકલ મંગળ જય જયારવ આનંદવર્દ્ધન વિનવે ।।

।। અથ કલશ સમાપ્ત ।।

# અથ શ્રી સોળ સુપનાની સઝાય.

સુપન દેખી પેલડે, ભાંગી છે કલ્પવૃક્ષની ડાલ રે, રાજા સંજમ લેશે નહીં, દુસમ પંચમ કાલ રે, ચંદ્રગુપ્ત રાજા સુણો. ।। ૧ ।। અકાલે સુરજ આથમે, તેનો રચો વીસ્તાર રે; જનમ્યો તે પંચમ કાલમાં, તેને કેવળ જ્ઞાન

નવી હોશે રે, ॥ ચંદ્ર૦ ॥ ૨ ॥ ત્રીજે ચંદ્રમા ચારણી, તેનો સ્યો વિસ્તાર રે; સમાચારી જુઇ જુઇ હોશે, બારે વાટે ધર્મ હોશે રે. ॥ ચંદ્ર૦ ॥ ૩ ॥ ભુત ભુતાદી દિઠા નાચતા, ચોથા સુપનનો વીસ્તાર રે; કુદેવ, કુગુરૂ, કુધર્મની, માન્યતા ઘણેરી હોશે રે. ॥ ચંદ્ર૦ ॥ ૪ ॥ પાંચમે નાગ દીઠો બાર ફેણો, તેનો સ્યો વીસ્તાર રે; વરસ થોડાને આંતરે, હોસે બાર દુકાળ રે. ॥ ચંદ્ર૦ ॥ ૫ ॥ દેવ વીમાન છઠે વર્યા, તેનો સ્યો વીસ્તાર રે; વિદ્યા તે જંઘા ચારણી, લબ્ધી તે વીછેદ હોશે રે. ॥ ચંદ્ર૦ ॥ ૬ ॥ ઉગ્યું તે ઉકરડા મધે, સાતમે કમળ વિમાસે રે, એક નહીં તે સર્વ વાણીયા, જુદા જુદા મત હોશે રે. ॥ ચંદ્ર૦ ॥ ૭ ॥ થાપના થાપશે આપ આપણી, પછે વીરાધીક ઘણા હોશે રે; ઉદ્યોત હોશે જૈન ધર્મનો, વિચે મીથ્યાત્વ ઘોર અંધારૂં રે. ॥ ચંદ્ર૦ ॥ ૮ ॥ સુકા સરોવર દીઠા ત્રણ દિશે, દક્ષિણ દિશે ડોરા પાણી રે; ત્રણ દિશે ધર્મ હોશે નહિ, દક્ષિણ દિશે ધર્મ હોશે રે. ॥ ચંદ્ર૦ ॥ ૯ ॥ સોનાની રે થાળી મધ્યે, કુતરડો ખાવે છે ખીર રે; ઉંચ તણી રે લક્ષ્મી, નીચ તણે ઘેર હોશે રે. ॥ ચંદ્ર૦ ॥ ૧૦ ॥ હાથી માથે રે બેઠો વાંદરો, તેનો સ્યો વીસ્તાર રે; મલેછી રાજા ઉંચા હોશે, અસલી હિન્દુ હેઠા હોશે રે. ॥ ચંદ્ર૦ ॥ ૧૧ ॥ સમુદ્રે મર્યાદા મુકી બારમે, તેનો સ્યો વીસ્તાર રે; શીષ્ય ચેલા ને પુત્ર પુત્રીઓ, નહીં રાખે મર્યાદા લગાર રે. ॥ ચંદ્ર૦ ॥ ૧૨ ॥ રાજકુંવર ચડયો

પોઠીયે, તેનો સ્યો વીસ્તાર રે, ઉંચો તે જૈન ધર્મ છાંડીને, રાજા નીચ ધર્મ આદરશે રે. ॥ ચંદ્ર૦ ॥ ૧૩ ॥ રત્ન ઝાંખા રે દીઠા ચૌદમે, તેનો સ્યો વીસ્તાર રે; ભરત ક્ષેત્રના સાધુ સાધવી, તેને હેત મેળાવા થોડા હોશે રે. ॥ ચંદ્ર૦ ॥ ૧૪ ॥ મહાવ્રતે જુત્યા વાછડા, તેનો સ્યો વીસ્તાર રે; બાળક ધર્મ કરશે સદા, બુઢા પરમાદમાં પડયા રેશે રે. ॥ ચંદ્ર૦ ॥ ૧૫ ॥ હાથી લડે રે માવદ વીના, તેનો સ્યો વીસ્તાર રે; વરસ થોડાને આંતરે, માગ્યા નહી વરસે મેહ રે. ॥ ચંદ્ર૦ ॥ ૧૬ ॥ વ્યહવાર સુત્રની ચુલીકા મધ્યે, ભદ્રબાહુ મુની એમ ભાખે રે, સોળ સુપનનો અર્થ એ સાંભળો, રાય સુધીર રે. ॥ ચંદ્રગુપ્ત ॥ ૧૭ ॥ સંપૂર્ણ. ॥

## અથ શ્રી શાણા નરની સઝાય.

સારા તે નરને શીખામણ છે સેજમાં, જાર ન રમીયે પરનારીની સાથજો; વસંન પડયું તે જાય કદી નહીં જીવતા, હોય કાયા પણ જીવ ન રહે હાથ જો. ॥ ૧ ॥ રાત દીવસ લગે જતન કરે પરનારનું, લાજ ઘટે ને જીવનું જોખમ થાયજો; કાચડી છુટયો લંપટ સહુમાં કહે, કુલ વીશે ખંપણ લાગ્યું કહેવાયજો. ॥ સા૦ ॥ ૨ ॥ દ્રોપદી ઉપર કુડી નજરે ચાલતાં, કયા કંસને માર્યો એક પલમાંય જો; શું સાર પામ્યો તે વલી આ સંસારમાં, જુઓ વીચારી હાથ ન રહ્યું કાંઈજો. ॥ સા૦ ॥ ૩ ॥ કેટલાંક

નરની જીંદગી ભુંડી ગઈ. આ જગતમાં પામ્યા નહીં કાંઈ માનજો; કેટલાક નર તો નરકે પડીયા સાંભલા, તીર્થ તપ વ્રત ખોયું સુકરીત દાનજો. ॥ સા૦ ॥ ૪ ॥ આ જગતમાં રાવણ સરીખો રાજવી, જેને ઘેર છે ચૌદ ચોકડીનું રાજજો; દશ મસ્તક ને વીશ ભુજા ગઈ તેહની, કુટુંબ ખોયું પર નારીને કાજજો. ॥ સા૦ ॥ ૫ ॥ બ્રહ્મા મોહ્યા મોહનીના રૂપને, ચંદ્રમા ઘેર આવ્યા ગોરાણી દુવારજો. ॥ સા૦ ॥ ૬ ॥ હજાર ભગ થયા તે ઇંદ્ર રાયને એવા નર તો સહુ પણ ખરાબજો, હીરવીજય કહે ચતુર પુરૂષ તમે સાંભલો, પર નારી તજતાં નહીં બેસે દામજો, લાજ વધે ને જગમાં જશ પામશો, પ્રભુ રાજી તો પુરણ મલશે રાજજો. ॥ સા૦ ॥ ૭ ॥ સંપૂર્ણ. ॥

## સઝાય.

મારગ વહે રે ઉતાવળો, ઉંડે ઝીણી રે ખેહ, કોઈ કોઈને પડખે નહીં; છોડી જાએ સનેહ. ॥ મા૦ ॥ ૧ ॥ વખતે પંથી જીવ એકલો, ઉતરવો રે ઘાટ; તીહાં રે આપણું કોઈ નહીં, કોણ દેખડાવે વાટ. ॥ મા૦ ॥ ૨ ॥ સંબલ હોએ તો ખાઇએ, નીકર મરીએ રે ભુખ, ત્યારે આપણું કોઈ નહીં, કોને કહીએ રે દુખ. ॥ મા૦ ॥ ૩ ॥ કોઈ ચાલ્યું કોઈ ચાલશે, કોઈ ચાલણહાર, રાત દીવસ વહે વાટડી, ચેતો નહીં રે લગાર. ॥ મા૦ ॥ ૪ ॥ દુખીયાને દેખી વલ-

વલે, તીહાં બેઠા સહુ લોક; તે રે બેઠા ઉઠી ચાલશે, નહીં કોઈ રાખણ જોગ. ॥ મા૦ ॥ ૫ ॥ માત પીતા ઘર હાટડી, મમતા કરવી રે ફોક; પરીગ્રહ્યો સર્વે જગને નડયો, મેલી જાએ સરવે લોક. ॥ મા૦ ॥ ૬ ॥ જે રે વાલા વીના એક ઘડી, સાચું નહીં રે લગાર; તે રે વરસા ચો વહી ગયા, પાછા નહીં સમાચાર. ॥ મા૦ ॥ ૭ ॥ પ્રાણી તો પ્રાણ ઉડયો, ન ગણે વાર તહેવાર; ભદ્રા ભરણી ને જોગણી, સામો નીઘંટ કાલ. ॥ મા૦ ॥ ૮ ॥ પરદેશી પરદેશમાં, ના ગણે આ દી તે મધ્યે, આવ્યા કાગલીયા ઉઠી ચલ્યા, પાછા નહીં સમાચાર. ॥ મા૦ ॥ ૯ ॥ વાડી માંહે એક સુવટો, રૂદીય પંજરમાં બેઠો; જતન કરી જીવને જાળવ્યો, જાતાં કાંઈએ ના દીઠ. ॥ મા૦ ॥ ૧૦ ॥ ગામ ગયું તે આવશે, ને મળશે સહુ લોક; જે રે પ્રાણી પછે ચાલ્યો, તેને મળવું નાહીંએ. ॥ મા૦ ॥ ૧૧ ॥ વએ તે પંથી જીવ એકલો, સાથે પાળા છે ચાર; વળાવા લેજો ધરમના, તો તમે ઉતરસો ભવ પાર. ॥ મા૦ ॥૧૨॥ ભીમ વીજયુદેહી ભવીયણ સાંભલો, સાંભલો સરવે લોક, છકાયની રક્ષા કરો, તો તમે પામશો મોક્ષ. ॥ મા૦ ॥ ૧૩ ॥ ઇતિ ॥ સંપૂર્ણ. ॥

## અથ શ્રી સંસાર સ્વરુપની સઝાય.

મારૂં મારૂં મમ કર જીવ તું, જગમાં તાહરૂં નહી કોય રે; આપ સ્વારથે સહુ મલ્યાં; હૃદય વિચારીને જોય

રે. ॥ મારૂં ॥ ટેક ॥ ૧ ॥ દિન દિન આયુ ઘટે તાહરૂં, જેમ અંજલી જલ હોય રે: ધરમ વેલા ન આવ્યો ઢુંકડો; પછી તારી શી ગતિ હોય રે. ॥ મારૂં મારૂં ॥ ૨ ॥ રમણી શું રંગ રાચી રમે, કાં લેવે બાવલ બાથ રે; તન ધન યૌવન કારમું, તે પણ નાવે તારી સાથ રે. ॥ મારૂં મારૂં ॥ ૩ ॥ એક ઘરે ધવલ મંગલ ગાવે, એક ઘરે રોવે બહુ નાર રે, એક રામા રમે નિજ કંથ શું, એક તજે સકલ શણગાર રે. ॥ મારૂં મારૂં ॥ ૪ ॥ જ્યાં કને સૌ મલી બેસતાં, કરતાં કંઇ લીલ વિલાસ રે, તે રે સાજનીયાં ઉઠી ગયાં, સ્થીર નહીં આ રે આવાસ રે. ॥ મારૂં મારૂં ॥ ૫ ॥ એવું રે સ્વરૂપ સંસારનું, ચેતો ચેતો જીવ ગમાર રે; દશ રે દ્દષ્ટાંતે દોહિલો, ફરી મળબો મનુષ્ય અવતાર રે. ॥ મારૂં મારૂં ॥ ૬ ॥ હરખવિજય કહે ભાવશું, જે ભજે જીનપદ રંગ રે; તે નર નારી વેગાવ રે. મુક્તિ વધુ કેરો પંથ રે. ॥ મારૂં મારૂં ॥ ૭ ॥ ઇતિ ॥ સંપૂર્ણ. ॥

# અથ શ્રી આઠ દષ્ટિની સઝાય.

॥ ઢાળ પહેલી ॥

॥ ચતુર સનેહી મોહના—એ દેશી ॥

શિવ સુખ કારણ ઉપદીશી, યોગતણી અડ દીઠીરે; તે ગુણ શુણી જિનવીરનો, કરશું ધર્મની પુઠીરે, ॥ વીર જિનેસર દેશના૦ ॥ ૧ ॥ સઘન અઘન દિનરયણિમાં, બાલ-

વિકલને અનેરારે; અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરારે ॥ વીર૦ ॥ ૨ ॥ દર્શન જે થયાં જુજુઆં, તે ઓઘ નજરને ફેરેરે; ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દ્રષ્ટિને હેરેરે ॥ વીર૦ ॥ ૩ ॥ દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે; હિત કરી જનને સંજીવિની, ચારો તેહ ચરાવેરે ॥ વીર૦ ॥ ૪ ॥ દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાજેરે; રયણિ શયન જેમ શ્રમહરે, સુરનર સુખ તેમ છાજેરે ॥ વીર૦ ॥ ૫ ॥ એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દ્રષ્ટિ હવે કહીએરે; જિહાં મિત્રા તિહાં બોધજે, તે તૃણ અગનિસો લહીએરે ॥ વીર૦ ॥ ૬ ॥ વ્રત પણ ઇહાં યમ સંપજે, ખેદ નહીં શુભ કાજેરે; દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજેરે ॥ વીર૦ ॥ ૭ ॥ યોગનાં બીજ ઈહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામોરે; ભાવાચારજ સેવના, ભવ ઉદ્વેગસુ ઠામોરે ॥ વીર૦ ॥ ૮ ॥ દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાનેરે; આદર આગમ આસરી, લિખનાદિક બહુમાનેરે ॥ વીર૦ ॥ ૯ ॥ લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદગ્રાહોરે; ભાવ વિસ્તાર સઝાયથી, ચિંતન ભાવના ચાહોરે ॥ વીર૦ ॥ ૧૦ ॥ બીજ કથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહરે; એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહરે ॥ વીર૦ ॥ ૧૧ ॥ સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહોરે; યોગ ક્રિયા ફળ ભેદથી ત્રિવિધ અવંચક એહોરે ॥ વીર૦ ॥ ૧૨ ॥ ચાહે ચકોર તે

ચંદ્રને, મધુકર માલતી ભોગીરે, તેમ ભવિ સહજ ગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગીરે ॥ વીર૦ ॥ ૧૩ ॥ એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમા વર્ત્તેરે, સાધુને સિદ્ધ દશાસમું, બીજનું ચિત્ત પ્રવર્ત્તેરે ॥ વીર૦ ॥ ૧૪ ॥ કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે; મુખ્યપણે તે ઇહાં હોયે, સુયશ વિલાસનું ટાણું રે ॥ વીર૦ ॥ ૧૫ ॥

॥ ઢાળ બીજી ॥

દર્શન તારા દૃષ્ટિમાં—મન મોહન મેરે. ગોમય અગ્નિ સમાન ॥ મ૦ ॥ શૌચ સંતોષને તપ ભલું ॥ મ૦ ॥ સઝાય ઇશ્વર ધ્યાન ॥ મ૦ ॥ ૧ ॥ નિયમ પંચ ઈહાં સંપજે ॥ મ૦ ॥ નહીં કિરિઆ ઉદ્વેગ ॥ મ૦ ॥ જિજ્ઞાસા ગુણતત્ત્વની ॥ મ૦ ॥ પણ નહીં નિજ હઠ ટેગ ॥ મ૦ ॥ ૨ ॥ એહ દ્રષ્ટિ વરતતાં ॥ મ૦ ॥ યોગ કથા બહુ પ્રેમ ॥ મ૦ ॥ અનુચિત તેહ ન આચરે ॥ મ૦ ॥ વાળ્યો વળે જેમ હેમ ॥ મ૦ ॥ ૩ ॥ વિનય અધિક ગુણીનો કરે ॥ મ૦ ॥ દેખે નિજગુણ હાણ ॥ મ૦ ॥ ત્રાસ ધરે ભવભયથકી ॥ મ૦ ॥ ભવમાને દુઃખખાણ ॥ મ૦ ॥૪॥ શાસ્ત્ર ઘણાં મતિ થોડલી ॥ મ૦ ॥ શિષ્ટ કહે તે પ્રમાણ ॥ મ૦ ॥ સુયશ લહે એ ભાવથી ॥ મ૦ ॥ ન કરે જુઠ ડફાણ ॥ મ૦ ॥૫॥

॥ ઢાળ ત્રીજી ॥

॥ પ્રથમ ગોવાલાતણે ભવે જીરે ॥ એ દેશી ॥

ત્રીજી દૃષ્ટિ બલા કહીજી, કાષ્ઠ અગ્નિ સમબોધ; ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણ સમીહા સોધરે. જિનજી ॥

ધનધન તુજ ઉપદેશ ॥ ૧ ॥ તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત; સાંભળવા તેમ તત્વનેજી; એ દ્રષ્ટિ સુવિનીતરે, જિનજી; ॥ ધન૦ ॥ ૨ ॥ સરીએ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુતથલ કુપ; શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપરે; જિન૦ ॥ ધન૦ ॥ ૩ ॥ મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન; તે ઈચ્છા વિણ ગુણ કથાજી, બેહેરા આગલ ગાનરે. જિન૦ ॥ ધન૦ ॥ ૪ ॥ વિઘન ઇહાં પ્રાયેં નહીંજી, ધર્મ હેતુમાં કોય; અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોયરે. જિન૦ ॥ ધન૦ ॥૫॥

॥ ઢાળ ચોથી ॥

॥ ઝાંઝરીઆ મુનિવર ધનધન તુમ અવતાર ॥ એ દેશી ॥

યોગ દ્રષ્ટિ ચોથી કહીજી, દીપ્રા તિહાં ન ઉત્થાન; પ્રાણાયામ તે ભાવથીજી, દીપ પ્રભાસમ જ્ઞાન; મનમોહન જિનજી; ॥ મીઠી તાહરી વાણ ॥ ૧ ॥ બાહ્ય ભાવ રેચક ઇહાંજી, પૂરવ અંતર ભાવ; કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ ॥ મન૦ ॥ ૨ ॥ ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી, છાંડે પણ નહીં ધર્મ; પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દ્રષ્ટિનો મર્મ ॥ મન૦ ॥ ૩ ॥ તત્ત્વ શ્રવણ મધુરોદકેંજી, ઇહાં હોયે બીજ પ્રરોહ; ખાર ઉદક સમ ભવત્યજેજી, ગુરુ ભગતિ અદ્રોહ ॥ મન૦ ॥ ૪ ॥ સૂક્ષ્મબોધ તો પણ ઇહાંજી, સમકિત વિણ નવિ હોય; વેદ્ય સંવેદ્ય પદેં કહ્યોજી, તે ન અવેદ્યે જોય ॥ મન૦ ॥ ૫ ॥ વેદ્ય બાંધ શિવ હેતુ

છેજી; સંવેદન તસ નાણ; નયનિક્ષેપેં અતિ ભલુંજી, વેદ્ય સંવેધ્ય પ્રમાણ ॥ મન૦ ॥૬॥ તે પદ ગ્રંથિ વિભેદથીજી, છેહલી પાપ પ્રવૃત્તિ; તપ્તલોહ પદ ધૃતિ સમીજી, તિહાં હોય અંત નિવૃત્તિ ॥ મન૦ ॥ ૭ ॥ એહ થકી વિપરીત છેજી, પદ તે અવેદ્ય સંવેદ્ય; ભવાભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય ॥ મન૦ ॥ ૮ ॥ લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ; ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ ॥ મન૦ ॥ ૯ ॥ એવા અવગુણવંતનુંજી, પદ છે અવેદ્ય કઠોર; સાધુ સંગ આગમતણોજી, તે જીત્તે ધરિ જોર ॥ મન૦ ॥ ૧૦ ॥ તે જીતે સહજેં ટળેજી, વિષમ કુતર્ક પ્રકાર; દૂર નિકટ હાથી હણેજી, જેમ એ બઠર વિચાર ॥ મન૦ ॥ ૧૧ ॥ હું પામ્યો સંશય નહીંજી, મૂરખ કરે એ વિચાર; આળસુઆ ગુરુ શિષ્યનોજી, તે તો વચન પ્રકાર ॥ મન૦ ॥ ૧૨ ॥ દવીજે તે પતિ આવવુંજી, આપમતેં અનુમાન; આગમને અનુમાનથીજી, સાચું લહે સુજ્ઞાન ॥ મન૦ ॥ ૧૩ ॥ નહીં સર્વજ્ઞ તે જુજુઆજી, તેહના જે વળી દાસ; ભગતિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ ॥ મન૦ ॥ ૧૪ ॥ દેવ સંસારી અનેક છેજી, તેહની ભક્તિ વિચિત્ર; એક રાગપર દ્વેષથીજી, એક મુગતિની અચિત્ર ॥ મન૦ ॥ ૧૫ ॥ ઇંદ્રિયાર્થગત બુદ્ધિછેજી, જ્ઞાન છે આગમ હેત; અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તેણે ફલ ભેદ સંકેત ॥ મન૦ ॥ ૧૬ ॥ આદર કિરિયા રતિ ઘણીજી, વિઘન ટળે મિલે લચ્છિ; જિજ્ઞાસા

બુદ્ધ સેવનાજી, શુભકૃતિ ચિન્હ પ્રત્યક્ષ ॥ મન૦ ॥ ૧૭ ॥ બુદ્ધિ ક્રિયા ભવફલ દીએજી, જ્ઞાન ક્રિયા શિવ અંગ; અસંમોહ કિરિઆ દિયેજી, શીઘ્ર મુગતિફલ ચંગ ॥ મન૦ ॥ ૧૮ ॥ પુદ્‌ગલ રચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન; એક માર્ગ તે શિવ તણોજી, ભેદ લહે જગદીન. ॥ મન૦ ॥ ૧૯ ॥ શિષ્ય ભણી જિન દેશનાજી, કહે જન પરિણુતિ ભિન્ન; કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન. ॥ મન૦ ॥ ૨૦ ॥ શબ્દ ભેદ ઝઘડો કિશ્યોજી, પરમારથ જો એક; કહો ગંગા કહો સુર નદીજી, વસ્તુ ફરે નહીં છેક. ॥ મન૦ ॥ ૨૧ ॥ ધર્મ ક્ષમાદિક પણ મટેજી, પ્રગટે ધર્મ સન્યાસ, તો ઝઘડા ઝાંટા તણોજી, મુનિને કવણુ અભ્યાસ. ॥ મન૦ ॥ ૨૨ ॥ અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહી જેણે દૃષ્ટિ; તે લેશે હવે પંચમીજી, સુયશ અમૃત ઘનવૃષ્ટિ. ॥ મન૦ ॥ ૨૩ ॥

॥ ઢાળ પાંચમી ॥

॥ ધન ધન સંપ્રતિ સાચો રાજા ॥ એ દેશી ॥

દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે, રતન પ્રભા સમ જાણોરે; ભ્રાંતિ નહિ વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણોરે. ॥ ૧ ॥ એ ગુણ વીરતણો ન વિસારૂં, સંભારૂં દિનરાતરે; પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાતરે. ॥ એ ગુણ૦ ॥ ૨ ॥ બાલ ધુલિ ઘર લીલા સરખી, ભવ

ચેષ્ટા ઈંહાં ભાસેરે; રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટ મહા સિદ્ધિ પાસેરે. ॥ એ ગુણ૦ ॥ ૩ ॥ વિષય વિકારે ન ઈંદ્રિય જોડે, તે ઈહાં પ્રત્યાહારોરે; કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારોરે. ॥ એ ગુણ૦ ॥ ૪ ॥ શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનનેરે; ધર્મ જનિત પણ ભોગ ઈહાં તેમ, લાગે અનિષ્ટ તે મનનેરે. ॥ એ ગુણ૦ ॥ ૫ ॥ અંશે હોય ઈંહાં અવિનાશી, પુદ્ગલ જાળ તમાસીરે; ચિદાનંદઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આશીરે. ॥ એ ગુણ૦ ॥ ૬ ॥

॥ ઢાળ છઠ્ઠી ॥

॥ ભોલીડા હંસારે વિષય ન રાચીએ ॥ એ દેશી ॥

અચપલ રોગરહિત નિઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ; ગંધ તે સારોરે કાન્તિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ. ॥ ૧ ॥ ધન ધન શાસન શ્રી જિનવરતણું, ધીર પ્રભાવીરે આગલેં યોગથી, મિત્રાદિક યુત ચિત્ત; લાભ ઇષ્ટનોરે દ્વંદ્વ અધૃષ્યતા, જન પ્રિયતા હોય નિત્ય. ॥ ધન૦ ॥ ૨ ॥ નાશ દોષનોરે તૃપ્તિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ; નાશ વયરનોરે બુદ્ધિ ઋતંભરા, એ નિષ્પન્નહ યોગ. ॥ ધન૦ ॥ ૩ ॥ ચિન્હ યોગનારે જે પરગ્રંથમાં, યોગાચારય દિઠ; પંચમ દૃષ્ટિ થકી તે જોડીએ, એહવા તેહ ગરિઠ્ઠ. ॥ ધન૦ ॥ ૪ ॥ છઠ્ઠી દિઠ્ઠિરે હવે કાંતા કહુ, તિહાં તારાભ પ્રકાશ; તત્ત્વ મિમાંસારે દ્રઢ હોયે ધારણા, નહી

અન્ય શ્રુત વાસ. ॥ ધન૦ ॥ ૫ ॥ મન મહિલાનુંરે વાહલા ઉપરે, બીજાં કામ કરંત; તેમ શ્રુતધર્મેરે એહમાં મન ધરે, જ્ઞાનાક્ષેપકવંત. ॥ ધન૦ ॥ ૬ ॥ એહવે જ્ઞાનેરે વિઘન નિવારણા, ભોગ નહિ ભવહેત; નવી ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત. ॥ ધન૦ ॥ ૭ ॥ માયા પાણીરે જાણી તેહને, લંઘી જાય અડોલ; સાચું જાણીરે તે બીતો રહે, ન ચલે ડામાડોલ. ॥ ધન૦ ॥ ૮ ॥ ભોગ તત્વનેરે એમ ભય નવિ ટળે, જુઠા જાણેરે ભોગ; તે એ દૃષ્ટિરે ભવ સાયર તરે, લહે વળી સુયશ સંયોગ. ॥ ધન૦ ॥ ૯ ॥

॥ ઢાળ સાતમો ॥

॥ એ છિંડી કિહાં રાખી ॥ એ દેશી ॥

અર્ક પ્રભાસમ બોધ પ્રભામાં, ધ્યાન પ્રીયાએ દિઠ્ઠી; તત્ત્વ તણી પ્રતિપ્રત્તિ ઇહાં વળી, રોગનહી સુખપુઠ્ઠીરે. ॥ ॥ ભવિકા વીર વચન ચિત્ત ધરીએ. ॥ ૧ ॥ સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ; એ દ્રષ્ટેં આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહિએરે. ॥ ભ૦ ॥ ૨ ॥ નાગર સુખ પામર નવ જાણે, વલ્લભ સુખ ન કુમારી; અનુભવ વણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારીરે. ॥ ભ૦ ॥ ૩ ॥ એહ દૃષ્ટિમાં નિર્મળ બોધ, ધ્યાન સદા હોય સાચું; દુષણ રહિત નિરંતર જ્યોતિ, રતન તે દીપે જાચુંરે. ॥ ભ૦ ॥ ૪ ॥ વિષ ભાગ ક્ષય શાંત વાહિતા, શિવ મારગ ધ્રુવનામ; કહે અસંગ ક્રિયા ઈહાં યોગી, વિમલ સુયશ પરિણામરે. ॥ ભ૦ ॥ ૫ ॥

॥ ઢાળ આઠમી ॥

॥ તુજ સાથે નહિ બોલું મારા વહાલા ॥ એ દેશી ॥

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી; આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિસમ બોધ વખાણુંજી. નિરતી ચાર પદ એહમાં યોગી, કહિયે નહી અતિચારીજી; આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારીજી. ॥ ૧ ॥ ચંદન ગંધ સમાન ક્ષમા ઇહાં, વાસકને, નગવેષેજી; આસંગે વરજિત વળી એહમાં, કિરિયા નિજગુણ લેખેજી. શિક્ષાથી જેમ રતન નિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એહોજી; તાસ નિયોગે કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહોજી. ॥ ૨ ॥ ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગીજી; પર ઉપગાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગીજી. સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહાજી; સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહાજી. ॥ ૩ ॥ એ અડદિઠ્ઠી કહી સંક્ષેપે, યોગ શાસ્ત્ર સંકેતેજી, કુલ યોગીને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતેજી. યોગી કુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલ યોગીજી; અદ્વેષી ગુરૂદેવ દ્વિજપ્રિય, દયાવંત ઉપયોગીજી. ॥ ૪ ॥ શુશ્રુષાદિક અડગુણ સંપુરણ, પ્રવૃત્ત ચક્ર તે કહિયેજી; યમદ્વય લાભી પરદુગ અર્થિ, આદ્ય અવંચક લહીયેજી. ચાર અહિંસાદિક યમ ઇચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિ નામેજી; શુદ્ધ રૂચે પાલે અતિચારહ, ટાલે ફળ પરિણામેજી. ॥ ૫ ॥

॥ ૫ ॥ કુલ યોગીને પ્રવૃત્ત ચક્રને, શ્રવણ શુદ્ધિ પક્ષ-પાતજી; યોગ દૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહી એ વાતજી શુદ્ધ ભાવને સુનિ કિરિયા, બેહુમાં અંતર કેતોજી; જલ-હલતો સુરજને ખજુઓ, તાસ તેજમાં તેતોજી. ॥ ૬ ॥ શુદ્ધ ભાવ એ તેહને કહિએ, જેહસુ અંતર ભાંજેજી; જેહસું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજેજી. યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી; ખમશે તે પંડિત પરખદમાં, મુષ્ટિ પ્રહારને લાતોજી. ॥ ૭ ॥ સભાત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદી સૂત્રે દિસેજી; તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી. લોક પુરયો નિજનિજ ઈચ્છા, યોગભાવ ગુણરયણેજી; શ્રી નયવિજય વિબુધ પય-સેવક, વાચક યશને વયણેજી. ॥ ૮ ॥

---

# અથ શ્રી ગૌતમસ્વામીનો રાસ.

॥ ઢાળ ૧ લી ભાષા ॥

વીર જિણેસર ચરણ કમલ, કમલાકયવાસો । પણ-મવિ પભણિશું સામિસાલ, ગોયમગુરૂરાસો ॥ [1]મણ તણુ વયણ એકંત કરવી, નિસુણો ભો ભવિયા । જિમ નિવસે તુમ્હ દેહ ગેહ, ગુણગણ ગહગહીયા ॥ ૧ ॥ જંબૂદ્વીવ સિરિભરહ ખિત્ત, ખોણીતલ મંડણ । મગધ દેસ સેણિય નરેસ, રિઉદલબલ ખંડણ ॥ ધણુવર ગુબ્બર ગામ નામ,

---

૧ મન, શરીર અને વચન સ્થિર કરીને.

જિહાં ગુણગણ સજ્જા। વિપ્પ વસે વસુભૂઇ તથ્થ, જસુ પુહવી[1] ભજ્જા ॥ ૨ ॥ તાણ પુત્ત સિરિ ઇંદભૂઇ, ભૂવલય પસિદ્ધો। ચઉદહ વિજ્જા વિવિહ રૂવ, નારી રસ વિદ્ધો (લુદ્ધો) ॥ વિનય વિવેક વિચાર સાર, ગુણગણહ મનોહર। સાત હાથ સુપ્રમાણ દેહ, રૂપહિ [2]રંભાવર ॥ ૩ ॥ નયણ વયણ કર ચરણ, જિણવિ [3]પંકજ જળે પાડિય। તેજે તારા ચંદ સૂર, આકાશ ભમાડિય ॥ રૂવે મયણ અનંગ કરવી, મેલ્હિઓ નિરધાડિય। ધીરમેં મેરૂ ગંભીર સિંધુ, ચંગમચયચાડિય ॥ ૪ ॥ પેખવિ નિરૂવમ રૂવ જાસ, જણ જંપે કિંચિય। એકાકી કલિ ભીત ઇથ્થ, ગુણ મેહલ્યા સંચિય ॥ અહવા નિશ્ચે પુવ્વ જમ્મ, જિણવર ઈણિ અંચિય। રંભા પઉમા ગૌરી ગંગ, રતિ હા વિધિ વંચિય ॥ ૫ ॥ નહિ બુધ નહિ ગુરૂ કવિ ન કોઇ, જસુ આગલ રહિઓ। પંચસયા ગુણપાત્ર છાત્ર, હીંડે પરવરિઓ ॥ કરે નિરંતર યજ્ઞકર્મ, મિથ્યામતિ મોહિય। ઈણ છળ હોશે ચરમ નાણ, દંસણહ વિસોહિય ॥ ૬ ॥ વસ્તુ છંદ ॥ જંબૂ દ્વીવહ, જંબૂદ્વીવહ, ભરહવાસંમિ ॥ ખોણીતલમંડણ મગધ દેસ, સેણિય નરેસર। વર ગુબ્બર ગામ તિહાં, વિપ્પ વસે વસુભૂઇ સુંદર ॥ તસુ ભજ્જા પુહવિ સયલ, ગુણગણ રૂવ નિહાણ। તાણ પુત્ત વિજ્જાનિલઓ, ગોયમ અતિહિ સુજાણ ॥ ૭ ॥

---

૧ પૃથ્વી ભાર્યા. ૨ કામદેવ. ૩ કમળ.

॥ ઢાળ ૨ જી ભાષા ॥

ચરમ જિણેસર કેવલનાણી, ચઉવ્વિહ સંઘ પઈઠ્ઠા જાણી ॥ પાવાપુરી સ્વામી સંપત્તો, ચઉવ્વિહ દેવનિકાયહિ જુત્તો ॥ ૮ ॥ દેવે સમવસરણ તિહાં કીજે, જિણ દીઠે મિથ્યામતિ ખીજે ॥ ત્રિભુવનગુરૂ સિંહાસન બઈઠ્ઠા, તતખિણ મોહ દિગંતે પઈઠ્ઠા ॥ ૯ ॥ ક્રોધ માન માયા મદ પૂરા, જાયે નાઠા જિમ દિન ચૌરા ॥ દેવ દુંદુહિ આકાશે વાજે, ધર્મ નરેસર આવ્યા ગાજે ॥ ૧૦ ॥ કુસુમવૃષ્ટિ વિરચે તિહાં દેવા, ચોસઠ ઇંદ્ર જસુ માગે સેવા ॥ ચામર છત્ર શિરોવરિ સોહે, રૂપેહિ જિણવર જગ સહુ મોહે ॥ ૧૧ ॥ ઉવસમ રસભર ભરી વરસંતા, જોજન વાણી વખાણ કરંતા ॥ જાણવિ વદ્ધમાણ જિણ પાયા, સુર નર કિન્નર આવે રાયા ॥ ૧૨ ॥ કાંતિ સમૂહે ઝલઝલકંતા, ગયણ વિમાણે રણરણકંતા ॥ પેખવિ ઇંદભૂઈ મન ચિંતે, સુર આવે અમ્હ યજ્ઞ હોવંતે ॥ ૧૩ ॥ તીર તરંડક જિમ તે વહતા, સમવસરણ પુહતા ગહગહતા ॥ તો અભિમાને ગોયમ જંપે, ઇણ અવસરે કોપે તણુ કંપે ॥ ૧૪ ॥ મૂઢ લોક અજાણીઉં બોલે; સુર જાણંતા ઈમ કાંઇ ડોલે । મૂ આગળ કો જાણ ભણીજે; મેરૂ અવર કિમ ઉપમા દીજે ॥ ૧૫ ॥ વસ્તુછંદ ॥ વીર જિણવર વીર જિણવર નાણ સંપન્ન ॥ પાવાપુરી સુરમહિય પત્તનાહ સંસાર તારણ । તિહિં દેવેહિ નિમ્મવિય સમવસરણ બહુ સુખકારણ ॥

જિણવર જગ ઉજ્જોય કરે; તેજે કરી દિનકાર। સિંહાસણે સામિય ઠવ્યો, હુઓ સુજયજયકાર ॥ ૧૬ ॥

॥ ઢાળ ત્રીજી ભાષા ॥

તવ ચઢિઓ ઘણ માનગજે; ઇંદ્રભૂઇ ભૂદેવ તો। હુંકારો કરી સંચરિઓ; કવણ સુ જિણવર દેવ તો ॥ જોજન ભૂમિ સમોસરણ; પેખે પ્રથમારંભ તો। દહ દિસિ દેખે [1]વિબુધ વધુ; આવંતી સુરરંભ તો ॥ ૧૭ ॥ મણિમય તોરણ દંડ ધજા, કોસીસે નવ ઘાટ તો। વૈર વિવર્જિત જંતુગણ; પ્રાતિહારજ આઠ તો ॥ સુર નર કિન્નર અસુર વર; ઇંદ્ર ઇંદ્રાણી રાય તો। ચિત્તે ચમક્કિય ચિંતવે એ; સેવંતા પ્રભુપાય તો ॥ ૧૮ ॥ સહસકિરણ સમ વીર જિણ; પેખવી રૂપ વિશાળ તો। એહ અસંભવ સંભવે એ; સાચો એ ઇંદ્રજાળ તો ॥ તો બોલાવે ત્રિજગગુરૂ; ઇંદભૂઇ નામેણ તો। શ્રીમુખ સંશય સામિ સવે; ફેડે વેદપએણ[2] તો ॥૧૯॥ માન મેલ્હી મદ ઠેલી કરી; ભગતે નામે સીસ તો। પંચ સયાશું વ્રત લીયો એ; ગોયમ પહિલો સીસ તો ॥ બંધવ સંજમ સુણવી કરી; અગનિભૂઈ આવેઇ તો। નામ લેઈ આભાષ કરે; તે પણ પ્રતિબોધેઈ તો ॥૨૦॥ ઈણિ અનુક્રમે ગણહર રયણ, થાપ્યા વીર અગ્યાર તો। તવ ઉપદેશે ભુવનગુરૂ, સંજમશું વ્રત બાર તો ॥ બિહું ઉપવાસે પારણું એ, આપણપે વિહરંત તો। ગોયમ

---

૧ દેવપત્ની–દેવીઓ, ૨ વેદપદથી

સંજમ જગ સચલ, જયજયકાર કરંત તો ॥ ૨૧ ॥ વસ્તુ છંદ ॥ ઇંદભૂઇઅ ઇંદભૂઇઅ, ચઢિય બહુમાન ॥ હુંકારો કરી સંચરિઓ, સમવસરણ પુહતો તુરંત। ઈહ સંસા સામિ સવે, ચરમ [1]નાહ ફેડે પુરંત ॥ બોધિબીજ સ-જઝાય મને, ગોયમ ભવહ [2]વિરત્ત દિખ્ખ લેઇ સિખ્ખા સહિય, ગણહર [3]પય સંપત્ત ॥ ૨૨ ॥

( ઢાળ ૪ થી-ભાષા. )

આજ હુઓ સુવિહાણુ, આજ પચેલિમાં પુણ્ય ભરો। દીઠા ગોયમસામિ, જો નિય નયણે અમિય ભરો ॥ સિરિ ગોયમ ગણહાર, પંચસયા મુનિપરિવરિય । ભૂમિય કરય વિહાર, ભવિયાં જણ પડિબોહ કરે ॥ સમવસરણ મઝાર, જે જે સંસા ઉપજે એ । તે તે પર ઉપગાર, કારણ પૂછે મુનિપવરો ॥ ૨૩ ॥ જિહાં જિહાં દીજે દિખ્ખ, તિહાં કેવલ ઉપજે એ । આપ કન્હે અણહુંત, ગોયમ દીજે દાન ઈમ ॥ ગુરૂ ઉપર ગુરૂભત્તિ, સામિય ગોયમ ઉપનીય । ઇણ છલ કેવલનાણુ, રાગજ રાખે રંગભરે ॥ ૨૪ ॥ જો અષ્ટાપદ શૈલ, વંદે ચઢી ચઉવીશ જિણ। આતમલબ્ધિ વસેણ, ચરમ સરીરી સોઈ મુનિ ॥ ઇઅ દેસણ નિસુણેઈ, ગોયમ ગણહર સંચલિઓ । તાપસ પન્નરસએણ, તો મુનિ દીઠો આવતો એ ॥ ૨૬ ॥ તવ સોસિય નિય અંગ, અમ્હ શકિત નવિ ઉપજે એ। કિમ ચઢશે દ્રઢકાય, ગજ

---

૧ છેલ્લા તીર્થંકર. ૨ ભવ સંસારથી વિરક્ત. ૩ પદ.

જિમ દિસે ગાજતો એ ॥ ગિરૂઓ એણે અભિમાન, તાપસ જો મન ચિંતવે એ । તો મુનિ ચઢીયો વેગ, આલંબવિ [1]દિનકર કિરણ ॥ ૨૬ ॥ કંચણ મણિ નિપ્પન્ન, દંડ કલસ ધજ વડ સહિય । પેખવિ પરમાણંદ, જિણહર ભરહેસર મહિય ॥ નિય નિય કાય પ્રમાણ, ચઉદિસિ સંઠિઅ જિણહ બિંબ । પણમવિ મન ઉલ્લાસ, ગોયમ ગણહર તિહાં વસિય ॥ ૨૭ ॥ વયર સ્વામીનો જીવ, તિર્યંક જાંભક દેવ તિહાં । પ્રતિબોધે પુંડરીક, કંડરીક અધ્યયન ભણી ॥ વળતા ગોયમસામી, સવિ તાપસ પ્રતિ-બોધ કરે । લેઈ આપણે સાથ, ચાલે જેમ જુથાધિપતિ[2] ॥ ૨૮ ॥ ખીર ખાંડ ઘૃત આણી, અમિઅ વુઠ અંગુઠ ઠવે । ગોયમ એકણ પાત્ર, કરાવે પારણું સવે ॥ પંચસયા શુભ ભાવ, ઉજ્વળ ભરિયો ખીર મીસે । સાચા ગુરૂ સંજોગ, કેવળ તે કેવળરૂપ હુઓ ॥ ૨૯ ॥ પંચસયા [3]જિણનાહ, સમવસરણ પ્રાકાર [4]ત્રય । પેખવિ કેવલનાણ, ઉપન્નું ઉજ્જોય કરે ॥ જાણે જણવિ પીયુષ, ગાજંતી ઘણ મેઘ જિમ । જિણવાણી નિસુણેઇ, નાણી હુઆ પંચસયા ॥૩૦॥

વસ્તુછંદ ॥ ઇણે અનુક્રમે, ઇણે અનુક્રમે, નાણસંપન્ન ॥ પન્નરહ સય પરિવરિય, હરિય દુરિય જિણનાહ વંદઇ । જાણવિ જગ-ગુરૂ વયણ, તિહ નાણ અપ્પાણ નિંદઇ ॥ ચરમ જિણેસર ઇમ ભણઇ, ગોયમ મ કરિસ ખેઉ । છેહ જઈ આપણ સહી, હોસું તુલ્લા બેઉ ॥ ૩૧ ॥

---

૧ સૂર્ય. ૨ યુથ–ટોળાનો સ્વામી. ૩ જિનનાથ. ૪ ત્રણ ગઢ.

( ઢાળ ૫ મી–ભાષા )

સામિઓ એ વીર જિણંદ, પુનિમચંદ જિમ ઉલ્લસિઅ । વિહરિઓ એ ભરહવાસમ્મિ, વરિસ બહોંતેર સંવસિઅ ।। ઠવતો એ કણુય[1] પઉમેસુ, પાયકમળ સંઘહિ સહિઅ । આવીઓ એ નયણાણંદ, નયર પાવાપુરી સુરમહિય ।। ૩૨ ।। પેખિઓ એ ગોયમસામી, દેવશર્મા પ્રતિબોધ કરે । આપણુ એ ત્રિશલા દેવી–નંદન પહોતો [2]પરમપએ ।। વળતાં એ દેવ આકાશ, પેખવિ જાણિય જિણુ સમે એ ।। તો મુનિ એ મન વિખવાદ, નાદ ભેદ જિમ ઉપનો એ ।। ૩૩ ।। કુણુ સમો એ સામિય દેખી, આપ કન્હે હું ટાલિઓ એ । જાણંતો એ તિહુઅણુ નાહ, લોક વિવહાર ન પાલિઓએ ।। અતિ ભલું એ કીધલું સામિ, જાણીયું કેવલ માગશે એ । ચિંતવીયુ એ બાળક જેમ, અહવા કેડે લાગશે એ ।। ૩૪ ।। હું કિમ એ વીર જિણંદ, ભગતે ભોળો ભોળવ્યો એ । આપણો એ અવિહડ નેહ, નહિ ન સંપે સાચવ્યો એ ।। સાચો એ તુહીં વીતરાગ, નેહ ન જેણે લાલિઓ એ । ઈણુ સમે એ ગોયમ ચિત્ત, રાગ વૈરાગે વાળિઓ એ ।। ૩૫ ।। આવતું એ જે ઉલટ્ટ, રહેતું રાગે સાહિઉં એ । કેવલ એ નાણુ ઉપ્પન્ન, ગોયમ સહેજે ઉમ્માહિઓ એ ।। તિહુઅણુ એ જય જયકાર, કેવલમહિમા સુર કરે એ । ગણુહર એ કરય વખાણુ,

---

૧ સુવર્ણ કમળ. ૨ મોક્ષે.

ભવિયણ ભવ ઇમ નિસ્તરે એ ॥ ૩૬ ॥ વસ્તુ છંદ ॥ પઢમ ગણહર પઢમ ગણહર વરિસ પચાસ ॥ ગિહિવાસે સંવસિય, તીસ વરિસ સંજમ વિભૂસિય । સિરિ કેવલનાણ પુણ, બાર વરિસ તિહુયણ નમંસિય ॥ રાયગિહિ નયરીહિં ઠવિઅ, બાણું વય વરિસાઉ । સામી ગોયમ ગુણનિલો, હોશે શિવપુર ઠાઉ ॥ ૩૭ ॥

( ઢાળ ૬ ટ્ઠી-ભાષા. )

જિમ સહકારે[૧] કોયલ ટહુકે, જિમ કુસુમહ વને પરિમલ મહકે, જિમ ચંદન સુગંધનિધિ ॥ જિમ ગંગાજળ લહેરે લહકે, જિણ કણયાચલ તેજે ઝલકે, તિમ ગોયમ સૌભાગ્ય નિધિ ॥ ૩૮ ॥ જિમ માનસરોવર નિવસે હંસા, જિમ સુરવર સિરિ કણયવતંસા, જિમ મહુયર[૨] રાજીવ[૩] વને ॥ જિમ રયણાયર[૪] રયણે વિલસે; જિમ અંબર તારાગણ વિકસે, તિમ ગોયમ ગુણ કેલિવને ॥૩૯॥ પુનમ નિશિ જિમ શશિહર[૫] સોહે, સુરતરૂ મહિમા જિમ જગ મોહે, પૂરવ દિસિ જિમ સહસકરો[૬] ॥ પંચાનન[૭] જિમ ગિરિવર રાજે, નરવઈ ઘર જિમ મયગલ[૮] ગાજે, તિમ જિનશાસન મુનિપવરો ॥ ૪૦ ॥ જિમ સુરતરૂવર સોહે શાખા, જિમ ઉત્તમ મુખ મધુરી ભાષા, જિમ વન કેતકી મહમહે એ ॥ જિમ ભૂમિપતિ ભુયબલ ચમકે,

---

૧ આંબે. ૨ ભમરો. ૩ કમળ. ૪ સમુદ્ર. ૫ ચંદ્ર. ૬ સૂરજ. ૭ સિંહ. ૮ હાથી.

જિમ જિનમંદિર ઘંટા રણુકે, તિમ ગોયમ લબ્ધે ગહ-ગહે એ ॥ ૪૧ ॥ ચિંતામણિ કર ચઢીઓ આજ, સુરતરૂ સારે વંછિત કાજ, કામ કુંભ સવિ વશ હુઆ એ ॥ [1]કામ-ગવી પૂરે મનકામિય, અષ્ટ મહાસિદ્ધિ આવે ધામિય, સામિય ગોયમ અણુસરો એ ॥ ૪૨ ॥ પણવઅખ્ખર[2] પહેલો પભણીજે, [3]માયાબીજ શ્રવણ નિસુણીજે, શ્રીમતી શોભા સંભવે એ ॥ દેવહ ધૂરિ અરિહંત નમીજે, વિનય પહુ ઉવજ્ઝાય થુણીજે, ઇણ મંત્રે ગોયમ નમો એ ॥ ૪૩ ॥ પુર પુર વસતાં કાંઈ કરીજે; દેશ દેશાંતર કાંઇ ભમીજે, કવણ કાજ આયાસ[4] કરો ॥ પ્રહ ઉઠી ગોયમ સમરીજે, કાજ સમગ્ગહ તતખણ સીઝે, નવનિધિ વિલસે તાસ ઘરે ॥ ૪૪ ॥ ચઉદહ સય બારોત્તર વરસે, ગોયમ ગણહર કેવલ દિવસે, કિઉં કવિત્ત ઉપગાર પરો ॥ આદેહિ મંગલ એહ પભણીજે, પરવ મહોચ્છવ પહિલો લીજે, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો ॥ ૪૫ ॥ ધન્ય માતા જિણે ઉદરે ધરીયા, ધન્ય પિતા જિણ કુલ અવતરીયા, ધન્ય સહગુરૂ જિણે દિખિયાએ ॥ વિનયવંત વિદ્યાભંડાર, જસ ગુણ કોઈ ન લબ્ભે પાર, વિદ્યાવંત ગુરૂ વિનવે એ ॥ ગૌતમસ્વામીનો રાસ ભણીજે, ચઉવ્વિહ સંઘ રલિયાયત કીજે, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો ॥ ૪૬ ॥

॥ શ્રી ગૌતમસ્વામીનો રાસ સંપૂર્ણ ॥

---

૧ કામધેનુ. ૨ પ્રણવ-અક્ષર ॐ ૩ હ્રીં. ૪ મહેનત.

# શ્રી શાંતિનાથસ્વામીનો છંદ.

શારદ માય નમું શિરનામી, હું ગુણ ગાઉં ત્રિભુવનકે સ્વામી ॥ શાંતિ શાંતિ જપે સબ કોઇ, તે ઘેર શાંતિ સદા સુખ હોઈ ॥ ૧ ॥ શાંતિ જપી જે કીજે કામ, સોહી કામ હોવે અભિરામ ॥ શાંતિ જપી પરદેશ સધાવે, તે કુશળે કમળા લેઇ આવે ॥ ૨ ॥ ગર્ભ થકી પ્રભુ મારી નિવારી, શાંતિજીન નામ દીયો હીતકારી ॥ જે નર શાંતિ તણા ગુણ ગાવે, ઋદ્ધિ અચિંતી તે નર પાવે ॥ ૩ ॥ જે નરકું પ્રભુ શાંતિ સહાઈ, તે નરકું કયા આરતી ભાઇ ॥ જો કછું વંછે સોહી પુરે. દુઃખ દારીદ્ર મીથ્યામતી ચૂરે ॥ ૪ ॥ અલખ નિરંજન જયોત પ્રકાશી, ઘટ ઘટ અંતર કે પ્રભુ વાસી ॥ સ્વામી સ્વરૂપ કહ્યું નવી જાય, કહેતાં મુજ મન અચરીજ થાય ॥ ૫ ॥ ડાર દીયે સબહી હથીયારા, જીત્યા મોહ તણા દળ સારા ॥ નારી તજી શીવશું. રંગ રાચે. રાજ તજયો પણ સાહીબ સાચે ॥ ૬ ॥ મહા બળવંત કહીજે દેવા, કાયર કુંથું એક હણેવા ॥ ઋદ્ધિ સયળ પ્રભુ પાસ લહીજે, ભીક્ષા આહારી નામ કહીજે ॥૭॥ નિંદક પૂજકકું સમ ભાયક, પણ સેવકહીકું સુખદાયક ॥ તજી પરિગ્રહ ભયે જગનાયક, નામ અતિથિ સવે સિદ્ધિ લાયક ॥ ૮ ॥ શત્રુ મિત્ર સમ ચીત્ત ગણીજે, નામ દેવ અરિહંત ભણીજે ॥ સયળ જીવ હિતવંત કહીજે, સેવક જાણી મહાપદ દીજે ॥ ૯ ॥ સાયર જેસા હોત ગંભીરા, દૂષણ એક ન માંહે શરીરા ॥ મેરૂ અચળ જિમ અંતરજામી, પણ ન રહે પ્રભુ એકણ ઠામી ॥ ૧૦ ॥ લોક કહે

જિનજી સબ દેખે, પણ સુપનાંતર કબહુ ન પેખે ॥ રીસ વિના બાવીશ પરીસા, સેના જીતી તે જગદીશા ॥ ૧૧ ॥ માન વિના જગ આણ મનાઇ, માયા વિના શિવ શું લય લાઈ ॥ લોભ વિના ગુણ રાશી ગ્રહિજે, ભિક્ષુ ભાવે ત્રિગડો સેવિજે ॥ ૧૨ ॥ નિર્ગ્રંથપણે શિર છત્ર ધરાવે; નામ યતિ પણ ચમર ઢળાવે ॥ અભયદાન દાતા સુખ કારણ, આગળ ચક્ર ચાલે અરિદારણ ॥ ૧૩ ॥ શ્રી જિનરાજ દયાળ ભણીજે, કર્મ સર્વકો મૂળ ખણીજે ॥ ચઉવહ સંઘહ તીરથ થાપે, લચ્છી ઘણી દેખે નવી આપે ॥ ૧૪ ॥ વિનયવંત ભગવંત કહાવે, નાંહિ કીસીકું શિશ નમાવે ॥ અકંચનકો બીરૂદ ધરાવે, પણ સોવન પદ પંકજ ઠાવે ॥ ૧૫ ॥ રાગ નહીં પણ સેવક તારે, દ્વેષ નહીં નિગુણા સંગ વારે ॥ તજી આરંભ નિજ આતમ ધ્યાવે, શિવરમણીકો સાથ ચલાવે ॥ ૧૬ ॥ તેરો મહિમા અદ્‌ભૂત કહીએ, તેરા ગુણકો પાર ન લહિએ ॥ તું પ્રભુ સમરથ સાહેબ મેરા, હું મન મોહન સેવક તેરા ॥ ૧૭ ॥ તુંરે ત્રિલોકતણો પ્રતિપાળ, હુંરે અનાથને તુંરે દયાળ ॥ તું શરણાગત રાખત ધીરા, તું પ્રભુ તારક છે વડ વીરા ॥ ૧૮ ॥ તુંહી સમો વડભાગજ પાયો, તો મેરે કાજ ચડયોરે સવાયો ॥ કરજોડી પ્રભુ વિનવું તમ શું, કરો કૃપા જીનવરજી અમશું ॥ ૧૯ ॥ જનમ મરણના ભય નિવારો, ભવસાગરથી પાર ઉતારો ॥ શ્રી હત્થીણાઉર મંડણ સોહે, ત્યાં શ્રી શાંતિ સદા મન મોહે ॥ ૨૦ ॥ પદ્મસાગર ગુરૂરાય પસાયા, શ્રી ગુણસાગર કહે મન ભાયા ॥ જે નરનારી એક ચિત્ત ગાવે, તે મનવાંછિત નિશ્ચે પાવે ॥ ૨૧ ॥ ઇતિ ॥

# શુદ્ધિપત્રિકા

| પાનું. | લાઈન. | અશુદ્ધ. | શુદ્ધ. |
| --- | --- | --- | --- |
| ૫૧ | ૮ | — | નહીં શબ્દ ભાગ પહેલા વાંચવો |
| ૫૨ | ૧૦ | ચલબાડા | થિરાવળી |
| ૫૪ | ૭ | ધર પર | પથ્થર |
| | ૮–૯ | આપણુા પાનગરમાં | પણ દગો મનમાં |
| | ૯ | ભલીઓ હો | ભરીઓ હો |
| ૫૭ | ૨૦ | નાનકડા પછી | બેઉ શબ્દ વાંચવો |
| ૫૯ | ૧ | ગામ પછી | મોઝાર શબ્દ વાંચવો |
| | ૯ | સાંભલો પછી | ભાવસું શબ્દ વાંચવો |
| | ૧૭ | પરદેશી પછી | આવે શબ્દ વાંચવો |
| ૬૦ | ૧૮ | પ્રણુત | નિત્ય |
| ૮૭ | ૧૩ | મુખ | પ્રમુખ |
| ૮૮ | ૯ | મણા | મણા શબ્દ વાંચવો નહીં |
| | ૧૩ | નર તિરિથી | નરતિર્યંચ |
| ૯૧ | ૨૦ | મોતી પછી | કસબી વાંચવું |
| ૯૯ | ૯ | ધમને બદલે | રમત વાંચવું |
| ૯૯ | ૧૧ | માતાને હોંકે | માતાને કહે |
| ૧૦૨ | ૧૫ | ભોગવી પછી | સુર સુખ વાંચવું |
| ૧૧૩ | ૨ | અકલ | અખંકલ |

સમાપ્ત.

# જાહેર ખબર

અમારે ત્યાં દરેક જાતનાં જેવાંકે પંચપ્રતિ-ક્રમણ સૂત્ર અર્થસહિત. તથા. પૂજાસંગ્રહ ભાગ સાતવાલી નવીજ આવૃત્તિ રાગ રાગણી સહિત તથા દેવવંદન માલા ગુજરાતી તથા જૈન વાર્ષીક પર્વો - જીવવિચારાદિ ચારે પ્રકરણો અર્થસહિત તથા પ્રાચીન સ્તવન સંગ્રહ. પુષ્પ પ્રકરણ માલા ભાષાંતર મોટી સંગ્રહણી અર્થસહિત તથા-દેવસીરાઇ અર્થસહિત. સામાયકસૂત્ર વિગેરે તમામ જાતનાજૈન ધર્મના પુસ્તકો મલશે.